MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૨૩-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 એસ્ટન અગરે હેટ્રિક સહિત પાંચ વિકેટ લીધી, ઓસ્ટ્રેલિયાએ ૬ વિકેટે ૧૯૬ રન કર્યા

5 ભારત કોરોનાગ્રસ્ત ચીનને મદદ કરવા તૈયાર પરંતુ વિમાનને મંજૂરી નહિ

7 યુએસમાં ગુજરાતીના સ્ટોરમાંથી ૧૪૪૪ કરોડનો જેકપોટ, કમિશન પેટે ૩૦ હજાર ડોલર મળ્યાં

10 નાંદોદના વેરીસાલપુરા ગામની પરણિત મહિલાને બેભાન કરી બળાત્કાર કરતા ચકચાર

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત

MARKET4U (OPC) PVT. LTD.

૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૫૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.

બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪

૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮

૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦

૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫

૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦

૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫

૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

સ્મીમેરમાં નિર્વસ્ત્ર મેડીકલ તપાસનો વિવાદ

મ્યુનિ. કમિશનરે નિયુક્ત કરેલી ત્રણ સભ્યોની સમિતિએ હોસ્પિટલમાં તપાસ શરૂ કરી

સમિતિને તપાસ માટે ૧૫ દિવસની મહેતલ આપવામાં આવતા વિરોધ

સુરત

સુરત મહાનગરપાલિકાના તાલીમાર્થી મહિલા કર્મચારીઓની ફિઝિકલ ટેસ્ટના નામે સ્મીમેર હોસ્પિટલમાં નિર્વસ્ત્ર કરી અણછાજતા અનેક સવાલો પૂછવામાં આવતા ભારે હોબાળો મચતા મનપા કમિશનર બંચ્છાનિધિ પાનીએ નિવૃત્ત ડીન ડૉ. કલ્પનાબેન દેસાઈના અધ્યક્ષ સ્થાને ત્રણ સભ્યોની કમિટીની રચના કરી દીધી હતી. આ કમિટીએ ૧૫ દિવસમાં રિપોર્ટ તૈયાર કરવા માટે તપાસનો પ્રારંભ કરી દીધો છે. આ તપાસ કમિટીની સભ્ય આસી. કમિશનર ગાયત્રીબેન જરીવાળાએ જણાવ્યું હતું કે, નિમાયેલી તપાસ કમિટીએ તપાસ શરૂ કરી દીધી છે.

મેડીકલ ફિટનેશના નામે મહિલા કર્મચારીઓની સાથે કરાયેલી અણછાજતી વર્તણૂંકને પગલે મનપાના કર્મચારી યુનિયનોમાં પણ ભારે આક્રોશ છવાઈ જવા પામ્યો છે. આ યુનિયનોએ આગામી દિવસોમાં કાર્યક્રમો આપવા માટેની રૂપરેખા તૈયાર કરી નાંખી છે. ખાસ કરીને આ ફિઝીકલ મેડિકલ ટેસ્ટમાં સ્મીમેર હોસ્પિટલના ગાયનેક વોર્ડમાં બનેલી ઘટનાને ધ્યાનમાં રાખીને મહિલા કર્મચારીઓની મેડિકલ તપાસ કરનારા ગાયનેક વિભાગના ડોક્ટરોના નિવેદનો પણ આ તપાસ કમિટી નોંધશે. તેમજ જે મહિલા કર્મચારીઓના મેડિકલ ટેસ્ટ થયા હોય તેવા તમામ મહિલા કર્મચારીઓને તપાસ કમિટી બોલાવી મેડિકલ ટેસ્ટ વખતે તેઓને પૂછવામાં આવેલા પ્રશ્નો સહિતની માહિતી જાણવાનો પ્રયાસ કરશે.

દરમિયાન કોંગ્રેસ પક્ષના કોર્પોરેટર અસલમ સાયકલવાળાએ જણાવ્યું હતું કે, આ બાબત ખૂબ જ ગંભીર છે. મનપા કમિશનરે તપાસ કમિટિ નીમીએ એ આવકારદાયક છે. પરંતુ ૧૫ દિવસનો સમય આપીને આ ઘટના ઉપર ઠંડુ પાણી રેડી દેવા માટેનું કૃત્ય વખોડવા પાત્ર છે. જેથી હું સોમવારે મનપા કમિશનરની ઓફિસ સામે પ્રદર્શન કરી તાત્કાલિક તપાસ કમિટી પાસે રિપોર્ટ માંગવાનો આગ્રહ રાખવામાં આવશે.

કર્મચારી મંડળે ફરિયાદ કરતા તપાસ સમિતિ રચવામાં આવી

તપાસ સમિતિ રચાતા કર્મચારી મંડળે આભાર વ્યક્ત કર્યો

સુરત મહાનગરપાલિકા કર્મચારી મંડળની તા.૨૦-૨-૨૦૨૦ના તરફથી કમિશનરને તાલીમાર્થી ક્લાર્ક મહિલા કર્મચારીઓની મેડીકલ ટેસ્ટની પ્રક્રિયા દરમ્યાન સ્મીમેરના ગાયનેક વિભાગ તરફથી મહિલા કર્મચારીઓની ગરીમા જળવાતી ન હોવાની જે લેખિત ફરિયાદ આપી હતી. તે ફરિયાદને તાત્કાલિક ધ્યાને લઈ આપે તપાસના જે આદેશ આપ્યા છે અને તપાસ સમિતિનું ગઠન કર્યું છે તે અંગે અમો સંતોષ અનુભવીએ છીએ અને ન્યાયિક તપાસ આપવા માટે આ તકે આપનો આભાર વ્યક્ત કરીએ છીએ. આ તકે માનનીય મેયર, ડે.મેયર તથા અધ્યક્ષ સ્થાયી સમિતિએ પણ મામલાની તપાસ મુદ્દે અંગત રસ લઈ સકારાત્મક પ્રતિભાવ આપેલ છે તે તથા અન્ય અધિકારીઓએ પણ આ ગંભીર મામલે ટેકો આપ્યો છે તે સર્વેનો કર્મચારી મંડળ આભાર વ્યક્ત કરે છે.

ત્રણ દિવસમાં તપાસ પૂર્ણ કરો : પાલિકા કર્મચારી કોંગ્રેસ દ્વારા આંદોલનની ચીમકી

ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અને હોદ્દેદારોનું જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતી તાલીમાર્થી મહિલા કારકુનો નોકરીમાં નિયમિત થવા માટે સ્મીમેર હોસ્પિટલ ફીટનેશ કરાવવા આવેલ તેઓને ગાયનેક વિભાગના અધિકારીએ એક રૂમમાં સામૂહિક ઉભા રાખી કપડાં ઉતારી લાંબો સમય ઉભા રાખી વિકૃત કહી શકાય તેવું કૃત્ય કરી શિક્ષિત મહિલાઓને અપમાનીત કરેલ છે. તબીબી અધિકારીનું આ પગલું ઘણું નિમ્ન કક્ષાનું અને સહન ના થાય તેવું છે. આ બાબતે અમો સખત વાંધો લઈએ છીએ. અને આવા તબીબી અધિકારી સામે ખાતા દ્વારા ત્રણ દિવસમાં તપાસ પુરી કરી જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માંગણી કરીએ છીએ. જો તબીબી અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં નહીં આવે તો મહિલા કર્મચારીઓના સન્માન માટે અમારે ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.



સંયમના પંથે પ્રયાણ કરવા પૂર્વે આજે મુમુક્ષુ કુ.સ્તુતિનો ભવ્યમુક્તિ તિલક મહોત્સવ પૂ.આ.ભ. શ્રી દોલત સાગર સુરીશ્વરજી મહારાજની નિશ્રામાં યોજાયો હતો અને અડાજણ સ્થિત ગુરુરામ પાવન ભૂમિમાં ગુરુ ભગવંતોનું શાહી સામૈયું નીકળ્યું હતું.

દુકાનમાં તોડફોડ કરી ધમકી આપનાર ૩ યુવાનો પૈકી બેની ધરપકડ

સુરત

લિંબાયત શાંતિનગર પાસે પોતાના ઘરના જ આગળના ભાગે કરિયાણાની દુકાન ધરાવતા રાજસ્થાની યુવાને ઉધારમાં સામાન આપવા ઇંકાર કરતા ત્રણ યુવાનોએ ઝઘડો કરી ગાળો આપી દુકાનનો કાચ તોડી નાખ્યો હતો અને જતાં જતાં ધમકી આપી હતી કે જો તું પોલીસ કેસ કરીશ તો જાનથી મારી નાખીશું. પોલીસે આ બનાવમાં મોડીરાત્રે ત્રણ યુવાનો પૈકી બેની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મૂળ રાજસ્થાનનો વતની અને સુરતમાં લિંબાયત શાંતિનગર પાસે ઘર નં.૩૧ માં રહેતો ૨૭ વર્ષીય સુખારામ પુનારામ રાઠોડ ઘરના આગળના ભાગે જ અંબિકા કિરાણા સ્ટોર્સના નામે દુકાન ધરાવે છે. ગત ગુરૂવારે સાંજે ચાર વાગ્યાના અરસામાં તે દુકાને હાજર હતો ત્યારે સ્થાનિક યુવાન કરણ અને અન્ય બે યુવાન તેની દુકાને આવ્યા હતા અને ઉધારમાં સામાન માંગ્યો હતો.

સુખારામે ઉધારમાં સામાન આપવા ઇંકાર કરતા ત્રણેયે ઝઘડો કરી ગાળો આપતા સુખારામે ગાળો આપવાની ના પાડી હતી. આથી ત્રણેય ઉશ્કેરાઈ ગયા હતા અને દુકાનના કાઉન્ટરના કાચને લાતો મારી તોડી નાખ્યો હતો. અવાજ સાંભળી સુખારામની પત્ની અને સાળો રાજુ દોડી આવતા ત્રણેયે જતાંજતાં સુખારામને ધમકી આપી હતી કે જો તું પોલીસ કેસ કરશે તો જાનથી મારી નાખીશું. સુખારામે ગભરાયા વિના પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરતા પોલીસ ત્યાં દોડી ગઈ હતી અને બાદમાં સુખારામની ફરિયાદના આધારે કરણ અને બે અજાણ્યાઓ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી. પોલીસ વધુ તપાસ કરી રહી છે.

હજીરાના તળાવ મહોલ્લામાં

બુટલેગરે જમીનમાં દાટેલી ૨૧૧૨ દારૂની બોટલો પોલીસે શોધી કાઢી

પાંડેસરા પોલીસે દારૂ ભરેલી કાર ઝડપી પાડી

સુરત

પાંડેસરા-હજીરા પોલીસે દરોડા પાડી રૂપિયા ૩ લાખથી વધુની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. હજીરા પોલીસે જમીનમાં દાટેલી દારૂની ૨૧૧૨ બોટલો કબજે કરી હતી.

પાંડેસરા પોલીસે મળેલી બાતમીના આધારે બમરોલી રોડ કૈલાશનગર ખાડી પાસેથી કાર નંબર જીજે-૫-સીજી-૩૮૮૭ જપ્ત કરી રૂપિયા ૫૩૩૬૦ની કિંમતની ૧૮૫ નંગ દારૂની બોટલ કબજે કરી હતી. પોલીસ જોઈ જતાં કાર ચાલક કાર મુકીને નાસી ગયો હતો.

જ્યારે હજીરા પોલીસને હજીરા ગામ તળાવ મહોલ્લામાં ઘરની પાછળ ખાડો ખોદી દારૂની બોટલો છુપાવી હોવાની બાતમી મળતા પોલીસે દરોડા પાડી જમીનમાં દાટેલી ૨૧૧૨ બોટલ કિંમત રૂા.૨૪૮૧૫૦કબજે કરી સુમિત્રાબેન ધનસુખ પટેલની ધરપકડ કરી ધર્મેશ ઉર્ફે સકો ધનસુખ, અશ્વિન કાંતિ પટેલને વોન્ટેડ જાહેર કર્યો હતો.

લક્ઝરી બસે અડફેટમાં લેતા રાહદારી ગંભીર

સુરત

વરાછા ગીતાંજલી ચાર રસ્તા પાસે આર.કે. ટ્રાવેલ્સની લક્ઝરી બસે રાહદારી રવિન્દ્ર પ્રાણકૃષ્ણ બારીશને અડફેટમાં લેતા ગંભીર ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત રવિન્દ્રના ભાઈ બિનોદ વિષ્ણુ બારીશે લક્ઝરી બસ નં.જીજે-૦૪-એડબ્લ્યુ-૯૪૯૪ના ચાલક વિરૂદ્ધ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી હતી.

ઉધનામાં યુવાનના મોબાઈલ ફોનની લૂંટ

સુરત

ઉધના સેન્ટ્રલ રોડ બીઓબી પાસેથી પસાર થઈ રહેલા એક નોકરીયાત યુવક ના હાથમાંથી મોબાઈલ ફોન છીનવી મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઉધના પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડીંડોલી મહાદેવનગર ખાતે આવેલ દેવદર્શન એપાર્ટમેન્ટમાં રહેતાં રાહુલ અનિલભાઈ બાગલે ગતરોજ ઉધના સેન્ટ્રલ બીઓબી પાસેથી પસાર થતા હતા. ત્યારે લાલ કલરની એક્ટીવા મોટર સાઈકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ મોબાઈલ ફોન છીનવી ફરાર થઈ ગયા હતા. ૨૪ વર્ષના યુવકે ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સોમવારે કલ્યાણી શાળા અતુલનો વાર્ષિક ઉત્સવ

વલસાડ

વલસાડના શ્રી અતુલ કેળવણી મંડળ સંચાલિત કલ્યાનણ શાળા અતુલનો વાર્ષિકોત્સપવ તા. ૨૪/૨/૨૦૨૦ના રોજ સાંજે ૭-૦૦ કલાકે ઓપનએર થિયેટર-અતુલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં શાળાના તેજસ્વીવ તારલાઓ જનરલ સર્જન ડૉ.હિતેશ ટી.પટેલ તેમજ ઓર્થો. ડૉ. શિલ્પાડ એચ પટેલ ઉપસ્થિ ત રહેશે. વિદ્યાર્થીઓના કૌશલ્યઓને બિરદાવવાના આ કાર્યક્રમમાં સંબંધિતોને ઉપસ્થિ ત રહેવા શાળા પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યુંત છે.

ડીપી પર ચડેલા યુવકને કરંટ લાગતા લાગતાં મોત નીપજ્યું

નવસારી

વાંસદા તાલુકાના કુરેલીયા ગામે આશ્રમ ફળિયા વિસ્તારમાં હોસ્ટલની બાજુમાં વીજ કંપનીની લગરીયા ડીપી પર એક યુવાન અગમ્ય કારણસર ઉપર ચઢી જતા કરંટ લાગતા ડીપી ઉપર ચોંટી જતા સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. આ વાતની ખબર પડતાં ઘટનાસ્થળે લોકટોળા ભેગા થયા હતા.

વાંસદા પોલીસથી મળતી માહિતી મુજબ કુરેલીયા ગામના આશ્રમ ફળિયામાં હોસ્ટલની બાજુમાં વીજ કંપનીની લગરીયા ડીપી ઉપર ગામનો યુવાન પકેશભાઈ ઉર્ફે પંકજભાઈ રમણભાઈ બિરારી (ઉ.વ. ૨૯, રહે. કુરેલીયા આશ્રમ ફળિયા)એ કોઈ કારણસર વીજ કંપનીની લગરીયા ડીપી ઉપર ચઢતા તેને અકસ્માતે વીજ કરંટ લાગ્યો હતો. જેથી ડીપી ઉપર ચોંટી જતા ઘટનાસ્થળે જ તેનું મોત નીપજ્યું હતું ગામલોકોના ટોળા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઘટનાને પગલે વીજ કંપનીનો સ્ટાફ પણ ઘટનાસ્થળે આવી જરૂરી કાર્યવાહી શરૂ કરી હતી. એ દરમિયાન વાંસદા પોલીસને જાણ કરતા પોલીસે આવીને લાશનો કબજો મેળવીને રમણભાઈ લાલજીભાઈ બિરારીની ફરિયાદ લઈ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ કુરેલીયા આશ્રમ ફળિયા હોસ્ટલની બાજુમાં આ યુવાન લગરીયા ડી.પી.ઉપર લંગરિયા (ડ્યું) નાંખવા ચઢવા જતા જંપરમાંથી વીજ કરંટ લાગતા ડીપી સાથે ચોંટી જતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

આજે વેડરોડ પર શ્રી દત્ત મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ

અખંડ હરિનામ સંકીર્તન સાથે વિવિધ કાર્યક્રમ યોજાશે

સુરત

શહેરના અમૃતનાથ સત્સંગ મંડળ દ્વારા વેડરોડ પર શ્રી ક્ષેત્ર દત્ત મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું રવિવારે આયોજન કરાયું છે. આ પ્રસંગે શ્રી પદ્મનાભ સ્વામી શિષ્ય સંપ્રદાય અમૃતનાથ સત્સંગ મંડળ દ્વારા અખંડ હરિનામ સંકીર્તન સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

શહેરના અમૃતનાથ સત્સંગ મંડળ દ્વારા વેડરોડ પર શ્રી દત્ત ભગવાનના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું છે. મંડળના અધ્યક્ષ રત્નાકર મોરેએ જણાવ્યું હતું કે શ્રી ક્ષેત્ર દત્ત ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ત્રણ દિવસનો રહેશે. ૨૫ ફેબ્રુઆરી રવિવારે આયોજિત મહોત્સવમાં રવિવારે પાલખીયાત્રા સાથે મહોત્સવનો પ્રારંભ થશે. પાલખીયાત્રા અક્ષરવાડીના દત્ત મંદિરથી નીકળી અખંડ આનંદ કોલેજ થઈને વિવિધ વિસ્તારોમાં ફરી પરત આવશે. બપોરે ૧ કલાકે મંદિરના ઉદ્ઘાટન મહોત્સવનો જનાર્દન સ્વામી સંસ્થાના એકનાથ વાડેકર મહારાજના હસ્તે પ્રારંભ થશે. બપોરે ૧.૩૦ કલાકથી મહાપ્રસાદી અપાશે. સાંજે ૪ થી ૫ ભગવાનને અભિષેક કરાશે. રાતે કિરણકુંભારમહારાજનું કિર્તન અને હરિજાગરણ સવારે ૪ કલાક સુધી ચાલશે. ૨૪મીએ સવારે ગણેશપૂજા, વાસ્તુપૂજા અને માતૃકા સ્તાપન સાથે મુખ્ય મહોત્સવનો પ્રારંભ કરાશે. બપોરે ૧ થી ૩ મહાપ્રસાદી અપાશે. સાંજે ૬ કલાકે સત્કાર સમારોહ અને સાંજે ૭ કલાકે આરતી રાત્રે ૮ કલાકે મહાપ્રસાદી અને કીર્તન સાથે જાગરણ કરાશે. ૨૫મીએ સવારે ૪ કલાકે કાકડ આરતી, ધ્વજારોહણ અને વિષ્ણુપૂજા સાથે પ્રારંભ થશે.

મોહન મૂળગામની શાળાનો વાર્ષિકોત્સવ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના મોહના-મૂળગામ ખાતેની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ખાતે વાર્ષિકોત્સાવ યોજાયો હતો. આ વાર્ષિકોત્સાવમાં શાળાના બાળકોએ અનેકવિધ સાંસ્કૃનતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ અવસરે પ્રગતિ મહિલા મંડળ-બીલપુડી દ્વારા તાલીમ તજજ્ઞો દ્વારા બાલિકાઓને પ્રત્યાક્ષ નિદર્શન થકી મુશ્કેલીના સમયે કેવી રીતે પોતાનો બચાવ કરી શકાય તેની જાણકારી આપવામાં આવી હતી. આ તાલીમ દરમિયાન જિલ્લા કો-ઓર્ડિનેટર ચૈતાલીબેન, ગોકુળભાઈ, સીઆરસી કિશોરભાઈ, સરપંચ રમેશભાઈ રાઉત, પ્રગતિ મહિલા મંડળના પ્રમુખ વનિતાબેન તેમજ શાળા આચાર્ય ઉપસ્થિાત રહયા હતા.

પુણા રોડ પર બાઈક સવાર પર બે અજાણ્યાનો ચપ્પુ વડે હુમલો

સુરત

પુણાગામ પટેલ સમાજની વાડી પાસે બંપ આવી જતા મોટર સાઈકલ ધીમે પડી જતા રસ્તામાં બે અજાણ્યા ઈસમોએ ચાકુ વડે જોબવર્ક કરતા બાઈક ચાલક પર હુમલો કરી જાંઘના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ચોક પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ વતન અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના નાના કણકોટ ખાતેના વતની અને હાલમાં પુણાગામ કારગીલ ચોક ખાતે રહેતા શિવાભાઈ હરદાસભાઈ પોલરા જોબવર્ક કરે છે. ગતરોજ તેઓ પોતાની બાઈક પર બેસી પુણાગામ પટેલ સમાજની વાડી પાસેથી પસાર થતા હતા. ત્યારે અચાનક બંપ આવી જતા બાઈક ધીમે પાડવામાં આવતા રસ્તામાં બે અજાણ્યા ઈસમોએ તેમની પર ચાકુ વડે હુમલો કરી ફરાર થઈ ગયા હતા. ચોક પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૨૩-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

વડાપ્રધાન આંતરરાષ્ટ્રીય ન્યાયિક સંમેલનમાં ઉપસ્થિત રહ્યા

ડેટા પ્રોટેક્શન અને સાઈબર ક્રાઈમ દેશ માટે પડકાર: મોદી

ટેક્નોલોજી કોર્ટના કામમાં સ્પીડ લાવશે, આજના સમયમાં બિન પ્રાસંગિક બનેલા ૧૫૦૦ કાયદા રદ કર્યા, ગાંધીજી કહેતા હતા કે, કેસ મળે કે નહીં, કમિશન નહીં આપું

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે આંતરરાષ્ટ્રીય ન્યાયિક સંમેલન (આઈજેસી)માં સામેલ થયા હતા. મોદીએ કહ્યું કે, દેશ મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતી મનાવી રહ્યો છે. જ્યારે તેમણે તેમના જીવનનો પહેલો કેસ લડ્યો ત્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે, તેમને આ માટે કમિશન આપવું પડશે. ત્યારે તેમણે કહ્યું હતું કે, કેસ મળે કે ન મળે, હું કમિશન નહીં આપું. ભારતીય સમાજમાં રુલ ઓફ લૉ સામાજિક સંસ્કાર છે. ગાંધીજીને આ સંસ્કાર પરિવારમાંથી મળ્યા છે.

મોદીએ એવું પણ કહ્યું છે કે, દરેક ભારતીયને ન્યાયિક વ્યવસ્થા પર વિશ્વાસ છે. થોડા દિવસ પહેલાં ઘણાં મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. તે વિશે ઘણી શંકાઓ જાહેર કરવામાં આવી છે. પરંતુ ૧૩૦ કરોડ દેશવાસીઓએ તેને સહર્ષ સ્વીકારી લીધા છે. આ જ અમારી ન્યાય પ્રણાલીની તાકાત છીએ.



સુપ્રીમ કોર્ટ પરિસરમાં થઈ રહેલા સંમેલનમાં ૨૦ દેશોના જજ સામેલ થઈ રહ્યા છે.

મોદીના જણાવ્યા પ્રમાણે, થોડા દિવસ પહેલાં જ આપણા બંધારણને ૭૦ વર્ષ પૂરા થયા છે. તેની સ્ક્રિપ્ટને સુપ્રીમ કોર્ટે જીવતી રાખી છે. ઘણી વાર કાર્યપાલિકા અને ન્યાયપાલિકાથી સમસ્યાઓનો યોગ્ય રસ્તો શોધ્યો છે. દેશમાં જૂના ૧૫૦૦ એવા કાયદા ખતમ કરવામાં આવ્યા છે જેની હવે પ્રાંસગિકતા ખતમ થઈ ગઈ છે. સમાજને મજબૂતી આપતા ત્રણ તલાક જેવા નવા કાયદા પણ એટલી જ ઝપપથી બનાવવામાં આવ્યા છે.

વડાપ્રધાને કહ્યું, આપણું બંધારણ સમાનતાના અધિકાર અંતર્ગત લૈંગિક સમાનતાને મજબૂતી આપે છે. પહેલીવાર 'બેટી બચાઓ, બેટી પઢાઓ' અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓમાં દીકરીઓની સંખ્યા દીકરાઓ કરતા વધારે થઈ ગઈ છે. સેનામાં પણ છોકરીઓને સમાનતા આપવામાં આવી રહી છે. પરિવર્તનના સમયમાં અમે નવી વ્યાખ્યાઓ બનાવી રહ્યા છીએ. અમે તે માન્યતાને બદલી છે કે, ઝડપથી વિકાસ ન થઈ શકે. ૫ વર્ષ પહેલાં ભારત વિશ્વની ૧૧મી મોટી અર્થવ્યવસ્થા હતી, હવે

અનુ. પાના નં. ૫ પર

વડાપ્રધાન મોદી તમામ તૈયારીઓની સમીક્ષા કરશે

'વેલકમ ટુ અમદાવાદ': આજે મોદી, કાલે ટ્રમ્પની પધરામણી

વડાપ્રધાન પ્રોટોકોલ તોડીને પોતાના મિત્રને આવકારવા છેક વિમાન પાસે જશે, ટ્રમ્પ સોમવારે ૧૨ વાગ્યે અમદાવાદ પહોંચશે ત્યાંથી હાઈ-પ્રોફાઈલ રોડ શો યોજાશે, સમગ્ર રૂટ પોલીસના કબ્જામાં, સઘન સુરક્ષા ચેકિંગ



ટ્રમ્પને આમંત્રણ આપનાર સમિતિના ચેરપર્સન બિજલ પટેલ પણ મોદીની સાથે જોડાય તેવી શક્યતા

પાસ-ખેડૂત સંગઠન, જીએસટીના વિરોધી પરિબળો અને કોંગ્રેસ દ્વારા કાંકરીચાળો થવાનો ભય જોતું પ્રશાસન તંત્ર

અમદાવાદ

દુનિયાના સૌથી તાકતવર દેશ અમેરિકાના સુપરપાવર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ૨૪ ફેબ્રુઆરીની અમદાવાદ-ગુજરાત મુલાકાત આડે ગણતરીના કલાકો બાકી રહ્યાં છે ત્યારે મોંઘેરા મહેમાનને આવકારવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૨૩મીની સાંજે અમદાવાદ પહોંચે તેમ છે. તેઓ ૨૩મીએ અમદાવાદ આવીને ટ્રમ્પની મુલાકાતના સંદર્ભમાં ઉચ્ચ સ્તરિય બેઠક યોજીને તેમાં સુરક્ષા સંબંધિત તમામ જાણકારી મેળવીને મોટેરા સ્ટેડિયમમાં ટ્રમ્પ સાથે રોલિંગ મંચ પરના સંબોધન સહિત આખા કાર્યક્રમની માહિતી મેળવીને જ્યાં યોગ્ય લાગશે ત્યાં માર્ગદર્શન પણ આપે તેમ છે. સુરક્ષા સંબંધિત આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહે તેવી શક્યતા છે. બેઠકમાં ૨૪મીએ ટ્રમ્પના આગમન સમયે અમદાવાદ એરપોર્ટ પર સ્વાગત માટેના નામો અને જેના પર ટ્રમ્પ બધો આધાર રાખી રહ્યાં છે તે ૧૧ કિ.મી. કરતાં લાંબા રોડ શો-સાસ્કૃતિક કાર્યક્રમોની વિગતો પણ મેળવીને સમીક્ષા હાથ ધરશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ પોતાના પરિવાર અને ઉચ્ચ અધિકારીઓ સાથે ૨૪મીએ એરફોર્સ વિમાન-૧માં અમેરિકાથી વાયા જર્મની થઈને સીધા અમદાવાદ પહોંચશે. જ્યાં વડાપ્રધાન પ્રોટોકોલ તોડીને તેમનું સ્વાગત કરવા પોતે એરપોર્ટ પર જશે.

અનુ. પાના નં. ૫ પર

અમેરિકાના એક વરિષ્ઠ અધિકારીએ કર્યો ઈશારો

મોદી સાથેની બેઠકમાં ટ્રમ્પ વિવાદિત સીએએ-એનઆરસીનો મુદ્દો ઉઠાવશે

ધાર્મિક સ્વતંત્રતાનો સંવેદનશીલ મુદ્દો પણ બે મહાનુભાવો વચ્ચે ચર્ચાશે

વૉશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ ફેબ્રુઆરીના રોજ બે દિવસ માટે ભારત પ્રવાસ પર આવવાના છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત દરમિયાન ધાર્મિક સ્વતંત્રતાનો મુદ્દા પર ચર્ચા કરશે. વ્હાઈટ હાઉસે આ અંગેની જાણકારી આપતા કહ્યું કે અમેરિકા, ભારતની લોકતાંત્રિક પરંપરાઓ અને સંસ્થાનોનું ખૂબ જ સમ્માન કરે છે.

એક વરિષ્ઠ અધિકારીએ કોન્ફરન્સ કોલમાં પત્રકારોને

અનુ. પાના નં. ૫ પર

ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદી તાજમહેલ જોવા આગ્રા નહીં જાય

ન્યુ દિલ્હી

વિદેશ મંત્રાલયના સૂત્રોએ દાવો કર્યો હતો કે વડાપ્રધાન મોદી અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની પત્ની મલેનિયા ટ્રમ્પ સાથે તાજમહેલ જોવા નહી જાય. જોકે, વિદેશ મંત્રાલયના સૂત્રોએ કહ્યું કે વડાપ્રધાન મોદી અમદાવાદમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે કાર્યક્રમમાં હાજર રહેશે. નોધનીય છે કે અમેરિકન વહીવટીતંત્ર તરફથી એવા રિપોર્ટ આવ્યા હતા કે વડાપ્રધાન મોદી રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમની પત્ની સાથે તાજમહેલ જોવા જશે.

અમદાવાદમાં ટ્રમ્પ યાત્રા માટે કોણ ખર્ચશે ૧૦૦ કરોડ?: પ્રિયંકા ગાંધીનો સવાલ

ન્યુ દિલ્હી

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના અમદાવાદ પ્રવાસમાં જ ૧૦૦ કરોડ રુપિયાનો ખર્ચ થવાનો છે. હવે કોંગ્રેસે તેના પર સવાલ ઉઠાવ્યા છે.કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ સવાલ કર્યો છે કે, આ પૈસા એક સમિતિ દ્વારા ખર્ચવામાં આવનાર છે તેવુ કહેવાયુ છે ત્યાર દેશને જાણવાનો હક છે કે, આ સમિતિને સરકારે કેટલા પૈસા આપ્યા છે.સમિતિના સભ્યોને જ ખબર નથી કે તેઓ આ સમિતિમાં છે...શું દેશના લોકોને જાણવાનો હક નથી કે કયા મંત્રાલયે સમિતિને કેટલા પૈસા આપ્યા છે...સરકાર શું છુપાવવા માંગે છે...

આ પહેલા કોંગ્રેસે શુક્રવારે ડોનાલ્ડ ટ્રમ્પની ભારત યાત્રાનુ સ્વાગત કર્યુ હતુ પણ સાથે સાથે કહ્યુ હતુ કે, આ કાર્યક્રમ ડોનાલ્ડ ટ્રમ્પના ચૂંટણી પ્રચાર અભિયાનમાં ના ફેરવાય તેનુ સરકાર ધ્યાન રાખે.આ યાત્રાનુ પરિણામ દેશના હિતમાં હોવુ જોઈએ.

કોંગ્રેસે કહ્યુ હતુ કે, દેશનુ સ્વાભિમાન અને દેશનુ હિત આ યાત્રા દરમિયાન જળવાવુ જોઈએ. કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે કે, અમદાવાદની યાત્રા કોણ મેનેજ કરી રહ્યુ છે.વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં

અનુ. પાના નં. ૫ પર

શ્રીલંકામાં બુર્કા પર પ્રતિબંધ લગાવવા સંસદીય સમિતિનો પ્રસ્તાવ

ગત એપ્રિલમાં થયેલા આતંકી હુમલાનો હવાલો આપીને પ્રસ્તાવ રાખ્યો

કોલંબો

શ્રીલંકાની એક સંસદીય સમિતિએ બુર્ખા પર તત્કાલ પ્રતિબંધનો પ્રસ્તાવ રાખ્યો છે. આ સમિતિએ જાતિય અને ધાર્મિક આધાર પર બનેલા રાજકિય પક્ષોના રજિસ્ટ્રેશનને પણ કેન્સલ કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે. શ્રીલંકાની રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત સમિતિએ ગત વર્ષ ૨૧ એપ્રીલના રોજ ઈસ્ટરના દિવસે થયેલા આતંકવાદી હુમલાનો હવાલો આપીને આ પ્રસ્તાવ રાખ્યો છે.

મીડિયા રિપોર્ટ અનુસાર સમિતિનું કહેવું છે કે પોલીસ પાસે તે અધિકાર હોવો જોઈએ કે તે જાહેર સ્થળો પર કોઈ વ્યક્તિને ઓળખવા માટે તેને ચહેરો દેખાડવા માટે કહી શકે અને જો વ્યક્તિ પોલીસના અનુરોધ પર અમલ કરે નહી તો તેની વોરંટ વગર ધરપકડ કરવી જોઈએ. સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવમાં ઈસ્ટર હુમલા બાદ ૧૪ વિવાદાસ્પદ મુદ્દાને ઉકેલવાની વાત કરવામાં આવી છે. આ સિવાય પ્રસ્તાવમાં જાતિ અને ધર્મના આધાર પર રાજનીતિક પક્ષોના રજિસ્ટ્રેશનને રદ કરવા માટે એક કાયદો બનાવવાની પણ ભલામણ કરવામાં આવી છે. સાથે જ કહેવામાં આવ્યું છે કે, મદરેસામાં ભણનારા તમામ વિદ્યાર્થીઓ ત્રણ વર્ષની અંદર શિક્ષણ મંત્રાલય હેઠળ સામાન્ય સ્કૂલીંગ સિસ્ટમમાં મોકલવા જોઈએ.

જમ્મુ-કાશ્મીરના બિજબેહરામાં એકાઉન્ટર: લશ્કરના બે આતંકી ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીર સ્થિત બિજબેહરામાં શુક્રવારે અને શનિવારે રાત દરમિયાન સુરક્ષાબળો અને આતંકીઓ વચ્ચે થયેલી અથડામણમાં બે આતંકીઓ ઠાર મરાયા છે. કહેવામાં આવી રહ્યું છે કે ઠાર મરાયેલા બંને આતંકીઓ લશ્કર-એ-તોઈબાના છે.

શુક્રવારે રાત્રે બિજબેહરા સ્થિત સંગમમાં સુરક્ષાબળો અને આતંકીઓ વચ્ચે ગોળીબાર શરૂ થયો હતો. કાશ્મીર ઝોન પોલીસે ટ્વિટ કરીને જણાવ્યું કે, પોલીસ, સીઆરપીએફ અને સેના દ્વારા ચલાવવામાં આવેલા ઑપરેશનમાં લશ્કર-એ-તોઈબાના બે આતંકીઓ ઠાર મરાયા છે. તેમની પાસેથી હથિયાર અને દારૂગોળો મળી આવ્યો છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે શુક્રવારે જમ્મુ-કાશ્મીરના બડગામ જિલ્લામાંથી જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.પોલીસે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, બાતમીના આધારે પોલીસે જિલ્લાના ખાન સાહિબ ખાતે ચેક પોસ્ટ ઉભી કરી હતી. આ દરમિયાન ત્યાંથી નીકળતા વાહનોની તલાશી લેવામાં આવી હતી. તલાશી દરમિયાન વાગેર ગામના સાકિબ અહમદ લોનની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી પ્રતિબંધિત પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસ રેકોર્ડ પ્રમાણે લોન ખાન સાહિત વિસ્તારમાં

અનુ. પાના નં. ૫ પર

ફડણવીસ ફરી એકવાર મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન બનશે: ભૈયાજી જોશીનો દાવો

ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહસરસંઘચાલક ભૈયાજી જોશીના એક નિવેદનથી મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એક વખત ગરમાવો આવ્યો છે. ભૈયાજી જોશીએ દાવો કર્યો છે કે દેવેન્દ્ર ફડણવીસ ફરી એક વખત મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન બનશે. તેમણે દાવો કર્યો કે ફડણવીસના નામ આગળ લાગેલો વિપક્ષના નેતાનો ટેગ હવે વધુ દિવસો સુધી નહીં રહે. ભૈય્યાજી જોશીનું આ નિવેદન સીએમ

અનુ. પાના નં. ૫ પર

પાકિસ્તાન આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરે: અમેરિકા

ટ્રમ્પના ભારત પ્રવાસ પહેલાં અમેરિકાની પાક.ને ચેતવણી

વૉશિંગ્ટન

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત પ્રવાસ અગાઉ અમેરિકાએ મોટું નિવેદન આપ્યું છે. અમેરિકાએ પાકિસ્તાનને ચેતવણીના સૂરમાં કહ્યું છે કે પાકિસ્તાન આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરે. તે ભારત સાથે વાત કરવા માંગે છે પરંતુ તે પહેલા તેણે આતંકવાદ ઉપર કાર્યવાહી કરવી પડશે. પાકિસ્તાન પોતાના તમામ મુદ્દા પરસ્પર વાતચીતથી જ ઉકેલે.

વ્હાઈટ હાઉસના એક વરિષ્ઠ અધિકારીએ ભારત-પાકિસ્તાન વચ્ચે વાર્તાની મધ્યસ્થતાના સવાલ પર કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈચ્છે છે કે બંને દેશો વચ્ચે તણાવ ઓછો થાય. બંને દેશોએ શાંતિપૂર્ણ રીતે પરસ્પર વાતચીત કરીને મામલાના ઉકેલ લાવવા જોઈએ.

અધિકારીએ જણાવ્યું કે અમારું માનવું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ પણ મંત્રણા ત્યારે જ સફળ

અનુ. પાના નં. ૫ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી સ્થાનેથી...

વિશ્વાસ ન તુટે તે જરૂરી

કહેવાય છે કે બદી બદનામ ખરાબ છે. દેશમાં પોલીસની હાલત પણ એવી જ બની ગઇ છે. બદમાશો અને અસામાજિક તવો પર પોલીસની દહેશત તો પહેલાથી જ ખતમ દેખાઇ રહી હતી પરંતુ હવે તો જનતાનો વિશ્વાસ પણ પોલીસમાં ઉઠી રહ્યો છે જે ખતરનાક અને ચિંતાજનક બાબત છે. સ્ટેટસ ઓફ પુલિસિંગ ઇન ઇન્ડિયાના સર્વે રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેશના મુખ્ય રાજ્યો દિલ્હી, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તિસગઢ તેમજ પંજાબમાં લોકોનો વિશ્વાસ પોલીસ પરથી ઉઠી રહ્યો છે. ૨૨ રાજ્યોને આવરી લઇને કરવામાં આવેલા સર્વેમાં રાજસ્થાન સૌથી ખરાબ હાલતમાં અને સૌથી પાછળ છે. રાજસ્થાનનો ટ્રેક રેકોર્ડ ચિંતાજનક છે. સૌથી મોટી બાબત ઇન્સ્પેક્ટર અને પોલીસ અધિકારીઓ જેવા ટોપ ક્લાસ અધિકારીઓના વર્તની લોકો પરેશાન થયેલા છે. હવે વરિષ્ઠ અધિકારીઓના કામકાજથી પણ લોકો પરેશાન દેખાઇ રહ્યા છે. મલતબ સાફ છે કે પોલીસનો વિશ્વાસ તુટી રહ્યો છે. કેમ ? ક્યા કરણ હોઇ શકે છે તેને લઇને ભારે ચર્ચા છે. અભ્યાસ કરવામાં આવે તો ત્રણ કારણો મુખ્ય રીતે સપાટી પર આવે છે. ભારતીય દંડ સંહિત (આઇપીસી) પણ ૧૦૦ વર્ષ કરતા પણ જુની છે. સમયની સાથે આમાં ફેરફાર કરવામાં આવ્યા નથી તે બાબત પણ એક મોટા કારણ તરીકે છે. કોઇ પણ રાજ્ય હોય પોલીસ પર ભ્રષ્ટાચારના મામલા સૌથી વધારે જોવા મળે છે. ઘટના બની ગયા બાદ મોડેથી પહોંચવાની બાબત, પિડિતોને કાયદાકીય મામલે ભયભીત કરવાની બાબત અને તમામ ગેરકાયદે પ્રયોગો કરવાની બાબત ખુબ સામાન્ય રીતે જોવા મળે છે. લાંચ રૂશ્વતની માંગ કરવાની બાબત પણ પોલીસમાં સામાન્ય રીતે જોવા મળે છે. જેના કારણે સામાન્ય લોકો પોલીસ પાસે જતા ભય અનુભવ કરે છે. સામાન્ય લોકોને હમેંશા ભય રહે છે કે પોલીસ ફસાવી દેશે. આખરે પ્રજામાં વિશ્વાસ જગાવવાની બાબત ખુબ ઉપયોગી બની ગઇ છે. પોલીસના વર્તનના કારણે જ સામાન્ય લોકો કોઇ પિડિતની મદદ કરવા માટે આગળ આવતા નથી. ચિંતાની બાબત તો એ છે કે પોલીસ પરથી જો વિશ્વાસ ઉઠી જશે તો શુ થશે. આના કારણે સામાજિક સમરસતા ફેલાઇ જશે. અરાજકતા ફેલાઇ જશે. કાનુન પર ધન અને બાહુબળ પ્રભાવ જમાવી લેશે. આ તમામ બાબતોની ગંભીર નોંધ લેવામાં આવે તે જરૂરી છે. ભ્રષ્ટાચાર, રાજકીય દબાણ અને અન્ય કેટલાક કારણોસર પોલીસ પર પણ દબાણ રહે છે. સ્થિતી હજુ કાબુ બહાર થઇ નથી. સામાન્ય લોકોમાં સુરક્ષાના ભાવ રહે તે જરૂરી છે. આ દિશામાં પોલીસ તંત્રને સતત કામ કરવાની જરૂર છે. લોકોની વચ્ચે રહેવાની જરૂર છે. પોલીસ દ્વારા સામાન્ય લોકોની અંદર જાગૃતા કાર્યક્રમ ચલાવવામાં આવે તે જરૂરી છે. સુવિધાના મુલ્યાંકનને ફરી હાથ ધરવામાં આવે તે જરૂરી છે. જો સુરક્ષાની ભાવના અમારા દેશમાં ખતમ થઇ જશે તો અમારા દેશ અને મધ્યપૂર્વ તેમજ સિરિયામાં અંતર શુ રહેશે. વિશ્વાસ જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. સામાજિક સમરસતા ખુબ જ ઉપયોગી બની ગઇ છે. પોલીસ તંત્રની ખરાબ તઇ રહેલી છાપ ચિંતાજનક છે.

પોલીસ પર લોકોનો વિશ્વાસ અકબંધ રહે તે જરૂરી :સામાજિક સમરસતા જરૂરી છે

ઓનલાઈન એજ્યુકેશન હજુ પણ વૈકલ્પિક માધ્યમ તરીકે છે

ભારતમાં ઓનલાઈન એજ્યુકેશન

એક અમેરિકી પોર્ટલે ઓનલાઇન શિક્ષણ કાર્યક્રમને લઇને વાર્ષિક રિપોર્ટ જારી કરવામાં આવ્યા બાદ તેને લઇને ભારે ચર્ચા છે. જેમાં કેટલીક સ્કુલોએ ઓનલાઇન શિક્ષણમાં ખુબ શાનદાર દેખાવ કર્યો છે. ભારતમાં પણ ઓનલાઇન એજ્યુકેશનની બોલબાલા ધીમે ધીમે વધી રહી છે. જો કે હાલમાં તે વૈકલ્પિક માધ્યમ તરીકે છે. ફિજિકલ કનેક્ટિવિટી ન હોવાના કારણે ઓનલાઇન શિક્ષણ સીધી રીતે સંવાદથી વંચિત રહી જાય છે. હાલમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યુ છે કે નિમણૂંક કરનાર ઓનલાઇન ડિગ્રી હોલ્ડરને ઓછુ મહત્વ આપે છે. આનો અર્થ એ થયો કે નોકરીમાં ઓનલાઇન ડિગ્રી ધરાવનાર લોકોને ઓછુ મહત્વ મળે છે. ઓનલાઇન શિક્ષણ પર શોધ કરી રહેલા નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે ઓનલાઇન એજ્યુકેશન કેટલીક બાબતો સાફ રીતે ધરાવે છે. ઓનલાઇન શિક્ષણ સરળ છે. ઓનલાઇન લર્નિંગ વિદ્યાર્થીઓને ક્યારે અને કઇ જગ્યાએ અભ્યાસ કરવાની તક આપે છે સરળ અને કઠોર શિક્ષણને લઇને તેની સાથે કોઇ બાબત જોડાયેલી નથી. ઓનલાઇન શિક્ષણ મારફતે તમે કેમ્પસનો સમય તો બચાવી શકો છો પરંતુ આ બચી ગયેલા સમયનો ઉપયોગ શિખવા માટે જ કરવામાં આવે તે જરૂરી છે. અભ્યાસની સારી બાબતો અને સમય પર નજર રાખનાર લોકોનુ કહેવુ છે કે ઓનલાઇન શિક્ષણમાં સારો દેખાવ વિદ્યાર્થીઓ કરી શકે છે. આ માધ્યમ પર કુશળ વિદ્યાર્થીઓ સમય પર કામ પૂર્ણ કરે છે. જટિલતા માટે બરોબર શિક્ષકો સાથે વાતચીત કરે છે. ઓનલાઇન અને ઓફલાઇન શિક્ષણ બંનેમાંથી શાનદાર શુ છે તેને લઇને પણ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં




ફિજિકલ કનેક્ટિવિટી ન હોવાના કારણે ઓનલાઇન શિક્ષણ સીધી રીતે સંવાદથી વંચિત રહે છે : નિષ્ણાંતોના જુદા જુદા અભિપ્રાયો રહેલા છે

ચર્ચા રહે છે. શોધ મારફતે જાણવા મળ્યુ છે કે પુસ્તકનુ શિક્ષણ ઓનલાઇન કરતા થોડાક પ્રમાણમાં અલગ છે. ઓનલાઇન પાઠ્યક્રમમાં સ્કીરન એજ્યુકેશન છે. જો કે પારંપરિક કોલેજ અને વિવિ પણ નિયમિત રીતે ઓનલાઇન રિડિંગ કરાવે છે. ઓનલાઇન શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકો પુસ્તકો ઉપલબ્ધ કરાવે છે. જ્યારે પુસ્તક ઓનલાઇન અને કાગળ બંને સસ્કરણમાં આવે છે તો વિદ્યાર્થીઓ સુવિધા મુજબ તેની પસદગી કરી શકે છે. ઓનલાઇન એજ્યુકેશન ખર્ચાલ છે તેમ લોકો વાત કરતા રહે છે. આના માટે કેટલાક કારણો રહેલા છે. ઓનલાઇન પાઠ્યક્રમ પર વધારાના ચાર્જને પણ સામેલ કરી લેવામાં આવે છે. પ્રથમ વખત જ્યારે વિશ્વ વિદ્યાલયો દ્વારા ઓનલાઇન ડિગ્રી કાર્યક્રમની શરૂઆત કરાવી ત્યારે મંટા ભાગે શિક્ષકોને રાખવાની બાબત સરળ ન હતી. ત્યારબાદ ઓનલાઇન વિદ્યાર્થીઓનની મદદ કરવા માટે લાઇબ્રેરી એક્સેસ જેવી સુવિધા શરૂ કરવામાં આવી હતી. જેના માટે વધારાના સ્ટાફની રાખવાની ફરજ પડી હતી. જેના પરિણામસ્વરૂપે ઓનલાઇન ખર્ચમાં વધારો થયો છે. આ ખર્ચ સંસ્થાના બજેટના હિસ્સા તરીકે રહેતા નથી. આવનાર સમયમાં આ તમામ ચાર્જને દુર કરવામાં આવી શકે છે. નિષ્ણાંતો કહે છે કે ઓનલાઇન શિક્ષણ હાલમાં વૈકલ્પિક છે. તેની મર્યાદા રહેલી છે. ઓનલાઇન એજ્યુકેશનના નિષ્ણાંત ધ્રુવ બેનર્જી કહે છે કે તે હાલમાં મુખ્યપ્રવાહના શિક્ષણ તરીકે હોઇ શકે તેમ નથી. તે ગ્રામીણ અને દુરગામી ક્ષેત્રો માટે તે વધારે જરૂરી છે. જે સ્કુલ અને કોલેજથી હાલમાં દુર છે. આવાગમનના સાધનો હાલમાં સરળ નથી. અથવા તો તેમની પાસે સમયનો અભાવ છે. ઓનલાઇન શિક્ષણની કેટલીક ખામી રહેલી છે. તેની સૌથી મોટી ખામી જે ઉભરીને સપાટી પર આવે છે તે ફિજકલ કનેક્ટિવીટી નથી. જેથી વિદ્યાર્થીઓ સાથે સીધી રીતે સંવાદ થઇ શકતા નથી. જેના કારણે અભ્યાસ કરવાની કામગીરી અને મુલ્યાંકન કરવાની બાબત મુશ્કેલરૂપ હોય છે. ઓનલાઇન શિક્ષણને લોકપ્રિય બનાવવા માટે હજુ વિવિધ પગલા લેવાની જરૂર છે. સાથે સાથે ભારતમાં ઓનલાઇન એજ્યુકેશનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાના મકક્મ ઇરાદા સાથે વધવામાં આવે તો ફાયદો થાય છે..

કોહલીની અદમ્ય ઇચ્છાશક્તિથી યુવાનો પ્રેરણા લે તે જરૂરી છે....

દબાણમાં વધારે ભવ્ય પ્રદર્શન થાય છે

ભારતીય કેપ્ટન વિરાટ કોહલી આજે કરોડો ભારતીય ક્રિકેટ ચાહકોના દિલોદિમાગમાં છવાયેલો છે. તે ક્રિકેટના ક્ષેત્રમાં એક પછી એક નવા રેકોર્ડ સર્જી રહ્યો છે. કોઇ સમય ભારતના ક્રિકેટના ભગવાન તરીકે ગણાતા સચિન તેન્ડુલકરના તમામ રેકોર્ડને તે ઝડપથી તોડવાની દિશામાં આગળ વધી રહ્યો છે. કેટલાક રેકોર્ડ તો પહેલાથી જ તોડી ચુક્યો છે. જ્યારે કેટલાક રેકોર્ડ હવે તોડી દેનાર છે. તેના દેખાવથી લાગે છે કે તે જે રેકોર્ડ હવે કરનાર છે તેના રેકોર્ડ કોઇ તોડી શકશે નહીં. કારણ કે રેકોર્ડ પર હવે વધારે ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. ક્રિકેટરો હવે માત્ર રોમાંચ સાથે આગળ વધી રહ્યો છે. કોહલીએ હાલમાં વનડે ક્રિકેટમાં ૧૦ હજાર રન પુરા કરવાની સિદ્ધી હાંસલ કરી લીધી હતી. પાંચમી નવેમ્બરના દિવસે કોહલી ૩૨ વર્ષનો થનાર છે. આ ખેલાડીની લાઇફમાંથી પણ યુવાનો ખુબ પ્રેરણા અને પ્રોત્સાહન મેળવીને લાઇફમાં આગળ વધી શકે છે અને સફળતા હાંસલ કરી શકે છે. કોહલીએ દબાણમાં સતત વધારે શાનદાર દેખાવ કરીને લોકોને માર્ગદર્શન આપ્યુ છે. કોહલીએ સાબિતી આપી છે કે કોઇ પણ વ્યક્તિ દબાણમાં વધારે સારો દેખાવ કરી શકે છે. ખુબ ઓછી ઇનિગ્સ રમીને કોહલીએ ૧૦ હજાર રનની સિદ્ધી હાંસલ કરી છે. સૌથી મોટી બાબત એ છે કે તે આની સાથે જ સચિન તેન્ડુલકરના ૧૭ વર્ષ જુના રેકોર્ડને પણ તોડી ચુક્યો છે. ખુબ નાની વયમાં જ કોહલી આંતરરાષ્ટ્રીય સ્તર પર દુનિયાના સૌથી શાનદાર ખેલાડી તરીકે પોતાની છાપ ઉભી કરી લીધી છે. તેના દ્વારા હાંસલ કરવામાં આવી રહેલી સિદ્ધીઓ, સફળતા અને તેના મજબુત ઇચ્છાશક્તિ સાથેના પ્રયાસો અનેક બાબતો શિખવાડે છે. કામ અને સંબંધો પ્રત્યે તેનુ વલણ પ્રેરણાદાયી રહ્યુ છે. જે દિવસે વિરાટ કોહલીના પિતાનુ અવસાન થયુ હતુ તે દિવસે તે કર્ણાટકની સામે રણજી ટ્રોફી મેચ રમી રહ્યો હતો. જો તે ઇચ્છતો તો પરિસ્થિતીને રજૂ કરીને રમવાનો ઇન્કાર કરી શક્યો હોત તેને



પ્રેકટીસ અને રમતી વેળા વિરાટ કોહલીનુ ધ્યાન માત્ર ખેલ પર કેન્દ્રિત રહે છે : વિપરિત સ્થિતીમાં પણ વિરાટ કોહલી ક્યારેય હાર માનતો નથી

કોઇ રોકી પણ શક્યા ન હોત. જો કે કોહલીએ મેચમાં રમવાનો નિર્ણય કર્યો હતો. તે પોતાના અંગત જીવન અને કામને અલગ અલગ રાખે છે. આનાથી અમે શિખી શકીએ છીએ કે કોઇ પણ કેટલી પણ મોટી મુશ્કેલી કેમ ન હોય તેને પોતાના કામ પર પ્રભાવ જમાવવાની તક આપવી જોઇએ નહીં. અમારુ કામ અમારા ધ્યાનની જેમ રહે તે જરૂરી છે. અભ્યાસ અથવા તો રમતી વેળી તેનુ ધ્યાન માત્ર ખેલ પર કેન્દ્રિત રહે છે. વિપરિત સ્થિતીમાં પણ તે ક્યારેય હાર માનતો નથી. તેની અદમ્ય ઇચ્છાશક્તિની તમામ લોકો પ્રશંસા કરે છે. પડકારરૂપ સ્થિતીમાં પણ તે ધૈર્ય જાળવી રાખે છે. સૌરવ ગાંગુલી બાદ આ ગુણ માટે સૌથી વધારે વિરાટ કોહલીને જ ઓળખવામાં આવે છે. ક્રિકેટ જેવી રમતમાં અર્જુન જેવી એકાગ્રતાની જરૂર હોય છે. વિરાટ કોહલીમાં આ એકાગ્રતાને સ્પષ્ટરીતે જોઇ શકાય છે. કોહલી પાસેથી શિખી શકાય છે કે સફળતા હાંસલ કરવા માટે આ બાબત અને એકાગ્રતા કેટલી જરૂરી છે. પોતાના આરોગ્ય અને શરીરને લઇને કોહલી ખુબ સાવધાન અને સજગ રહે છે. ફિટનેસ પર એ જ વ્યક્તિ ધ્યાન આપે જે ખેલાડી છે તે બાબત માનવા માટે કોઇ કારણ નથી. ફિટનેસ માત્ર આપના શરીરને જ નહીં બલ્કે મનને પણ મજબુત અને સ્વસ્થ રાખવામાં ભૂમિકા અદા કરે છે. અમે કોઇ પણ કામ કરીએ પરંતુ શરીર સાથ આપશે તો જ કામની મજા આવશે. શરીર ફિટ રહેશે તો જ કામમાં મન લાગે છે અને કામને અમે સારી રીતે પૂર્ણ કરી શકીએ છીએ. વિરાટ માત્ર પોતે જ ફિટ રહેતો નથી બલ્કે અન્યોને પણ ફિટ રહેવા માટે કહેતો રહે છે. સામાન્ય રીતે જોવામાં આવે છે કે જ્યારે ભારતીય ટીમ દબાણમાં હોય છે ત્યારે વિરાટ કોહલીના બેટમાંથી રન નિકળતા રહે છે. આ જ કારણસર તેને ચેસ માસ્ટર પણ કહેવામાં આવે છે. આ એક સારા ખેલાડીની ઓળખ બની ચુકી છે. દબાણમાં તેનો દેખાવ વધારે શાનદાર રહે છે. લાઇફમાં દબાણ હોય કે પછી પડકારો હોય અમને ચિંતા કર્યા વગર શાનદાર રીતે આગળ વધવાની જરૂર હોય છે. સચિન તેન્ડુલકર સાથે વારંવાર સરખામણી જ્યારે કરવામાં આવે છે ત્યારે તે આ વાતને ક્યારેય સ્વીકાર કરતો નથી. હમેંશા એમ જ કહે છે કે સચિન સાથે સરખામણી કરવા અંગે તે વિચારી પણ શકે નહી. કેટલાક સિનિયર ખેલાડી તેની ટિમના હિસ્સા તરીકે રહ્યા છે પરંતુ ક્યારેય કોઇએ ફરિયાદ કરી નથી. કેટલીક વખત તે ધોનીની સલાહ પણ લેતો નજરે પડે છે. પોતાના સાથી ખેલાડીઓનુ તે હમેંશા સન્માન કરે છે. તેમને ક્રેડિટ પણ આપે છે. કોહલી માત્ર મેદાન પર ચમકતા સિતારા તરીકે નથી બલ્કે પરિવારમાં પણ તે તમામમાં લોકપ્રિય છે. ખુબ મોટી સેલિબ્રિટી હોવા છતાં પોતાના પરિવાર માટે તે સમય કાઢી જ લે છે. પોતાની માતા અને બહેન પ્રત્યે તે ખાસ માન ધરાવે છે. કાકા તરીકે ધોનીની પુત્રીને પણ પ્રેમ કરે છે. પત્નિ અનુશ્કાનુ તે ખાસ ધ્યાન રાખે છે.

ડોન્ટ વેસ્ટ યોર ટાઇમને ધ્યાનમાં રાખવાની જરૂર


કિંમતી સમય પર ધ્યાન આપો

આપની રજાનો સમય કેટલો કિંમતી છે તે બાબતનુ ધ્યાન એ વખતે આવે છે જ્યારે તમે રજાઓથી પરત ફરો છો. યોજનાના અભાવમાં કેટલીક વખત તો યાત્રાંમાં આપનો સમય અને પૈસા બંનેનો બગાડ થાય છે. ફરવા જવા માટે કેટલીક લાલચી ઓફર્સના ચક્કરમાં લોકો કેટલીક ખોટી પસંદગી કરતા રહે છે. સાથે સાથે સફર દરમિયાન તો વારંવાર કહેતા રહે છે કે આના કરતા તો ઘરે રહ્યા હોત તો સારુ હોત. લોકો નિર્ધારિત જગ્યાએ સમય ગાળવા કરતા યાત્રામાં વધારે સમય બગાડી નાંખે છે. જેથી રજા માટે પ્લાન કરતા પહેલા કેટલીક બાબતોમાં ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. રજાઓ માટે પ્લાન કરતી વેળા એ બાબત પણ નક્કી કરવામાં આવે તે જરૂરી છેં યાત્રાના સમયનો ઉપયોગ કઇ કઇ રીતે કરવામાં આવનાર છે. મોટા ભાગના મુસાફરો યાત્રા પર થનાર ખર્ચને પ્રાથમિકતા આપે છે. તેના પર વધારે ધ્યાન આપે છે. છુટછાટ હાંસલ કરવાના ચક્કરમાં તેઓ જરૂર કરતા વધારે ખર્ચ કરી નાંખે છે. રજા પર જતા વેળા યાત્રી આ બાબતને લઇને અભ્યાસ કરે છે કે યાત્રા અને રોકાવવાની જગ્યાએ તેમને કેટલી છુટછાટ મળી શકે છે. છુટછાટ જોઇને એ બાબત પર ધ્યાન આપતા નથી કે ત્યાં પહોંચી જવામાં તેમનો કેટલો સમય બગડી જશે. રજા માટે જેટલો સમય આપ વિચારી રહ્યા છો તેના કરતા સમય વધારે કિંમતી છે. કોઇ હોટેલ, એરલાઇન અથવા તો ટ્રાવેલ એજન્સીને આ બાબતની તક આપવી જોઇએ નહીં કે તે આપને કોઇ લાલચમાં ફસાવી લે જેથી તમામ બાબતોને સાવધાનીપૂર્વક હાથ ધરવાની જરૂર હોય છે. ડિસ્કાઉન્ટ થી ટ્રાવેલ કંપનીઓને સીધો ફાયદો વધારે થાય છે. આપને આના કારણે ફાયદો ઓછો થાય છે. હાલમાં કરવામાં આવેલા વ્યાપક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટા ભાગે પ્રવાસીઓ રજા પર જવા માટે પ્લાન કરતી વેળા વધારે મહત્વ આકર્ષક ઓફરને આપે છે.

ટ્રમ્પની યાત્રા દરમિયાન અબજો ડોલરની સમજુતી કરાશે...

ટ્રમ્પ : હાઇ પ્રોફાઇલ યાત્રાના બહાને

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત આવી રહ્યા છે. તેમની હાઇપ્રોફાઇલ અને હાઇવોલ્ટેજના સ્વાગત માટે માત્ર અમદાવાદમાં જ નહીં બલ્કે દિલ્હીમાં પણ ભવ્ય તૈયારી ચાલી રહી છે. અમદાવાદમાં તેમના થનાર નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમના સંબંધમાં જાણકાર લોકો કહી રહ્યા છે કે તે વિશ્વમાં સૌથી મોટા શો તરીકે રહેશે. જેમાં અમેરિકામાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વાગત માટેજે રીતે હાઉડી મોદી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ અને ૫૦ હજારથી વધારે લોકો ઉપસ્થિત રહ્યા હતા તેવી જ રીતે આ કાર્યક્રમમાં તેના કરતા અનેક ગણા વધારે લોકો ઉપસ્થિત રહેનાર છે. નમસ્તે ટ્રમ્પ નામથી આ કાર્યક્રમ અમદાવાદમાં નવા તૈયાર કરવામાં આવેલા ઐતિહાસિક મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનાર છે. જેમાં લાખો લોકો પહોંચી રહ્યા છે. જેની તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી છે. ટ્રમ્પની આ યાત્રાથી અનેક અપેક્ષા લોકો રાખી રહ્યા છે. જાણકાર લોકો તો અહીં સુધી કહી રહ્યા છે કે આ યાત્રા દરમિયાન અમેરિકાની સાથે ૨૪ નૌસેના હેલિકોપ્ટર ખરીદવા માટે ૨.૬ અબજ ડોલરની મહાકાય સમજુતી થઇ શકે છે. અમદાવાદમાં ટ્રમ્પના સ્વાગત માટે એરપોર્ટથી લઇને સ્ટેડિયમ સુધી લાખો લોકો ઉપસ્થિત રહેનાર છે. ટ્રમ્પ પણ આ યાત્રાને લઇને કેટલાક હેતુ ધરાવે છે. ટ્રમ્પ આ યાત્રા મારફતે ભારતમાં તમામ લોકોને પ્રભાવિત કરવાની સાથે સાથે અમેરિકામાં તમામ મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરનાર છે ટ્રમ્પ માટે આ યાત્રા અન્ય રીતે પણ ઉપયોગી છે. કારણ કે આના મારફતે તેઓ ભારતીય મુળના ૪૦ લાખ લોકોને આકર્ષિત કરવાના પ્રયાસ કરનાર છે. અમેરિકી વોટરોની મુખ્ય ધારાને પણ ટ્રમ્પ ખાસ સંદેશ



નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ વિશ્વના સૌથી મોટા શો તરીકે રહી શકે છે : મોટેરામાં કાર્યક્રમમાં હાઉડી મોદી કરતા અનેક ગણા વધુ લોકો રહેશે

આપવાની ઇચ્છા ધરાવે છે. આર્થિક પાસા પર જોવામાં આવે તો ભારત હાલમાં વર્ષ ૨૦૦૯ બાદ સૌથી નીચી આર્થિક સ્થિતીનો સામનો કરી રહ્યુ છે. ટ્રમ્પની યાત્રા એવા વિદેશી રોકાણકારો માટે પણ એક સંદેશ હોઇ શકે છે જે ભારતીય બજારને લઇને શંકા કરી રહ્યા છે. જેથી જ ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યુ છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને તેમના પત્ની મલાનિયા ટ્રમ્પનું અમદાવાદ એરપોર્ટ પર તા.૨૪મી ફેબ્રુઆરીએ લાલ જાજમ, શંખનાદ અને શરણાઇના સૂર સાથે ભારે ભાવભર્યું અને ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવનાર છે. ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતી ભાતીગળ પરંપરા પ્રમાણે ટ્રમ્પ દંપતીનો ભારે આદર સત્કાર કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજય સરકારના તંત્ર દ્વારા ટ્રમ્પ દંપતીના સ્વાગતને લઇને પણ તડામાર તૈયારીઓ અને આયોજન ચાલી રહ્યા છે. ખાસ કરીને અમદાવાદ એરપોર્ટ અને તેની ફરતેના સમગ્ર વિસ્તારમાં સુરક્ષાની લોખંડી વ્યવસ્થા ખડકી દેવાઇ છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મલાનીયા ટ્રમ્પના સ્વાગત માટે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ અમદાવાદ એરપોર્ટ પર જાય તેવી પૂરી શકયતા છે. વિશ્વનું સૌથી મોટું મોટેરા સ્ટેડિયમ તૈયાર થઇ ગયું છે. અંદાજે રૂ.૮૦૦ કરોડના ખર્ચે ૬૩ એકરમાં બનેલા આ સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ વેળા તમામ ટોપ સેલિબ્રિટીઓ, ઉદ્યોગપતિ, રમત સાથે જોડાયેલી હસ્તીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના જણાવ્યા પ્રમાણે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાંથી અંદાજીત ૫૫૦થી વધુ બિઝનેસમેનોએ આ કાર્યક્રમમાં ભાગ લેવાની ઇચ્છા દર્શાવી છે. તેવી જ રીતે સુરત ચેમ્બરે ૬૦૦ અને વડોદરા ચેમ્બરે ૬૦૦ લોકોના નામ નોંધાવ્યા છે. રાજકોટમાંથી લગભગ ૧૦૦ જેટલા ઉદ્યોગપતિઓ પણ ટ્રમ્પને આવકારવાના કાર્યક્રમમાં ભાગ લેશે. બીજીબાજુ, તંત્ર દ્વારા ઉદ્યોગપતિઓ અને બિઝનેસમેનોને પાસ પહોંચાડવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ટ્રમ્પની યાત્રાથી અનેક અપેક્ષા રહેલી છે જેમાં કોઇ બે મત નથી.

ફિલ્મી ગપસપ...

પ્રિયંકા ચોપરા મા આનંદ શીલાની બાયોપિકમાં કામ કરશે

(જી.એન.એસ)મુંબઈ,તા.૨૨

પ્રિયંકા ચોપરાની આગામી ફિલ્મ બાયોપિક છે. ભગવાન રજનીશ જેને લોકો ઓશોથી ઓળખે છે તેના ખાસ ગણાતા મા આનંદ શીલા પર બાયોપિક બની રહી છે. આ ફિલ્મમાં પ્રિયંકા શીલાના રોલમાં છે. આ કોન્ટ્રોવર્શિયલ કેરેક્ટરની બાયોપિકને પ્રિયંકા કો-પ્રોડ્યૂસ પણ કરવાની છે. ફિલ્મનું નામ શીલા રાખવામાં આવ્યું છે અને તે ડિજિટલ પ્લેટફોર્મ એમેઝોન પર રિલીઝ થશે. આ ફિલ્મને ઓસ્કર અવોર્ડ વિજેતા ડિરેક્ટર બેરી લેવિન્સન ડિરેક્ટ કરવાના છે. બેરીને ૧૯૮૯માં તેમની ફિલ્મ 'રેઈન મેન' માટે ઓસ્કર અવોર્ડ મળ્યો હતો.

૧૯૮૧થી ૧૯૮૫ દરમ્યાન મા આનંદ શીલા ઓશોના પર્સનલ સેક્રેટરી હતા. યુએસમાં થયેલ સૌથી મોટા બાયો- ટેરેરિસ્ટ અટેક માટે તેઓ જવાબદાર હતા. યુએસના ઓર્ગનના વાસ્કો કાઉન્ટીમાં તેમણે આ ષડયંત્ર રચ્યું હતું. ઓશોના હજારો ફોલોઅર્સને ત્યાં રિલોકેટ કરવાના કામની જવાબદારી તેમને સોંપાઈ હતી. પરંતુ આ ચક્કરમાં ત્યાંની લોકલ પબ્લિકે આનો વિરોધ કર્યો. તે જગ્યાએ પોતાની ધાક જમાવવા તેણે ચૂંટણી સમયે બેઘર લોકોને ભેગા કરી તેમને મત આપવા માટે સહમત કર્યા. જ્યારે વિરોધ કરનારાને વોટિંગ કરતા અટકાવવા ત્યાંના લોકલ રેસ્ટોરન્ટમાં ઝેર ભેળવી દીધું. આ કાંડને ૧૯૮૪ રજનીશ બાયોટેરર અટેક તરીકે ઓળખવામાં આવે છે. તેઓ દોષિત સાબિત થયા હતા અને ૨૦ વર્ષની જેલની સજા થઈ હતી પણ ૩૯ મહિના બાદ પેરોલ પર છોડી દેવામાં આવ્યા હતા.

સની લિયોનીને ટ્રમ્પના બગલમાં રાખો, ૧ કરોડ લોકો તરત ભેગા થશે : રામ ગોપાલ વર્મા



મુંબઈ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત આવી રહ્યા છે અને બે દિવસ મુલાકાત કરવાના છે. તેની યાત્રા માટેની તૈયારી પણ ધુમધામથી થઈ રહી છે. નવા નવા વીડિયો અને ફોટો આવતા રહે છે. લોકો પણ આતુરતાથી ટ્રમ્પની રાહ જોઈ રહ્યા છે. એવામાં બોલિવૂડ તરફથી આ ઈવેન્ટ અંગે નિશાન સાધવામાં આવી રહ્યું છે. મળતા રિપોર્ટ પ્રમાણે ખુદ ટ્રમ્પે પીએમ મોદીના હવાલે એવો દાવો કર્યો કે અમદાવાદ એક કરોડ લોકો એમનું સ્વાગત કરશે.

આ વચ્ચે રામ ગોપાલ વર્માએ એક મજેદાર ટ્વીટ કરી અને લોકોને મનોરંજન પુરુ પાડ્યું છે. તેણે લખ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે, ભારતમાં એક કરોડ લોકો એનું સ્વાગત કરશે. એ વાત ત્યારે જ સાચી સાબિત થાય જ્યારે અમિતાભ, સલમાન, આમિર, શાહરૂખ, રજનીકાંત, કેટરિના, દીપિકા અને સની લિયોનીને ટ્રમ્પના બગલમાં ઉભા રાખી દો.

જોવા જેવી વાત એ છે કે, રામ ગોપાલ વર્માએ સની લિયોનીનું નામ ખાસ હાઈલાઈટ કર્યું છે. ટ્રમ્પ અને સની લિયોનીનું નામ કેપિટલ લેટર્સમાં નામ લખ્યું છે. ઉલ્લેખનીય છે કે, રામ ગોપાલ વર્મા બોલિવૂડના દિગ્ગજ ડાયરેક્ટર છે. તેણે રંગીલા, સત્યા, કંપની, ભૂત અને સરકાર જેવી ફિલ્મો બનાવી છે.

મારું ચાલે તો ટ્રમ્પને 'અગડ બમ બમ લહેરી' ગીત પર નચાવું : કૈલાશ ખેર

૨૪ ફેબ્રુઆરીએ ભારત આવનાર ટ્રમ્પની ચોમેર ચર્ચા થઈ રહી છે. ગુજરાત અને ખાસ કરીને અમદાવાદની જનતામાં એક અલગ જ માહોલ છે. રસ્તા અને ઈમારોતોને શણગાર આપવામાં આવી રહ્યો છે. સરકાર પણ તેની તૈયારીમાં કોઈ કસર છોડવા નથી માંગતી. ટ્રમ્પ અમદાવાદમાં જ સીધું લેન્ડિંગ કરશે. એમના સ્વાગત માટે સિંગર કૈલાશ ખેર પણ પરફોર્મ કરવાનો છે.

એવામાં કૈલાશ ખેરે તેમના સ્વાગત માટે એક સ્પેશિયલ પરફોર્મન્સ તૈયાર કર્યું છે. ટ્રમ્પના સ્વાગત માટે કૈલાશ ખેર નમસ્તે નામનું ગીત પણ ગાવાનો છે. પોતાના પરફોર્મન્સ વિશે વાત કરતા સિંગરે કહ્યું હતું કે, જય જયકારા સ્વામી દેના સાથ હમારાથી ગીતોનું પરફોર્મન્સ શરૂ થશે. અને અગડ બમ બમ લહેરીથી એનું સમાપન થશે. આગળ કૈલાશે ટ્રમ્પને નચાવવાની વાત પણ કરી. તેણે કહ્યું કે, મારૂ ચાલે તો હું એ જ ગીત (અગડ બમ બમ લહેરી) પર એમને (ડોનાલ્ડ ટ્રમ્પને) નચાવું.

ઉલ્લેખનીય છે કે, કૈલાશ ખેર અમદાવાદમાં મોટેરા સ્ટેડિયમમાં પોતાનું પરફોર્મન્સ આપશે.

સલમાન ખાન આગામી ફિલ્મમાં શીખ પોલીસના અવતારમાં દેખાશે

મુંબઈ

સલમાન ખાન તેની અપકમિંગ ફિલ્મમાં શીખ પોલીસના રોલમાં જોવા મળશે. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી પરંતુ આ ફિલ્મમાં તેની સાથે તેની બહેનનો પતિ આયુષ શર્મા પણ સ્ટારકાસ્ટમાં સામેલ છે. આ ફિલ્મમાં આયુષ નોર્થ ઈન્ડિયન ગેંગસ્ટરના રોલમાં જોવા મળશે. આ એક્શન ડ્રામા ફિલ્મના ડિરેક્ટર 'લવયાત્રી' ફેમ ડિરેક્ટર અભિરાજ મીનાવાલા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સલમાન ફિલ્મ માટે સાચી દાઢી વધારશે અને પાઘડી પહેરશે. અગાઉ તે 'હીરોઝ' ફિલ્મમાં શીખ આર્મી ઓફિસરના રોલમાં પાઘડીમાં દેખાયો હતો. આ ફિલ્મમાં તેની ઓપોઝિટ કોઈ એક્ટ્રેસ નહીં હોય પરંતુ આયુષ માટે લીડિંગ લેડીની શોધ ચાલું છે. ફિલ્મમાં સલમાનનો રોલ એક પ્રામાણિક, ન્યાયી ઓફિસરનો છે.

ફિલ્મનું શૂટિંગ મે મહિનામાં શરૂ થશે. ફિલ્મ આ વર્ષના અંતમાં અથવા ૨૦૨૧ની શરૂઆતમાં રિલીઝ થઈ શકે છે. સલમાન તેની બીજી ફિલ્મ 'કભી ઈદ કભી દિવાલી'માં વ્યસ્ત થાય તે પહેલાં સપ્ટેમ્બર સુધીમાં આ ફિલ્મનું શૂટિંગ પૂરું કરવા ઈચ્છે છે.

'શુભ મંગલ ઝ્યાદા સાવધાન'ના ટ્રમ્પે વખાણ કર્યા, ફિલ્મને કહ્યું: 'ગ્રેટ'

મુંબઈ

આયુષ્માન ખુરાના સ્ટારર 'શુભ મંગલ ઝ્યાદા સાવધાન' ફિલ્મ ૨૧ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થઈ છે. આ ફિલ્મ સમલૈંગિક સંબંધ પર આધારિત છે. ફિલ્મમાં આયુષ્માન ખુરાના અને જીતેન્દ્ર કુમારને ગે રિલેશનશિપમાં છે. આ ફિલ્મના વખાણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કર્યા છે. પીટર ગેરી નામના બ્રિટિશ સોશિયલ એક્ટિવિસ્ટે આ ફિલ્મને લઈને ટ્વીટ કર્યું હતું અને તેને રીટ્વીટ કરી ટ્રમ્પે લખ્યું હતું કે, 'ગ્રેટ.'

પીટરે તેના ટ્વીટમાં લખ્યું હતું કે, 'બોલિવૂડમાં એક રોમ કોમ ફિલ્મ આવી છે જેમાં ગે રોમાન્સને બતાવવામાં આવ્યું છે. આશા છે કે આ ફિલ્મ મોટી ઉંમરના લોકોના દિલ જીતી શકે.' આ જ ફિલ્મને યુએઈમાં બેન કરી દેવામાં આવી છે કારણકે ફિલ્મની થીમ ગે રિલેશનશિપ છે.

વિકી કૌશલની 'ભૂત'નું ૫.૧૦ કરોડનું ઓપનિંગ કલેક્શન 'શુભ મંગલ ઝ્યાદા સાવધાન'એ પ્રથમ દિવસે ૯.૫૫ કરોડની કમાણી કરી

મુંબઈ

નેશનલ અવોર્ડ વિનર એક્ટર્સ વિકી કૌશલ અને આયુષ્માન ખુરાનાની ફિલ્મ ૨૧ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થઈ છે. વિકી કૌશલની પહેલી હોરર ફિલ્મ 'ભૂતઃ ધ હોન્ટેડ શિપ' અને આયુષ્માન ખુરાનાની ગે રિલેશનશિપ પર આધારિત 'શુભ મંગલ ઝ્યાદા સાવધાન' રિલીઝ થઈ છે. વિકીની ફિલ્મે રિલીઝના પહેલા દિવસે ૫.૧૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે જ્યારે આયુષ્માનની ફિલ્મે ૯.૫૫ કરોડ રૂપિયાનું ઓપનિંગ કલેક્શન કર્યું છે. વિકી અને આયુષ્માન બંનેની આ ફિલ્મ્સ તેમના કરિયરની સૌથી વધુ ઓપનિંગ કલેક્શન કરનાર ત્રીજી ફિલ્મ છે. આયુષ્માનની પહેલા દિવસે સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ 'બાલા' છે જેની કમાણી ૧૦.૧૫ કરોડ રૂપિયા હતી. ત્યારબાદ ૧૦.૦૫ કરોડ રૂપિયાની કમાણી સાથે 'ડ્રીમ ગર્લ' ફિલ્મ અને ત્યારબાદ ૯.૫૫ કરોડ રૂપિયાની કમાણી સાથે 'શુભ મંગલ ઝ્યાદા સાવધાન' ત્રીજા સ્થાન પર છે. વિકીના લિસ્ટમાં ૮.૨૦ કરોડ રૂપિયાની સાથે 'ઉરી' ફિલ્મ પહેલા સ્થાને ત્યારબાદ ૭.૫૩ કરોડ રૂપિયા સાથે 'રાઝી' ફિલ્મ અને ત્રીજા નંબર પર ૫.૧૦ કરોડ રૂપિયાની કમાણી સાથે 'ભૂતઃ ધ હોન્ટેડ શિપ' છે.

અનિલ કપૂરની જાણ બહાર 'મિસ્ટર ઈન્ડિયા'ની રિમેક પર સોનમ અને રિયા કપૂર નારાજ

મુંબઈ

ડિરેક્ટર અલી અબ્બાસ ઝફરે થોડા દિવસ પહેલાં ૧૯૮૭ની અનિલ કપૂર સ્ટારર 'મિસ્ટર ઈન્ડિયા'ની રિમેકનું અનાઉન્સમેન્ટ કર્યું હતું. ત્યારબાદ ઓરિજિનલ ફિલ્મના ડિરેક્ટર શેખર કપૂરે આ બાબતે નારાજગી જતાવી હતી કે તેમને આ વિશેની કોઈ જ જાણકારી જ નથી. હવે આ બાબતે અનિલ કપૂરની બંને દીકરીઓ સોનમ અને રિયા કપૂરે પણ ભડાસ કાઢી છે. બંનેએ સોશિયલ મીડિયા પર પોતાના મંતવ્ય રજૂ કર્યા છે.

સોનમ કપૂરે લખ્યું કે, 'ઘણા લોકો મને મિસ્ટર ઈન્ડિયા રિમેક વિશે પૂછી રહ્યા છે. સાચું કહું તો મારા પિતાને ખબર પણ નથી કે આવી કોઈ ફિલ્મ બની રહી છે જ્યારે સોશિયલ મીડિયા પર અલી અબ્બાસ ઝફરે ટ્વીટ કર્યું ત્યારે અમને ખબર પડી. જો આ સાચું હોય તો આ ઘણું અપમાનજનક છે કારણકે કોઈએ મારા પિતા અને શેખર અંકલ સાથે વાત કરી ન હતી. તે બંનેએ આ ફિલ્મને બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. આ દુખદ છે કારણકે આ દિલથી અને હાર્ડ વર્કથી બનાવવામાં આવી હતી. જાહેરાતો અને ધંધાથી પરે આ તેમની લેગસીનો હિસ્સો છે.

રમત જગત વિશેષ

ઓસ્ટ્રેલિયાને હરાવ્યા બાદ ભારતનો આત્મવિશ્વાસ વધશે : મિતાલી રાજ

ન્યુ દિલ્હી

ભારતની સ્ટાર બેટ્સમેન મિતાલી રાજે સ્પિનર પૂનમ યાદવના શાનદાર પ્રદર્શનની પ્રશંસા કરતા કહ્યું કે, પહેલી મેચમાં ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમને હરાવવાથી ભારતનો આત્મ વિશ્વાસ વધશે. ટી૨૦ વિશ્વકપની પહેલી મેચમાં પૂનમની ૪ વિકેટની મદદથી ભારતે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને ૧૭ રનથી પરાજય આપ્યો હતો. મિતાલીએ આઈસીસી માટે કહ્યું, 'દરેક ઓસ્ટ્રેલિયાની બેટિંગમાં ઉંડાણની વાત કરી રહ્યું હતું પરંતુ તેમ છતાં તે ૧૩૨ રનનો લક્ષ્ય હાંસિલ ન કરી શક્યું.'

તેણે કહ્યું, 'ભારતનો આત્મ વિશ્વાસ આ જીતથી ખુબ વધશે પરંતુ હજુ વિશ્વકપ ખુલ્લો છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની મેચે સાબિત કરી દીધું કે ટૂર્નામેન્ટમાં કેટલી ટક્કર થશે. રેકિંગની કોઈ અસર પડતી નથી.'

મિતાલીએ કહ્યું, 'આ જીતથી સાબિત થઈ ગયું કે દરેક ટીમ માટે તક છે. આ મેચ વિશ્વકપથી લાગેલી અપેક્ષાઓ પર ખરી ઉતરી છે.' ભારતની પૂર્વ ટેસ્ટ અને વનડે કેપ્ટને કહ્યું, 'પૂનમ ઘણા સમયથી ભારતની મુખ્ય સ્પિનર રહી છે અને એકવાર ફરી તેની શૈલી કામ કરી ગઈ. તેની બોલિંગે મેચની તસવીર બદલી દીધી છે.'

પાકિસ્તાન સરકાર ડેરેન સામીને માનદ નાગરિકતા આપશે

કરાંચી

પાકિસ્તાન સરકાર તેમના દેશમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટને પરત લાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર વેસ્ટ ઈન્ડિઝના ભૂતપુર્વ કેપ્ટન ડેરેન સામીને માનદ નાગરિકતા આપશે. વર્તમાન સમયમાં પાંચમી પાકિસ્તાન સુપર લીગ સિઝનમાં પેશાવર ઝાલ્મીનું નેતૃત્વ કરી રહેલા ડેરેન સામીને માનદ નાગરિકતા આપવામાં આવશે અને ૨૩ માર્ચના રોજ રાષ્ટ્રપતિ આરિફ અલ્વીના હસ્તે પાકિસ્તાનનું સર્વોચ્ચ નાગરિક સન્માન નિશાન-એ-હૈદર આપવામાં આવશે. પીએસએલની શરૂઆત થઈ ત્યારથી પાકિસ્તાનમાં રહી સતત કામ કરી રહેલા સામીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાકિસ્તાનના પુનરાગમન માટે અત્યંત મહત્વની ભૂમિકા ભજવી હતી. સુરક્ષાની ચિંતાને લીધે મોટાભાગના વિદેશી ખેલાડીઓ પાકિસ્તાનમાં રમવાનો ઈકાર કરી રહ્યા હતા ત્યારે સામીએ લાહોર આવવાની અને પાકિસ્તાન ક્રિકેટ માટે કામ કરવાની સંપૂર્ણ તૈયારી દર્શાવી હતી. તેમણે લાહોરમાં બીજી ફાઈનલમાં ટાઈટલ માટે પેશાવરની કેપ્ટનશીપ કરી હતી.

એસ્ટન અગરે હેટ્રિક સહિત પાંચ વિકેટ લીધી, ઓસ્ટ્રેલિયાએ ૬ વિકેટે ૧૯૬ રન કર્યા

ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ટી-૨૦માં દક્ષિણ આફ્રિકાને ૧૦૭ રને હરાવ્યું

જોહાનિસબર્ગ

મેજબાન દક્ષિણ આફ્રિકાએ શુક્રવારે પોતાની ટી૨૦ ક્રિકેટ ઈતિહાસની સૌથી મોટી હાર ઝેલવી પડી. ઓસ્ટ્રેલિયાએ તેને ૧૦૭ રનથી હરાવ્યું. દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વાન્ડર્સ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં અનેક રેકોર્ડ થયાં. મેચના હીરો રહેલા એશ્ટન એગરે છ વિકેટ ઝડપી, જેમાં હેટ્રિક પણ સામેલ છે. ટી૨૦ ક્રિકેટમાં હેટ્રિક લેનારો તે ઓસ્ટ્રેલિયાનો બીજો ક્રિકેટર છે. આ જ રીતે દક્ષિણ આફ્રિકા આ મેચમાં માત્ર ૮૯ રન પર સમેટાઈ ગયું. આ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચમાં તેનો ન્યૂનતમ સ્કોર પણ છે.

ઓસ્ટ્રેલિયાએ શુક્રવારે પહેલા બેટિંગ કરતા છ વિકેટ પર ૧૯૬ રન બનાવ્યા હતાં. ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટીવ સ્મિથે ૪૫ અને એરોન ફિન્ચે ૪૨ રનની ઈનિંગ રમીને પોતાની ટીમને મજબુત સ્કોર બનાવવામાં મદદ કરી. એલેક્સ કેરીએ ૨૭, એશ્ટન એગરે ૨૦, મિશેલ માર્શે ૧૯ અને મેથ્યુ વેડે ૧૮ રન બનાવ્યાં. ડેવિડ વોર્નર ફક્ત ચાર રની કરીને આઉટ થઈ ગયો. દક્ષિણ આફ્રિકા તરફથી ડેલ સ્ટેન અને તબરેજ શમ્સીએ ૨-૨ વિકેટ લીધી.

મુશ્કેલ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી મેજબાન ટીમ દક્ષિણ આફ્રિકાની શરૂઆત ખુબ જ ખરાબ રહી. તેણે પોતાના ટોપ-૪ વિકેટ માત્ર ૪૦ રનનો સ્કોર બનાવવામાં ગુમાવી દીધી. ટીમનો મધ્યમ ક્રમ અને નીચલો ક્રમ પણ ઓસ્ટ્રિલેયાના આક્રમણ સામે ટકી શક્યો નહીં. પરિણામ એ આવ્યું કે આખી ટીમ ૧૪.૩ ઓવરમાં માત્ર ૮૯ રન બનાવીને આઉટ થઈ ગઈ. આફ્રિકી ટીમ તરફથી ફાફ ડુપ્લેસિસ (૨૪), કેગિસો રબાડા (૨૨) અને વાન બિજોન (૧૬) સિવાય કોઈ પણ બેટ્સમેન ડબલ ફિગર કોસ કરી શક્યો નહીં.

ઓસ્ટ્રેલિયાએ આ જીત સાથે જ ત્રણ મેચોની ટી૨૦ સિરીઝમાં ૧-૦ની લીડ લઈ લીધી. ઓસ્ટ્રેલિયાની જીતનો હીરો સ્પિનર એશ્ટન એગર રહ્યો. તેણે ચાર ઓવરના પોતાના સ્પેલમાં ૨૪ રન આપીને ૫ વિકેટ લીધી. એગરે હેટ્રિક પણ પોતાના નામે કરી. તેણે આઠમી ઓવરમાં ફાફ ડૂ પ્લેસિસ, એન્ડિલે ફેહુલવાયો અને ડેલ સ્ટેનને ઉપરાછાપરી આઉટ કર્યા. એશ્ટન એગર ટી૨૦ ઈન્ટરનેશનલ મેચમાં હેટ્રિક લેનારો દુનિયાનો ૧૩મો અને ઓસ્ટ્રેલિયાનો માત્ર બીજો ખેલાડી છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટરોમાં આ અગાઉ માત્ર બ્રેટ લી જ આ ઉપલબ્ધિ મેળવી શક્યો હતો. બ્રેટ લી ટી૨૦ ઈન્ટરનેશનલ મેચમાં હેટ્રિક લેનારો દુનિયાનો પહેલો ખેલાડી પણ છે.

ન્યૂઝીલેન્ડ આવ્યા બાદ ૨ દિવસ સૂતો નહીં, તેથી બોલિંગ ન કરી શક્યો: ઈશાંત શર્મા

વેલિંગ્ટન

ઈશાંત શર્મા છેલ્લા બે દિવસમાં માત્ર ૪ કલાક જ સૂઈ શક્યો છે. તેમ છતાં તેણે ન્યૂઝીલેન્ડની પહેલી ઈનિંગમાં ૩ વિકેટ લઈને ભારતની આશાને જીવંત રાખી છે. જોકે તે તેના પ્રદર્શનથી ખુશ નથી. બીજા દિવસે રમત પૂરી થયા બાદ ઈશાંતે કહ્યું- હું ખુશ નથી કારણ કે છેલ્લા બે દિવસથી હું સૂતો નથી. તેની અસર મારી બોલિંગ પર પડી. હું જેવી બોલિંગ કરવા માંગતો હતો તેવી કરી ન શક્યો. ટીમે મને રવા માટે કહ્યું અને હું મેદાન પર ઉતર્યો. ટીમ માટે હું કંઈ પણ કરવા તૈયાર છું.

ઈશાંત ત્રણ દિવસ પહેલા જ ૨૪ કલાકની સફર કરીને ન્યૂઝીલેન્ડ પહોંચ્યો હતો. આવા સમયે અહીંની પરિસ્થિતિ સાથે સમન્વય સાધવો મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. તેણે જેટ લેગ (એક દેશમાંથી બીજા દેશના ટાઈમ ઝોનનું અંતર)ના કારણે થયેલી પરેશાનીને લઈને કહ્યું કે હું મારી બોલિંગથી ખુશ નથી કારણ કે હું મારા શરીરથી ખુશ નથી. ઈશાંતે તેની ઈજાને લઈને કહ્યું કે મારા પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી અને ત્યારબાદ મેં ટેસ્ટમાં રમવા વિશે વિચાર્યું પણ ન હતું. પરંતુ મારા રમવાનો શ્રેય નેશનલ ક્રિકેટ એકેડમીના સપોર્ટ સ્ટાફને જાય છે. તેમણે મારી સાથે ખૂબ મહેનત કરી. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે ટેસ્ટ રમીશ કારણ કે એમઆરઆઈ સ્કેનમાં મારી ઘૂંટીના સ્નાયુઓમાં ઘણી ગંભીર ઈજા દેખાઈ હતી. જાણકારોએ મને ૬ અઠવાડિયા સુધી આરામ કરવાની સલાહ આપી હતી. જો કે મેં ખુલ્લા મગજે રિહેબિલિટેશન પૂર્ણ કર્યું. હું વિચારતો ન હતો કે મને ટેસ્ટ રમવાની છે.

ભારત સામેની ટેસ્ટ મેચમાં બીજા દિવસના અંતે ન્યૂઝીલેન્ડે ૫ વિકેટે ૨૧૬ રન

વેલિંગ્ટન,

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી પહેલી ટેસ્ટ મેચ રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે. મેજબાન ન્યૂઝીલેન્ડે મેચના બીજા દિવસે ભારત પર સારી એવી પક્કડ જમાવી લીધી છે અને ૫૧ રનની મહત્વની લીડ મેળવી છે. મહેમાન ટીમની જો કે વાપસીની આશાઓ કાયમ છે. હવે મેચનો ત્રીજા દિવસનો એટલે કે રવિવારનો પહેલો સેશન નિર્ણાયક બની શકે છે. ભારતીય ટીમ જો આ સેશનમાં સારું પ્રદર્શન કરે તો તે મેચમાં જીતની આશા જાળવી રાખશે. પરંતુ જો ન્યૂઝીલેન્ડ રવિવારના પ્રથમ બે કલાકમાં સારું રમી ગયું તો તે મેચ પર પ્રભુત્વ મેળવી લેશે.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પહેલી ટેસ્ટ મેચ શુક્રવારે શરૂ થઈ હતી. આ મેચ વેલિંગ્ટનમાં રમાઈ રહી છે. ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાએ પોતાના પહેલા દાવમાં ૧૬૫ રન કર્યા હતાં. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડ પોતાના પહેલા દાવમાં ૫ વિકેટ ગુમાવીને ૨૧૬ રન કરી ગયું છે. આજે બીજા દિવસની રમત પૂરી થઈ ત્યાં સુધીમાં કોલિન ડી ગ્રેન્ડહોમ (૪ રન), અને બીજે વોટલિંગ (૧૪ રન) સાથે રમતમાં હતાં. પહેલા દાવના આધારે કીવી ટીમને ટીમ ઈન્ડિયા પર અત્યાર સુધીમાં ૫૧ રનની લીડ મળી છે.

ટીમ ઈન્ડિયા ૧૬૫ રનમાં પેવેલીયન ભેગી થઈ જતા ન્યૂઝીલેન્ડની ટીમનો પહેલો દાવ શરૂ થયો હતો. જો કે ઈશાંત શર્માએ ભારતને બહુ જલદી સફળતા અપાવી હતી. તેણે લંચ બાદ ટોમ લાથમ (૧૧)ને વિકેટ પાછળ કેચ કરાવીને ન્યૂઝીલેન્ડને પહેલો ઝટકો આપ્યો.

ઈશાંત શર્માએ ટોમ બ્લન્ડલને બોલ્ડ કરીને ન્યૂઝીલેન્ડની બીજી વિકેટ લીધી. તે ૩૦ રન બનાવીને આઉટ થયો. રોઝ ટેલર ૪૪ રન કરીને આઉટ થયો. ટેલરે વિલિયમસન સાથે મળીને ત્રીજી વિકેટ માટે ૯૩ રનની ભાગીદારી કરી હતી. ન્યૂઝીલેન્ડનો કેપ્ટન કેન વિલિયમસન સદી ચૂકી ગયો અને ૮૯ રન બનાવીને આઉટ થયો. મોહમ્મદ શમીએ વિલિયમસનને સબ્સ્ટીટ્યૂટ ફિલ્ડર રવીન્દ્ર જાડેજાના હાથે કેચ આઉટ કરાવ્યો. રવિચંદ્રન અશ્વિને હેનરી નિકોલ્સને ૧૭ રન પર આઉટ કરાવ્યો. વિરાટ કોહલીએ સ્લિપમાં હેનરી નિકોલ્સને કેચ કરાવ્યો.

શાહીનબાગના રસ્તા બંધ રહ્યા તો અમે મદદ કરી શકીશુ નહીંઃ સાધના રામચંદ્રન

શાહિનબાગ પ્રદર્શનઃ સતત ચોથા દિવસે સમાધાન કમિટી નિષ્ફળ

અન્ય જગ્યાએ પ્રોટેસ્ટની મહિલાઓએ ના કહી, પ્રદર્શનકારીઓએ મૂકી શરતો, સુપ્રિમ કોર્ટ અમારી સુરક્ષાની જવાબદારી સ્વીકારે તો....



ન્યુ દિલ્હી

શાહીન બાગનાં પ્રદર્શનકારીઓ સાથે સુપ્રીમ કોર્ટની વાર્તાકાર સાધના રામચંદ્રને આજે ચોથા દિવસે પણ વાતચીત કરી, પરંતુ આ વાર્તાનું કોઈ પરિણામ નીકળ્યું નહીં. નાગરિકતા સંશોધન કાયદા અને રાષ્ટ્રિય નાગરિક રજિસ્ટરની વિરુદ્ધ દિલ્હીનાં શાહીન બાગમાં પ્રદર્શન કરનારાઓ સાથે રસ્તો ખોલાવવાનાં મુદ્દા પર વાર્તાકાર સાધના રામચંદ્રને શનિવારનાં વાતચીત કરી. પ્રદર્શનકારીઓએ વાર્તાકાર સામે અનેક વાતો રાખી છે.

આ પહેલા ત્રણ પ્રવાસની વાર્તામાં પણ કોઈ પરિણામ નીકળીને સામે આવ્યું નથી. ત્રણ દિવસની વાતચીતમાં કોઈ પરિણામ ના નીકળ્યા બાદ ચોથા દિવસે એટલે કે આજે વાર્તાકાર સાધના રામચંદ્રન શાહીન બાગમાં પહોંચી અને પ્રદર્શનકારી મહિલાઓ સાથે વાતચીત કરી. સાધના રામચંદ્રને પ્રદર્શનકારીઓને કહ્યું કે, કાલે શુક્રવારનાં અમે રસ્તા વિશે વાત કરી હતી. કાલે અમે આધી રોડની વાત કરી, તમે સુરક્ષાની વાત કરી. મે એ ના કહ્યું કે શાહીન બાગથી જતા રહો. તો પ્રદર્શનકારીઓએ કહ્યું કે, "જો અમને લેખિતમાં સુરક્ષાનું આશ્વાસન ના મળ્યું તો વાત ખત્મ.

આના પર રામચંદ્રને કહ્યું કે, "શું આનાથી આપણે ખુશ થઈશું? શાહીન બાગમાં એક સુંદર જગ્યા શોધો, એક સુંદર બગીચો બને અને ત્યાં પ્રોટેસ્ટ થાય. શું તમને આ આઈડિયા પસંદ છે? આના પર તમામ મહિલાઓએ સ્પષ્ટ ના કહી દીધી." શાહીન બાગમાં પ્રદર્શનકારીઓ સાથે વાતચીત કરતા સાધના રામચંદ્રને કહ્યું કે, તેમણે ક્યારેય પ્રોટેસ્ટ કરનારાઓને ક્યારેય પાર્ક જવા માટે નથી કહ્યું. તેમણે કહ્યું કે, વહેમ તોડે છે. વાતચીત દરમિયાન પ્રદર્શનકારી મહિલાઓએ વાર્તાકાર રામચંદ્રનની સામે કેટલીક માંગો રાખી.

પ્રદર્શનકારીઓની માંગ હતી કે, સુપ્રીમ કોર્ટ સુરક્ષા પર એક આદેશ જાહેર કરે. પ્રદર્શનકારી એ પણ ઇચ્છે છે કે શાહીન બાગ અને જામિયાનાં લોકોની વિરુદ્ધનાં કેસ પાછા લેવામાં આવે. શાહીન બાગમાં એક દાદીએ કહ્યું કે, જ્યારે સીએએ પરત લેશો તો રોડ ખાલી થશે, નહી તો નહી થાય. એક બીજી મહિલાએ કહ્યું કે, જો અડધો રસ્તો ખુલે છે તો સુરક્ષા અલુમિનિયમ શીટ જોઈએ. તેમનુ કહેવું હતુ કે પ્રદર્શનકારીઓની સુરક્ષાની પોલીસ નહીં, પરંતુ સુપ્રીમ કોર્ટ જવાબદારી લે.

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીનો મોટો આરોપ

શાહીનબાગમાં બાળકોને 'મોદીને મારી નાખો' જેવા નારા શીખવવામાં આવે છે

ન્યુ દિલ્હી

કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાનીએ શનિવારે નાગરિકતા સુધારો અધિનિયમ (સીએએ) નું સમર્થન કરતાં કહ્યું કે તેમને તેનો ગર્વ છે કારણ કે તે પાકિસ્તાન જેવા દેશોના સતાવણીનો ભોગ બનેલા બિન-મુસ્લિમોને આશ્રય આપશે. તેમણે કહ્યું, 'એવા ઘણા કિસ્સા છે કે જેમાં શીખ અને હિન્દુ છોકરીઓ પર બળાત્કાર કરવામાં આવે છે અને તે બળાત્કારી સાથે બળજબરીથી લગ્ન કરવામાં આવે છે. તેઓ એવા પ્રકારનાં લોકો છે કે જેઓ ભારતમાં આશ્રય લે છે. મને ગર્વ છે કે આ કાયદો તેમને આશ્રય આપશે.

અહેવાલ મુજબ સ્મૃતિ ઈરાનીએ પણ શાહીન બાગ કેસમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. જયાં મહિલાઓ છેલ્લા બે મહિનાથી સીએએ અને સંભવિત એનઆરસી સામે દેખાવો કરી રહી છે. તેમણે કહ્યું કે ઝેરી વાતાવરણને કારણે તે લોકો (શાહીન બાગ વિરોધીઓ) સાથે વાત કરવી શક્ય નથી. આ સાથે તેમણે અહીં બાળકોને ભણાવવામાં આવતા કહેવાતા સૂત્રોની પણ ટીકા કરી હતી.

ઈરાનીએ કહ્યું, 'જ્યારે બાળકોને' અમે મોદીને મારીશું 'જેવા નારા લગાવવાની તાલીમ આપવામાં આવે છે, ત્યારે તમે શું કહેશો? જ્યારે લોકો 'ભારત તમારા ટુકડા થઈ જશે' ના નારા લગાવશે ત્યારે તમે શું કહો છો? જે લોકો કહે છે કે આપણે ૧૫ કરોડ છીએ તે શું કહેશો? તેમણે સવાલ ઉઠાવ્યો કે વિરોધીઓ તેમના બાળકોને વિરોધ સ્થળે કેમ લઈ જાય છે. મંત્રીએ કહ્યું કે તે બિનજરૂરી રીતે આઘાતજનક છે કે એક મહિલા તેના ચાર મહિનાના બાળકને ઠંડીમાં વિરોધ સ્થળ પર લઈ ગઈ, જેના કારણે નવજાતનું મોત નીપજ્યું. વિરોધીઓને વિરોધ કરવાનો અધિકાર હતો એમ માનતા, ઈરાનીએ કોંગ્રેસના સલમાન ખુર્શીદ જેવા નેતાઓ પર શાહીન બાગમાં વિભાજનકારી નારા લગાવવાનો આરોપ લગાવ્યો.

ભારતમાં ૫-જીના ઠેકાણે નથી અને જાપાને ૬-જી નેટવર્ક પર કામ શરૂ કર્યું

ટોક્યો

આ બદલાતા વિજ્ઞાન યુગમાં ટેકનોલોજી પણ સતત બદલાતી રહે છે આ બદલાતી ટેકનોલોજી યુગમાં વિશ્વના તમામ દેશો ૫-જી નેટવર્ક શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. જ્યારે ચીને પણ 5G નેટવર્ક શરૂ કર્યું છે. અને આ નેટવર્ક દ્વારા બધા વપરાશકર્તાઓને નવી ઈન્ટરનેટ હાઈ સ્પીડની સુવિધા આપવામાં આવી રહી છે જો કે, વિશ્વના ઘણા દેશો હજી પણ ઈન્ટરનેટ તકનીકમાં ૨-જી, ૩-જી અને ૪-જીનો ઉપયોગ કરી રહ્યા છે. આપણે તેનો ઉપયોગ કરી રહ્યા છીએ અને વિશ્વના ઘણા દેશોમાં ૫૫ નેટવર્ક સંપૂર્ણ રીતે સ્થાપિત થવામાં લાંબો સમય લાગશે.

બીજી બાજુ એક તાજેતરનો અહેવાલ બહાર આવ્યો છે અને ૬-જી નેટવર્ક શરૂ થતો હોવાનું બહાર આવ્યું છે. આ અહેવાલમાં એવું કહેવામાં આવ્યું છે કે જાપાન હાલમાં ૬-જી નેટવર્ક પર કામ કરી રહ્યું છે.

જો કે, આ નેટવર્ક વિશે હજી વધારે માહિતી આપવામાં આવી નથી.પરંતુ એવી સંભાવના છે કે જાપાન ટૂંક સમયમાં ૬-જી નેટવર્ક રજૂ કરશે. જેના પછી માનવામાં આવી રહ્યું છે કે જાપાનનું આ પગલું ટેકનોલોજી ક્ષેત્રે વિશાળ ક્રાંતિ લાવી શકે છે.

એક અહેવાલ મુજબ ૬-જી નેટવર્ક ૫-જી કરતા ૧૫ ગણી વધુ ઝડપથી કામ કરશે. જાપાન આંતરિક બાબતોનું મંત્રાલય અને જાપાન સરકારી નાગરિક સોસાયટીનું સંદેશાવ્યવહાર છે. જાપાન ઉપરાંત દક્ષિણ કોરિયા, ફિનલેન્ડ અને ચીન પણ ૬-જી નેટવર્ક માટેની તૈયારી કરી રહ્યા છે અને અન્ય દેશો હજી ૫-જી લોન્ચ કરી રહ્યા છે.

દિલ્હીમાં માયાવતીની આગેવાનીમાં થયેલી બેઠકમાં લેવાયો નિર્ણય

ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડીશું: બસપાની જાહેરાત

ન્યુ દિલ્હી

બહુજન સમાજ પાર્ટીએ આગામી ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ને ધ્યાનમાં રાખીને મોટો નિર્ણય કર્યો છે. દિલ્હીમાં માયાવતીની આગેવાનીમાં થયેલી બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે બસપમાં આગામી ચૂંટણી એકલા હાથે લડશે. માનવામાં આવતું હતું કે ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી સાથે મળેલી સફળતા પછી બંને એક સાથે ચૂંટણી લડશે. માયાવતીએ નિર્દેશ આપ્યો છે કે પાર્ટીને બુથ સ્તર પર તૈયાર કરવામાં આવે.

ઉલ્લેખનીય છે કે બસપાએ લોકસભા ચૂંટણીમાં ૧૦ સીટો મેળવી હતી. માનવામાં આવે છે કે આ બેઠકમાં બસપાના સંગઠનાત્મક ઢાંચામાં મહત્વના ફેરફાર કરવામાં આવી શકે છે. શનિવારે થયેલી બેઠકમાં બસપાએ આ વર્ષે યોજાનાર બિહાર અને પશ્ચિમ બંગાળમાં પણ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

ઉત્તર પ્રદેશ ચૂંટણી માટે માયાવતી માટે સૌથી મોટો પડકાર તે પાર્ટીમાં પડી રહેલા ભાગલાં છે. છેલ્લા કેટલાક મહિનામાં બસપામાં સૌથી વધારે નેતાઓના ભાગલાં જોવા મળ્યા છે. બસપાના કેટલાક નેતા સપા તરફ જઈ રહ્યા છે તો કેટલાક બીજેપીમાં જઈ રહ્યા છે.

૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં બસપાએ ૪૦૩ સીટો પર ચૂંટણી લડી હતી અને ૧૯ સીટો પર જીત મેળવી હતી. બસપાના વોટ શેરમાં ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ભાજપાએ ૩૧૨ સીટો જીતીને પોતોના વનવાસ ખતમ કર્યો હતો. સમાજવાદી પાર્ટીએ કોંગ્રેસ સાથે ગઠબંધન કરી ૨૯૮ સીટો પર ચૂંટણી લડી હતી. જેમાં સપાને ૪૭ સીટો પર જીત મેળવી હતી. કોંગ્રેસે ૧૦૫ સીટો પર ચૂંટણી લડી હતી અને ૭ સીટો જીતી હતી.

પૂણેમાં મનસે કાર્યકરોએ બાંગ્લાદેશીઓના વસવાટ કરતા વિસ્તારમાં નાગરિકતાના પુરાવા માંગ્યા

પૂણે

પૂણેમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકર્તાઓએ વિવાદાસ્પદ અભિયાન શરૂ કરતા તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. પૂણેમાં મનસેના કાર્યકર્તાઓએ બાંગ્લાદેશીઓ જે વિસ્તારમાં વસવાટ કરે છે ત્યાં જઈને તેમની પાસેથી નાગરિકતાના પૂરાવાઓ માંગવાનું શરૂ કરતા રાજનીતિ ગરમાઈ છે.

એક અહેવાલ મુજબ પૂણેના ધનકવડી વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો ભાડે રહે છે. મનસેના અનેક કાર્યકર્તાઓએ અહીં પહોંચી લોકો પાસેથી તેઓ ભારતીય નાગરિક હોવાના પૂરાવાઓ માંગ્યા હતા. એટલું જ નહિં અહીં જે લોકો મનસેના કાર્યકર્તાઓને દસ્તાવેજો બતાવે છે તેની સત્યતાની ચકાસણી માટે પોલીસ અધિકારીઓ પણ તેમની સાથે રહે છે.તપાસ દરમ્યાન એક યુવક પાસે બે વોટર આઈડી મળતા મનસે કાર્યકર્તાઓ તેને પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. મનસેના પૂણે શહેર પ્રમુખ અજય શિંદેએ જણાવ્યું કે છેલ્લા કેટલાક અઠવાડિયાઓથી મનસેના કાર્યકર્તાઓ આ વિસ્તારમાં રહેતા લોકો પર નજર રાખી રહ્યા છે. કે જ્યાં તેમને બાંગ્લાદેશી ઘુસણખોરો રહેતા હોવાની આશંકા છે.

જણાવી દઈએ કે ૯ ફેબ્રુઆરીએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ સીએએ-એનઆરસીના સમર્થનમાં વિશાળ રેલીનું આયોજન કર્યું હતું. આ રેલીમાં મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને શહેરની બહાર કરવાની માંગ કરી હતી.

શિવસેનાએ એનપીઆર-સીએએ મુદ્દે સમર્થન કરતાં કોંગ્રેસ-એનસીપી લાલચોળ

મુંબઈ

નાગરિકતા સંશોધન કાયદા અને નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર પર શિવસેનાની ભૂમિકાને લઈને કોંગ્રેસ પાર્ટીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ સાંસદ મનિષ તિવારીએ આ અંગે એક ટ્વીટ કરી જેમાં તેમણે લખ્યું કે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી નાગરિકતા સંશોધન કાયદા, નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર અને નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ વચ્ચે જે કડીઓ છે, તેઓ સમજાવે કે કઈ રીતે એનપીઆર અને એનઆરસી જોડાયેલા છે. એનપીઆર આ માટે આધારની જેમ કામ કરશે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે ઉદ્ધવ ઠાકરે એ પીએમ મોદી અને અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ સાથે તિવારીએ કહ્યું કે એકવાર એનપીઆર લાગુ થયો તો એનઆરસીને કોઈ રોકી શકશે નહીં. નાગરિકતા કાયદાને ભારતીય બંધારણ મુજબ બદલવામાં આવે. કારણ કે નાગરિકતા કાયદો ધર્મના આધારે બનાવી શકાય નહીં.

આ બધા વચ્ચે નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરને લઈને સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીએ પણ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને ધમકીભર્યા અંદાજમાં ચેતવ્યા છે. અબુ આઝમીએ કહ્યું કે જે પ્રકારે કેરળ અને બંગાળમાં પ્રસ્તાવ પાસ થયો, તે જ રીતે મહારાષ્ટ્ર પણ કરે, આ કાયદાથી મુસલમાનોને પરેશાની થશે. જો મહારાષ્ટ્રમાં જનગણાતરીની જેમ જ એનપીઆર લાગુ કરાયો તો ઠીક નહીં થાય. અમે તેનો વિરોધ કરીએ છીએ. હાલ અમે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને ભલામણ કરી રહ્યાં છીએ. પરંતુ જરૂર પડી તો અમે તેનો આકરો વિરોધ કરતા પણ ખચકાઈશું નહીં.

મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી રામલલા ફાઈબરના મંદિરમાં બિરાજશે

લખનઉ

અયોધ્યામાં રામ મંદિર નિર્માણની કવાયત શરૂ થઈ ચૂકી છે. આ કોશીશમાં શ્રી રામ જન્મભૂમી તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્યોને શનિવારે રામ જન્મભૂમી પરિસરનું નિરિક્ષણ કર્યું હતું. ટ્રસ્ટના નવા નિમાયેલા મહાસચીવ ચંપત રાય શુક્રવારે મોડી રાત્રે અયોધ્યા પહોંચ્યા હતા. શનિવારે તેમણે જિલ્લા મેજિસ્ટ્રેટ અનુજ ઝા, રાજા અયોધ્યા બિમલિન્દર મોહન મિશ્રા અને ડો.અનિલ મિશ્રાની સાથે પરિસરની તપાસ કરી છે.

ઉલ્લેખનીય છે કે રામ જન્મભૂમિમાં બેઠેલા શ્રી રામલલાને ગર્ભગૃહમાંથી હંગામી મંદિરમાં સ્થળાંતર કરવાની વ્યૂહરચના બનાવવામાં આવી છે. આ મંદિર ફાઈબરનું હશે, જેના માટે વહીવટીતંત્ર હસ્તગત પરિસરમાં માનસ ભવનના દક્ષિણ ભાગનું માપન કરાવ્યું છે. ૬ ડિસેમ્બર ૧૯૯૨ ની ઘટનાથી રામલલા હંગામી ટેન્ટ પર બીરાજમાન છે. જ્યાં સુધી મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી રામલલા ફાઈબરના મંદિરમાં બેસશે.

સરકાર ૬૭ એકર જમીન અને તેની સાથે સંકળાયેલ જમીનને જોડીને એક નવું આવક ગામ શ્રીરામલલા બનાવવાની તૈયારી કરી રહ્યું છે. આસપાસમાં વધુ કેટલીક જમીન સંપાદન કર્યા પછી, તેનો આખો વિસ્તાર ૧૦૦ એકર સુધીનો થઈ શકે છે. વીએચપી સુત્રોએ દાવો કર્યો છે કે શ્રીરામલલા મહેસૂલ ગામ અયોધ્યા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોંધણી કરાશે અને શ્રીરામાલલા શહેર બનશે જેની કવાયત શરૂ થઈ ચૂકી છે.

કેન્દ્ર સરકારે બેઠક યોજી, નિયમોમાં ફેરફાર કરવાની તૈયારીમાં

જઘન્ય અપરાધમાં સામેલ સગીર પર પુખ્તવયના લોકોની જેમ જ કેસ ચાલશે..!

ન્યુ દિલ્હી

આવતા દિવસોમાં જઘન્ય અપરાધમાં સામેલ થવા પર સગીર પર એડલ્ટ એટલે કે પુખ્તવયના લોકોની જેમ કેસ ચલાવી શકાશે. આ માટે સરકાર નિયમોમાં ફેરફાર કરવા જઈ રહી છે. સરકાર જુવેનાઈલ જસ્ટીસ એકટમાં ફેરફાર કરવામાં આવશે. ફેરફારમાં જઘન્ય અપરાધની શ્રેણીને ફરીથી વર્ગીકૃત કરવામાં આવશે. તાજેતરમાં ગૃહમંત્રી અમિત શાહ સાથે પ્રધાનોની બેઠકમાં આ બાબતે ચર્ચા થઈ હતી. અત્રે એ નોંધનીય છે કે લાંબા સમયથી સુપ્રીમ કોર્ટની સાથે સાથે સામાન્ય જનતા વચ્ચે પણ એ મુદ્દો ઉઠતો રહ્યો છે કે કાયદામાં ફેરફારની જરૂર છે.

આ મીટીંગમાં કાનૂન મંત્રી રવિશંકર પ્રસાદ, મહિલા વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની, વિદેશમંત્રી એસ. રવિશંકર, હરસિમરતસિંહ બાદલ અને સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધન સામેલ હતા. પ્રધાનોની આ બેઠક સુપ્રીમ કોર્ટના એક નિર્દેશ બાદ મળી હતી. જાન્યુઆરી ૨૦૨૦ના નિર્દેશમાં કોર્ટે કેન્દ્રને કહ્યુ હતુ કે વહેલામાં વહેલી તકે જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૧૫ની ખામીઓને દૂર કરવામાં આવે. કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યુ હતુ કે જે કાઈમ રેપ, મર્ડર કે ત્રાસવાદની શ્રેણીમાં નથી આવતા પરંતુ તેમા સજા ૭ વર્ષ કે તેથી વધુ છે તેની શ્રેણી નક્કી કરવામાં આવે. સૂચન થયુ હતુ કે તેને પણ ગંભીર કાઈમ શ્રેણીમાં રાખવામાં આવે. અત્રે નોંધનીય છે કે જે.જે. એકટ ૨૦૧૫ અનુસાર જઘન્ય અપરાધ એ છે જેમાં ઓછામાં ઓછી સજા ૭ વર્ષ છે. મીટીંગમાં એ બાબતે પણ ચર્ચા થઈ હતી કે જઘન્ય અપરાધોમાં સગીરોની સામેલગીરી વધી છે. આવા અનેક કેસો સામે આવે છે. જ્યારે મોટા કાઈમમા સામેલ શખ્સ સગીર બહાર આવતો હોય છે. એવામાં કાયદાના હાથ બંધાઈ જતા હોય છે. નિર્ભયા રેપ કેસમાં પણ આવુ જ હતું. સૌથી વધુ બર્બરતા આચરનાર જ સગીર નિકળ્યો હતો પછી બાળ સુધાર ગૃહની સજા પુરી થયા બાદ તેને છોડવો પડયો હતો. આવો જ એક મામલો હાલમાં સામે આવ્યો છે.

હિઝબુલ મુજાહિદ્દીન સંગઠનનો સ્થાનિક આતંકવાદી ઝડપાયો

જમ્મૂ

સ્થાનિક હજબુલ મુજાહિદ્દીન આતંકવાદી જુનેદ ફારૂક સેનાની પકડમાં આવી ગયો છે. મળતી માહિતી મુજબ જમ્મુ-કાશ્મીર પોલીસ, ભારતીય સેના અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સે આ આતંકવાદીને પકડવા સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. આ આતંકવાદીની ધરપકડ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, આતંકવાદીને પકડવા માટે બારામુલા જિલ્લાના ટપ્પર પટ્ટન પર છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ બાબતે પોલીસ પ્રવક્તાએ કહ્યું હતું કે, ગુપ્ત માહિતીના આધારે મધ્ય કાશ્મીરના બડગામ જિલ્લાના ખાન સાહેબ વિસ્તારમાં ચેક પોસ્ટ બનાવવામાં આવી હતી. તેમાંથી એક વાહન અટકાવવામાં આવ્યું હતું અને સાકીબ અહેમદ લોન નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી અપમાનજનક સામગ્રી મળી આવી હતી.

આ પહેલા ૨૧ ફેબ્રુઆરીએ પોલીસે જમ્મુ-કાશ્મીરના બડગામ જિલ્લામાંથી આતંકી સંગઠન જે શ-એ-મો હમ્મદના સહયોગીની ધરપકડ કરવામાં આવી હતી. ખીણમાંથી આતંકવાદનો નાબૂદ કરવો એ મોદી સરકારનો મૂળ મંત્ર છે, અને આ માટે જમ્મુ-કાશ્મીરમાં સેનાને આતંક વિરૂદ્ધ અભિયાન ચલાવવાની આઝાદી મળી છે. આ અંતર્ગત સેના જવાનો ખીણમાંથી આતંક હટાવવાના પ્રયાસો કરી રહ્યા છે.



અજમેરમાં આવેલ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીના ૮૦૮માં ઉર્ષનો પ્રારભ થવા જઈ રહ્યો છે અને અહિંયા દેશ-વિદેશના લોકો પોતાની માનતા લઈ આવતા હોય છે અને તેઓની તમામ માનતા પણ પુરી થાય છે. ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અજમેરમાં આવેલ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ માટે ચાદર પેશ કરવામાં આવી હતી. તેમણે આ ચાદર છઠ્ઠી વખત આપી છે. પીએમઓના ટ્વિટર એકાઉન્ટ પર આ તમામ બાબતની જાણ પણ કરવામાં આવી હતી કે પીએમ નરેન્દ્ર મોદીએ અજમેર શરીફ દરગાહ માટે એક ચાદર આપી છે.

ચીનમાં કુલ મૃત્યુઆંક ૨૩૪૫ થયો, ૭૬,૨૮૮ કેસ પોઝિટિવ

ભારત કોરોનાગ્રસ્ત ચીનને મદદ કરવા તૈયાર પરંતુ વિમાનને મંજૂરી નહિ

ચીન જાણી જોઈને વુહાનથી ભારતીયોને લાવવા માટે ગયેલા વિમાનને ક્લિયરન્સ નથી આપતું: ભારતનો આરોપ

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસના કારણે ચીનની સ્થિતિ હજી સુધી સામાન્ય થઈ શકી નથી. ભારતે વુહાનથી ભારતીયોને લાવવા માટે વાયુસેનાનું વિમાન મોકલ્યું હતું. પરંતુ હજી સુધી ચીન ઓફિસર્સ તરફથી વિમાનને ક્લિયરન્સ નથી મળ્યું. ભારતીય ઓફિસરોનું કહેવું છે કે, દુનિયાના ઘણાં દેશો ચીનને મદદ અને તેમના નાગરિકો લાવવા માટે ફ્લાઈટ્સ મોકલી રહ્યા છે. દરેક દેશને ચીન મંજૂરી આપી રહ્યું છે પરંતુ ભારતીય રિલીફ ફ્લાઈટ્સને મંજૂરી આપવામાં આવતી નથી. તેમની આ હરકતોથી લાગે છે કે, તેઓ ભારત પાસેથી મદદ લેવા માંગતા નથી.

ભારતીય ઓફિસરોનું એવું પણ કહેવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને પત્ર લખીને ઈમરજન્સીમાં ચીન સરકાર અને લોકોની સાથે રહેવા અને દરેક સમયે મદદ કરવાની વાત કરી હતી.

કોરોના વાઈરસના કારણે ચીનમાં વધુ ૧૦૯ના મોત સાથે મૃત્યુઆંક ૨૩૪૫ થયો છે. અત્યાર સુધીમાં કુલ પોઝિટિવ કેસ ૭૬,૨૮૮ થયા છે. લેબનોન અને ઈઝરાઈલમાં કોરોના વાઈરસના પ્રથમ કેસ નોંધાયા છે. ઈરાનમાં વધુ બે લોકોના મોત સાથે મૃત્યઆંક ચાર થયો છે અને ૧૮ પોઝિટિવ કેસ નોંધાય છે. ઈટાલીમાં પણ આ વાઈરસના કારણે પ્રથમ મોત થયું છે. સાઉથ કોરિયામાં ૧૪૨ નવા કેસ સાથે કુલ કેસ ૩૪૬ થયા છે.

વિશ્વ સ્વાસ્થય સંગઠનની ૧૨ સભ્યોની ટીમ ચીન પહોંચી ગઈ છે. તેઓ અહીં કોરોના વાઈરસની તપાસ કરશે. ટીમ એ પણ તપાસ કરશે કે વાઈરસ કેવી રીતે ફેલાયો છે. માનવામાં આવે છે કે ટીમ વાઈરસથી સૌથી પ્રભાવિત શહેર વુહાનની પણ મુલાકાત લેશે. શરૂઆતમાં ટીમ માત્ર બેઈજિંગ, ગુઆંગડોન્ગ અને સિચુઆનમાં જવાની હતી. હુબેઈ અને તેનું પાટનગર વુહાન યાદીમાં નહતું. ચીનમાં અત્યાર સુધી કોરોના વાઈરસથી ઈન્ફેક્ટેડ ૨૮,૬૫૯ લોકોને હોસ્પિટલથી ઘરે જવાની મંજૂરી આપી દેવાઈ છે.

મોદી સરકાર ઓસ્ટ્રેલિયાની જેમ દેશમાં રાષ્ટ્રીય સડક સુરક્ષા બોર્ડ બનાવશે..!!

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર ઓસ્ટ્રેલિયાની તર્જ પર દેશમાં રાષ્ટ્રીય સડક સુરક્ષા બોર્ડની રચના કરવા જઈ રહી છે. મોટા ફેરફારો હેઠળ સડક સુરક્ષા સુદ્દઢ કરવાનું કામ હવે સરકારની જગ્યાએ નવું બનનારું બોર્ડ સંભાળશે.

ખાસ વાત એ છે કે બોર્ડની ભલામણોને સરકારે ફરજિયાત લાગુ કરવાની રહેશે. બોર્ડ હેઠળ નિષ્ણાતોનું એક ગ્રુપ બનાવાશે જે વાહન સંબંધિત નવી ટેકનીક, હાઈ-વે એન્જિનિયરિંગમાં સુધારા, સડક દૂર્ઘટનાઓની તપાસ, દૂર્ઘટનાના ડેટાનું વિશ્લેષણ, હાઈ-વે કિનારે ટ્રોમા સેન્ટર સુવિધાઓ વગેરે માટે કામ કરશે. સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રાષ્ટ્રીય સડક સુરક્ષા બોર્ડની રચના સંબંધિત જાહેરનામું જારી કરી સુચનો મગાવ્યા છે. ૩૦ દિવસ બાદ બોર્ડની રચનાને લઈને આદેશ જારી કરવામાં આવશે. બોર્ડ અનુસાર કેન્દ્રીય મોટર વાહન નિયમ ૧૯૮૯ સંબંધિત તમામ કામકાજ સડક પરિવહન મંત્રાલય અને સંબંધિત સરકારી ઉપક્રમની જગ્યાએ ઉપરોકત બોર્ડને આધીન રહેશે. બોર્ડમાં એક પ્રમુખ અને ત્રણથી સાત સભ્યો હશે. સેવાનિવૃત્ત સચિવ પ્રમુખ તરીકે અને સેવાનિવૃત્ત વધારાના સચિવ આ બોર્ડના સભ્ય તરીકે નિમણૂક પામશે. નિષ્ણાતોના અલગ અલગ ગ્રુપ પણ બનાવવામાં આવશે.



અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે મુંબઈની એક સ્કૂલના વિદ્યાર્થીઓએ ડોનાલ્ડ ટ્રમ્પ, તેમના પત્ની મેલેનિયા ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પેઈન્ટિંગ્સ બનાવીને આ પ્રસંગને યાદગાર બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

અમેરિકા લાંબા હિંસાગ્રસ્ત સંઘર્ષ બાદ તાલિબાન સાથે ૨૯ ફેબ્રુઆરીએ સમજૂતી કરશે

વૉશિંગ્ટન

અમેરીકી વિદેશ સચિવ માઈક પોમ્પિયોએ ટ્વિટ કરી તાલીબાનીઓ સાથે સમજૂતી કરારનો એકરાર કર્યો છે. માઈક પોમ્પિયોએ ટ્વિટમાં કહ્યું છે કે, યુએસ ૨૯ ફેબ્રુઆરીએ અફઘાનિસ્તાનમાં હિંસા બંધ કરવાના કરાર પર હસ્તાક્ષર કરવાની તૈયારી કરી રહ્યું છે. સાઉદી અરેબિયાની મુલાકાત પછી બહાર પડાયેલા એક નિવેદનમાં યુએસ વિદેશ મંત્રી પોમ્પિયોએ જણાવ્યું હતું કે આ કરારના સફળ અમલીકરણથી યુએસ-તાલિબાન કરાર પર હસ્તાક્ષર થવાની દિશામાં આગળ વધવાની અપેક્ષા છે.

કતારની રાજધાની દોહામાં યુએસ અને તાલિબાન વચ્ચે મુદ્રા લગાવી શકાય છે. ઉલ્લેખનીય છે કે ભારત આવતા પહેલા પૂર્વ અમેરીકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે પણ અમેરીકા-તાલિબાન વચ્ચેના પ્રારંભિક શાંતિ કરારની વાત કરી હતી. જોકે અમેરીકા એક વર્ષ કરતા પણ વધારે સમયથી તાલિબાનીઓ સાથે વાતચીત કરી સમજૂતી કરવાની કોશીશ કરી રહ્યું હતું.

આ અંતર્ગત તે તાલિબાનની સુરક્ષા ગેરંટીના બદલામાં હજારો સૈનિકોને દૂર કરાશે. ત્યારબાદ તાલિબાન તેમની સેનાઓને કાબૂમાં રાખી શકે છે. તુરંત જ, યુ.એસ. સંરક્ષણ મંત્રાલય અફઘાનિસ્તાનમાં હાજર લગભગ ૧૨-૧૩ હજાર સૈનિકોમાંથી લગભગ અડધા પાછી ખેંચી લેશે.

નાઈઝર સેનાની આતંકી વિરૂદ્ધ કાર્યવાહી, ૧૨૦ આતંકી ઢેર

નિયામે

નાઈઝિરીયા અને ફ્રાંસની સેનાના એક સંયુક્ત અભિયાનમાં દક્ષિણ પશ્ચિમ નાઈઝરમાં ૧૨૦ આતંકવાદીને ઢેર કર્યા હતા. આ સમગ્ર અભિયાન દરમિયાન આતંકીઓ પાસેથી મુદ્દામાલ તરીકે ઉપકરણ અને વાહન ઝમ કર્યા છે. નાઈઝિરીયાના રક્ષા પ્રધાને એક નિવેદન આપતા આ સમગ્ર માહિતી આપી હતી. આ તકે રક્ષા પ્રધાને નિવેદનમાં જણાવ્યું હતું કે, ૨૦ ફેબ્રુઆરીના રોજ માલી અને બુર્કિના ફાસોની સીમા પાસે ટિલાબેરી વિસ્તારમાં ૧૨૦ આતંકવાદી માર્યા ગયા હતાં.

રામમંદિર નિર્માણમાં ભાગ લેવા તમામ રાજ્યોના મુખ્યમંત્રી-રાજ્યપાલોને બોલાવાશે

રામ મંદિર માટે સરકાર પાસેથી એક પણ રૂપિયો નહીં લઈએ: મહંત નૃત્ય ગોપાલદાસ

ગ્વાલિયર

રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્ય ગોપાલ દાસ મહારાજે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યુ કે, મંદિર બનાવવા માટે સરકાર પાસેથી એક પણ રૂપિયો લેવામાં નહી આવે. એટલું જ નહી દાન પણ સ્વીકારવામાં આવશે નહીં. સાથે તેમણે કહ્યું કે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને રાજ્યપાલોને રામ મંદિર નિર્માણમાં ભાગ લેવા માટે અયોધ્યા આમંત્રિત કરશે.

મધ્યપ્રદેશના ગ્વાલિયર પહોંચેલા મહંત નૃત્ય ગોપાલદાસ મહારાજે કહ્યું કે, અમે અગાઉથી જ વડાપ્રધાન મોદીને આમંત્રિત કર્યા છે. અમારી પાસે ઉત્તર પ્રદેશ મુખ્યમંત્રીના રૂપમાં યોગી આદિત્યનાથજી છે. અન્ય તમામ રાજ્યપાલો અને મુખ્યમંત્રીઓ જે ધર્મમાં રૂચિ હોય તેમને એક ભવ્ય મંદિરના નિર્માણમાં ભાગ લેવા માટે આમંત્રિત કરાશે. મધ્યપ્રદેશ મુખ્યમંત્રીને પણ આમંત્રિત કરીશું.

આ સાથે જ તેમણે કહ્યું કે, મંદિર નિર્માણ માટે કોઈ પણ પ્રકારનું દાન લેવામાં નહી આવે. સરકાર પાસેથી પણ કોઈ દાન લેવામાં નહી આવે. મંદિર જનતાના યોગદાનથી બનાવવામાં આવશે. સરકાર પાસે અગાઉથી ઘણી સમસ્યાઓ છે અને તેમના પર વધુ બોજ નાખવા માંગતા નથી.

ચારેય નરાધમોને ત્રણ માર્ચે ફાંસી આપવાની છે

તિહાડ જેલ પ્રશાસને નિર્ભયાના દોષીઓને પૂછ્યું, 'પરિવારને ક્યારે મળશો'

ન્યુ દિલ્હી

નિર્ભયા ગેંગરેપ અને મર્ડર કેસમાં ૪ દોષિતોને તિહાર જેલ પ્રેશાસન દ્વારા લેખીતમાં સૂચના આપવામાં આવી છે કે, તેઓ તેમના પરિવાર સાથે ક્યારે અંતિમ મુલાકાત કરવા ઈચ્છે છે તે જણાવી દે. નવા આદેશમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, મુકેશ અને પવન પરિવાર સાથે અંતિમ મુલાકાત કરી ચૂક્યા છે. સામાહિક મુલાકાત અત્યારે ચારેય લોકોની ચાલુ છે. નિર્ભયાના ચારેય દોષિતોને ૩ માર્ચે સવારે ૬ વાગે ફાંસી આપવાનું ત્રીજુ ડેથ વોરન્ટ જાહેર કરવામાં આવ્યું છે. પટિયાલા હાઉસ કોર્ટે ૧૭ ફેબ્રુઆરીએ આ નવું ડેથ વોરન્ટ જાહેર કર્યું છે. નોંધનીય છે કે, કાયદાકીય પેંતરાઓના કારણે નિર્ભયાના દોષિતોની ફાંસી સતત ટળી રહી છે.

નિર્ભયા ગેંગરેપ કેસમાં ૪ દોષિત મુકેશ કુમાર સિંહ, વિનય કુમાર શર્મા, અક્ષય અને પવન ગુપ્તાને ફાંસી થવાની છે. ચારમાંથી પવન સિવાયના ત્રણ દોષિતે ક્યુરેટિવ પિટીશન અને દયાની અરજી કરી દીધી છે, પરંતુ તે ફગાવી દેવામાં આવી છે. આમ, મુકેશ, વિનય અને અક્ષયને ફાંસી આપવાનો રસ્તો ક્લિયર થઈ ગયો છે. જ્યારે ચોથા દોષી પવન ગુપ્તા પાસે ક્યુરેટિવ પિટીશન અને દયાની અરજીના બંને વિકલ્પો બાકી છે.

પવન ગુપ્તા જો પોતાના વિકલ્પોનો ઉપયોગ કરે છે તો ૩ માર્ચના રોજ ફાંસી પણ ટળી શકે છે. જો પવનની તરફથી ફાંસીના દિવસથી ઠીક પહેલાં એટલે કે ૨૯મી ફેબ્રુઆરી બાદ ક્યુરેટિવ પિટિશન દાખલ કરાય છે તો તેની સુનવણીમાં સમય લાગતા ૩ માર્ચના રોજ સવારે ફાંસી ટળી શકે છે. આ સિવાય પવનની પાસે બીજો એક વિકલ્પ એ પણ છે કે તેઓ રાષ્ટ્રપતિની પાસે દયા અરજી માંગશે અને જ્યાં સુધી રાષ્ટ્રપતિની તરફથી આ સંબંધમાં કોઈ નિર્ણય ના આવે તેના લીધે પણ મોડું થઈ શકે છે.

નરાધમ પવન ગુપ્તાએ કાનૂની સલાહકારને મળવાનો કર્યો ઈન્કાર

વર્ષ ૨૦૧૨માં દિલ્લીમાં થયેલા નિર્ભયા ગેંગરેપ કેસમાં ચારે ગુનેગારોને ફાંસી પર ચડાવવાની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે, નવી નવી વાતો સામે આવી રહી છે. દોષિતોમાંથી એક પવન ગુપ્તાએ શનિવારે કોર્ટ દ્વારા નિયુક્ત પોતાના કાનૂની સલાહકાર રવિ કાજીને મળવાનો ઈનકાર કરી દીધો છે.

આદિત્ય એસ્ટેટ્સ વિરુદ્ધ નાદારી પ્રક્રિયામાં અદાણી ગ્રૂપની બોલી મંજૂર થઈ

અદાણીએ દિલ્હીના પોશ એરિયામાં ૧૦૦૦ કરોડનો બંગ્લો માત્ર ૪૦૦ કરોડમાં ખરીદ્યો

ન્યુ દિલ્હી

અદાણી ગ્રૂપને દિલ્હીના અલ્ટ્રા પોશ એરિયા લુટિયન્સમાં રૂ. ૪૦૦ કરોડમાં આલીશના બંગલો મળી ગયો છે. ૩.૪ એકર જમીનમાં ફેલાયેલા આ બંગલાનો બિલ્ટ-અપ એરિયા ૨૫,૦૦૦ સ્કવેર ફૂટ છે. તેમાં ૭ બેડરૂમ, ૬ ડાઈનિંગ રૂમ, એક સ્ટડી રૂમ અને ૭,૦૦૦ સ્કવેર ફૂટમાં સ્ટાફ ક્વાર્ટર બનેલા છે. બંગલાની ચારેય બાજુ ગ્રીનરી છે.

આ બે ફ્લોરનો બંગલો ભગવાન દાસ રોડ પર છે. રિપોર્ટ પ્રમાણે બંગલાનો માલિકી હક પહેલા આદિત્ય એસ્ટેટ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસે હતો. પરંતુ તેના વિરુદ્ધ નાદારી પ્રક્રિયામાં અદાણી ગ્રૂપની બોલી મંજૂર થઈ છે. ઈન્ફોસિસના કો-ફાઉન્ડર નારાયણ મૂર્તિ આ બંગલો ખરીદવા માંગતા હતા. આદિત્ય એસ્ટેટ્સે અમુક વર્ષો પહેલાં આ બંગલાની કિંમત રૂ. ૧૦૦૦ કરોડ આંકી હતી.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલ (એનસીએલટી)એ ૧૪ ફેબ્રુઆરીએ અદાણી ગ્રૂપની કંપની અદાણી પ્રોપર્ટીઝ પ્રાઈવેટ લિમિટેડના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

આદિત્ય એસ્ટેટ્સના ૯૩ ટકા લેણદારો પણ અદાણીની બોલીના પક્ષમાં હતા. એનસીએલટીના દસ્તાવેજો પ્રમાણે નાદારી પ્રક્રિયામાં બંગલાની કિંમત માત્ર રૂ. ૨૬૫ કરોડ આંકવામાં આવી હતી. અદાણી પ્રોપર્ટીઝને રૂ. ૫ કરોડની ગેરંટી અને ૧૩૫ કરોડ રૂપિયા કન્વર્ઝેશન ચાર્જ ચૂકવવો પડશે.

ડેટા પ્રોટેક્શન
પહેલા પાનાનું ચાલું

આપણે પમી મોટી અર્થવ્યવસ્થા બની ગયા છીએ. અમે દુનિયાને જણાવ્યું છે કે, કેવી રીતે પર્યાવરણની ચિંતા કરીને પણ ઝડપથી વિકાસ કરી શકાય છે. સુપ્રીમ કોર્ટે પણ પર્યાવરણ સાથે જોડાયેલા મુદ્દે મહત્વના ચુકાદા આપ્યા છે.

મોદીએ કહ્યું છે કે, ટેક્નોલોજીના કારણે કોર્ટના કામમાં ઝડપ આવી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી કોર્ટની કાર્યપ્રણાલી સરળ બનશે. તે સિવાય ડેટા પ્રોટેક્શન અને સાઈબર ક્રાઈમ જેવા મુદ્દા કોર્ટ સામે પડકાર ઉભો કરી રહ્યા છે. આ કોન્ફરન્સમાં આવા ઘણા મુદ્દે ચર્ચા થશે અને નવા સમાધાન સામે આવશે.

વેલકમ ટુ અમદાવાદ
પહેલા પાનાનું ચાલું

સૂત્રોએ કહ્યું કે ભારતની મુલાકાત વખતે દિલ્હી જવાને બદલે મહાનુભાવો સીધા અમદાવાદ અને ગુજરાત આવ્યાં હોય તેમાં હવે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પનું નામ પણ ઉમેરાયું છે. તેઓ ૨૪મીએ બપોરે ૧૨ વાગ્યાની આસપાસ અમદાવાદ પહોંચશે. વડાપ્રધાન મોદી અને ટ્રમ્પ જેમના આમંત્રણથી અમદાવાદ આવી રહ્યાં છે નાગરિક અભિવાદન સમિતિના ચેરપર્સન અને મેયર બિજલ પટેલ પણ તેમનું સ્વાગત કરશે.

દુનિયાના શક્તિશાળી દેશના વડા કે જેઓ ઈરાન અને ઈરાકના નિશાન પર છે તે ટ્રમ્પની સુરક્ષા વ્યવસ્થામાં કોઈ કચાશ ના રહી જાય અને રોડ શો દરમ્યાન વિરોધીઓ દ્વારા કોઈ પણ પ્રકારનો વિરોધનો કાંકરીચાળો ના થાય તેની તકેદારી માટેના તમામ પગલાઓની સમીક્ષા માટે વડાપ્રધાન ટ્રમ્પના આગમનના એક દિવસ પહેલાં ૨૩મીની સાંજે અમદાવાદ પહોંચશે.

સૂત્રોએ કહ્યું કે તેઓ સરકારી અધિકારીની સાથે ભાજપ સંગઠનના અગત્યના પદાધિકારીઓ અને ટ્રમ્પના કાર્યક્રમની સાથે જોડાયેલા આગેવાનોની સાથે પણ બેઠક યોજે તેમ છે. ખાસ કરીને પાટીદાર પાસ સંગઠન, ખેડૂત સંગઠન, જીએસટીના વિરોધી વેપારી પરિબળો, કોંગ્રેસ કે કોઈ તોફાની તત્વો દ્વારા રોડ શો વખતે ભીડમાંથી કોઈ કાફલા પર કે કાફલા પહેલા કે કાફલો પસાર થયા બાદ ગરબડ પેદા ના કરે તેની વિચારણા અને વ્યૂહાત્મક પગલાઓ વિચારવામાં આવશે. ભાજપને બીક છે કે ભીડમાંથી કાફલો પસાર થતી વખતે એક પણ કાળુ કપડુ કે કાળો ઝંડો બતાવવામાં આવે તો મિડિયા દ્વારા વિશ્વભરમાં તેની નોંધ લેવાય અને સરકારની નામોશી થઈ શકે. તેથી આઈબી દ્વારા કરાયેલી કામગીરીની પણ સમીક્ષા હાથ ધરાય તેમ છે.

દરમ્યાન, ટ્રમ્પ પોતાના પરિવાર અને અધિકારીઓ સસાથે ૨૪મીએ એરફોર્સ વન નામના ખાસ વિમાનમાં આવી પહોંચશે. તેઓ ગાંધી આશ્રમની પણ મુલાકાત લઈને ત્યારબાદ મોટેરા સ્ટેડિયમમાં આયોજિત નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં હાજરી આપશે. અને અમદાવાદથી સીધા આગરા માટે રવાના થશે.

સૂત્રોએ વધુમાં કહ્યું કે અમદાવાદ અને અન્યત્ર ટ્રમ્પ અને પરિવાર ૫ ટિયર સુરક્ષા ઘેરામાં રહેશે. ૩૬ કલાકની તેમની અમદાવાદ મુલાકાતની સુરક્ષા માટે અંદાજે કમ સે કમ રૂ. ૧૦૦ કરોડનો ખર્ચ થઈ રહ્યો છે, તેમની સુરક્ષા માટે અંદાજે ૨૫ હજાર પોલીસ તહેનાત કરવામાં આવ્યાં છે.નમસ્તે ટ્રમ્પ-અમેરિકાના રાષ્ટ્રપતિની અમદાવાદ મુલાકાતની એક-એક મિનિટ અમદાવાદને ૫૦-૫૦ હજારમાં પડશે.

અમેરિકન રાષ્ટ્રપતિ એટલે કે દુનિયાના સૌથી તાકાતવાર વ્યક્તિ. તેથી સ્પષ્ટ છે કે, દરેક સેકન્ડે દરેક પગલે દુનિયાની તેમની પર નજર રહેતી હોય છે. આ વખતે આ નજર ડોનાલ્ડ ટ્રમ્પ પર છે. કારણ છે તેમની વોશિંગ્ટનથી ૧૨ હજાર કિમી દૂર ભારતની ૩૬ કલાકની મુલાકાત. જો કે તેની તૈયારી પણ એ કક્ષાની જ કરવામાં આવી છે. ટ્રમ્પ તેમની પત્ની મેલેનિયા, દીકરી ઈવાંકા અને જમાઈ જેરેડ કુશ્નર દરેક ક્ષણે ૫ ટિયર સુરક્ષાના ઘેરામાં રહેશે. તેમને મોટેરા સ્ટેડિયમથી પરત એરપોર્ટ અને આગ્રા એરપોર્ટથી તાજમહેલ લઈ જવા સુધી ખાસ હેલિકોપ્ટર મરીન વન અને વિશ્વની ઉચ્ચતમ સુરક્ષા વાળી કાર કેડેલિક (બીસ્ટ) પણ અમદાવાદ પહોંચી ગઈ છે. અને રિહર્સલ પણ થઈ રહ્યું છે.

અમેરિકાના પ્રથમ પરિવારની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી અમેરિકન સિક્રેટ સર્વિસને સોંપવામાં આવી છે. ભારતીય લાઈઝનિંગ અધિકારીઓને તેમના સુધી પહોંચ આપવામાં આવી છે. બીજા રાઉન્ડમાં એનએસજી, ચેતક કમાન્ડો, અર્ધ સૈનિક બળ અને અંતે બહારની સુરક્ષાની જોવાની જવાબદારી ગુજરાત, ઉત્તર પ્રદેશ અને દિલ્હી પોલીસના ૨૫ હજાર જવાનોની રહેશે. ટ્રમ્પની કલાક દીઠ સુરક્ષામાં દોઢ કરોડ અને ૩૬ કલાકની સુરક્ષા માટે રૂ. ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

મોદી સાથેની બેઠકમાં
પહેલા પાનાનું ચાલું

કહ્યું, 'અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાના સાર્વજનિક અને અંગત એમ બંને ભાષણ દરમિયાન લોકતંત્રની પરંપરાઓ અને ધાર્મિક સ્વતંત્રતાના વિષય પર ચર્ચા કરશે. તેઓ આ મુદ્દાને ઉઠાવશે, ખાસ કરીને ધાર્મિક સ્વતંત્રાતાના મુદ્દો કે જે પ્રશાસન માટે અત્યંત મહત્વપૂર્ણ છે.' ટ્રમ્પના સીએએ-એનઆરસી પર વડાપ્રધાન મોદી સાથે વાત કરવાની યોજના સાથે સંકળાયેલા એક પ્રશ્નના જવાબમાં અધિકારીએ આ અંગેની વાત કરી હતી. ઉલ્લેખનીય છે કે નાગરિકતા સુધારણા કાયદા પર હજી પણ દેશમાં કેટલાક સ્થળોએ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.

ટ્રમ્પ સરકારના એક વરિષ્ઠ અધિકારીએ સીએએ-એનઆરસી સાથે સંકળાયેલા પ્રશ્ન પર કહ્યું કે, 'તમે જે મુદ્દાઓ ઉઠાવ્યા છે તેમાંથી કેટલાક મુદ્દાઓ પર અમે પણ ચિંતિત છીએ. મારું માનવું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ વડાપ્રધાન મોદીની સાથે બેઠકમાં આ મુદ્દાઓ પર ચર્ચા કરશે.'

અધિકારીએ કહ્યું કે, 'ધાર્મિક સ્વતંત્રતા, ધાર્મિક લઘુમતિ ધરાવતા સમાજના સમ્માન અને તમામ ધર્મોની સાથે સમાન વ્યવહાર જેવી બાબતોનો સમાવેશ ભારતીય કાયદામાં થાય છે. આવી કેટલીક બાબતો છે કે જે રાષ્ટ્રપતિ માટે મહત્વપૂર્ણ રહેશે અને મને વિશ્વાસ છે કે તેઓ આ મુદ્દાઓ પર ચર્ચા જરૂરથી કરશે.

અમદાવાદમાં ટ્રમ્પ યાત્રા
પહેલા પાનાનું ચાલું

બોલાવવા માટે ક્વોટા નક્કી કરાયો છે.દરેક જિલ્લામાંથી શિક્ષકો બોલાવાયા છે.ભલે સ્વાગત માટે કમિટી હોય પણ મોટેરા સ્ટેડિયમને ભાડે લેવાયુ છે, દેશભરમાંથી કલાકારો આવી રહ્યા છે. આ બધુ કમિટીના નિયંત્રણમાં છે જ નહી.આ સામે કોંગ્રેસને વાંધો નથી પણ તે અંગે ખોટુ બોલવાની જરુર નથી.જો સરકાર કાર્યક્રમ માટે પૈસા આપી રહી હોય તો છુપાવવામાં કેમ આવી રહ્યુ છે.

ફડણવીસ ફરી
પહેલા પાનાનું ચાલું

ઉદ્ધવ ઠાકરે અને પીએમ મોદીની મુલાકાત બાદ આવ્યું છે. તેમણે કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસના ભાગ્યમાં વિપક્ષના નેતા બનવાનું વધુ ઝાઝા દિવસો સુધી નહીં રહે. ભૂતપૂર્વ મુખ્યપ્રધાનનો ટેગ પણ અલ્પજીવી છે. મહત્વનું છે કે આરએસએસમાં નંબર-૨ ટુનું સ્થાન ધરાવતા ભૈય્યાજી જોશીનું આ નિવેદન મહારાષ્ટ્ર વિકાસ અઘાડી વચ્ચે વિવિધ મુદ્દે ચાલી રહેલા મતભેદોને લઈને મહત્વનું મનાઈ

પાકિસ્તાન આતંકવાદ
પહેલા પાનાનું ચાલું

થશે જ્યારે પાકિસ્તાન આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે અને આતંકનો ખાત્મો કરે. તેના પર અમે સતત નજર રાખી રહ્યાં છીએ. તેમણે કહ્યું કે મારું માનવું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ હાલ બંને દેશોને એલઓસી પર શાંતિ જાળવી રાખવાની અપીલ કરી શકે છે.

જમ્મુ-કાશ્મીરના
પહેલા પાનાનું ચાલું

સક્રિય જૈશ-એ-મોહમ્મદના આતંકીઓને મદદ પૂરી પાડતો હતો. આ ઉપરાંત તેના પર આ વિસ્તારમાં સક્રિય આતંકીઓને આશકો આપવાનો અને તેની લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડવાનો પણ આક્ષેપ છે. આ મામલે પોલીસ લોનની ધરપકડ કરીને તેની સામે સંબંધીત કલમો લગાડીને કાર્યવાહી શરૂ કરી છે.

તિરૂવનંતપુરમ એરપોર્ટ અદાણીને સોંપાતા કેરળ સરકાર સુપ્રીમમાં પહોંચી

ન્યુ દિલ્હી

તિરૂવનંતપુરમનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અદાણી એન્ટરપ્રાઈઝને સોંપવાના એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા(એએઆઈ)ના નિર્ણયને કેરળ સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી, ૨૦૧૯માં અદાણી એન્ટરપ્રાઈઝ ૫૦ વર્ષ સુધી તિરૂવનંતપુરમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના સંચાલન અને ઓપરેશનની કામગીરી માટેની બોલી જીતી લીધી હતી. કેરળ સરકારે આ સંદર્ભમાં કેરળ હાઈકોર્ટમાં પણ અરજી કરી હતી. કેરળ હાઈકોર્ટે રાજ્ય સરકારની આ અરજી ફગાવી દેતા જણાવ્યું હતું કે આ કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેનો વિવાદ હોવાથી અરજકર્તાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી આગામી સપ્તાહમાં થવાની શક્યતા છે. કેરળ સરકારે ત્રીજી ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ અંગે અદાણી એન્ટરપ્રાઈઝનો સંપર્ક સાધવામાં આવતા તેમનો પ્રવક્તાએ જણાવ્યું હતું કે કેસ કોર્ટમાં ચાલતો હોવાથી હાલમાં આ અંગે કોઈ પણ ટિપ્પણી કરી શકાય તેમ નથી.

બોલી દરમિયાન અદાણીએ યાત્રી દીઠ ૧૬૮ રૂપિયા, રાજ્ય સરકારની માલિકીના કેરલ સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (કેએસઆઈડીસી)એ યાત્રી દીઠ ૧૩૫ રૂપિયા અને જીએમઆર ગ્રુપે ૬૩ રૂપિયા ચુકવવાની ઓફર કરી હતી.

દિલ્હીમાં મેલેનિયા સ્કૂલના બાળકોને મળશેઃ કેજરીવાલ-સિસોદિયાનું નામ 'આઉટ'

ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પત્ની મેલેનિયા ટ્રમ્પ દિલ્હીની સરકારી સ્કૂલની મુલાકાત લેવાના છે. પરંતુ તેમની મુલાકાત દરમ્યાન મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ અને નાયબ મુખ્યપ્રધાન મનિષ સિસોદિયા સામેલ નહીં થાય. સુત્રો મુજબ આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે કેન્દ્ર સરકારે અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદિયાના નામ કાર્યક્રમમાંથી હટાવ્યા છે.

આ પહેલા નિર્ધારિત કાર્યક્રમ મુજબ બંને અમેરિકાના ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પ સાથે સ્કૂલની મુલાકાત દરમ્યાન ઉપસ્થિત રહેવાના હતા. મેલેનિયા ટ્રમ્પ ૨૫ ફેબ્રુઆરીએ દક્ષિણ દિલ્હીની સરકારી સ્કૂલમાં હેપ્પીનેસ ક્લાસ નિહાળવા જશે. મેલેનિયા અંદાજે ૧૨ વાગ્યા આસપાસ સ્કૂલની મુલાકાત લેશે. તે અંદાજે ૧ કલાક સ્કૂલમાં વીતાવશે અને બાળકો સાથે મુલાકાત કરશે. જ્યારે ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે મુલાકાત ચાલી રહી હશે ત્યારે જ તે બાળકો સાથે મુલાકાત કરી રહ્યા હશે. મહત્વનું છે કે પહેલી વખત અમેરિકાના કોઈ ફર્સ્ટ લેડી દિલ્હીની કોઈ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરશે.



ભગવાન શ્રીરામની દેવભૂમિમાં આપનું હાર્દિક સ્વાગત અને અભિનંદન....અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગતમાં આ હોર્ડિંગ્સ તાજમહેલ પાસે લાગેલા છે. જેમાં ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર પણ છે. આવા જ હોર્ડિંગ્સ ખેરિયાથી તાજ સુધીના ૧૫ કિ.મી રૂટ પર દરેક જગ્યાએ લાગેલા છે. બજારમાં ચાર રસ્તા પર આ હોર્ડિંગ્સની સામેના એક હોર્ડિંગ્સ પર લખ્યુ છે કૃષ્ણની ભૂમિ પર આપનું સ્વાગત છે. હોર્ડિંગ્સ પર એ સંદેશ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે ઉત્તર પ્રદેશ ભગવાન રામ અને કૃષ્ણની ભૂમિ છે.

જેને મન અમેરિકાનું હિત સર્વોપરી હોય એ ભારતને શું આપશે....? ધૂળ....?

દિલ્હીની સરકારી શાળાઓમા "હેપ્પીનેસ અભ્યાસક્રમ" શરૂ કરવામા આવેલ છે.ત્યારે ટ્રમ્પ પત્નિ મેલાનિયા દક્ષિણ દિલ્હીની આવી એક શાળાની મુલાકાત લેવાના છે તેઓશ્રીની સાથે જવામા કેજરીવાલ અને સિસોદિયાની બાદબાકી કરી નાખવા બાબતે દિલ્હીવાસીઓમાં ભારે નારાજગી પ્રસરી ગઈ છે તો ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત પાછળ થનારો ખર્ચ અંગે આમ પ્રજામાં મોટા પ્રમાણમાં શંકા-કુશંકાઓ ઉભી થવા પામી છે.....! જેનું કારણ છે વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જાહેર કરેલી વાતો... તો વડાપ્રધાન મોદી-શાહ માટે ગાળો બોલતો વાયરલ થયેલ વિડિયો અને ઓવૈસીની જાહેર સભામાં પાક.ઝિંદાબાદના નારા બોલાવતી અમૂલ્યા અંગે દિલ્હીના રાજકીય ક્ષેત્રો તેમજ ગુજરાતના શિક્ષિત વર્ગ સહિતના લોકો ભારે ચર્ચા સાથે આક્રોશ વ્યક્ત થઈ રહ્યો છે.... દિલ્હી શાહીબાગનું સીએએ કાયદા વિરુદ્ધ ગાંધી ચિંધ્યા રસ્તે બે માસથી ચાલી રહેલા મહિલા આંદોલનને સમેટવા સુપ્રીમ કોર્ટે આંદોલનકારીઓ સાથે વાત કરવા જાણીતી બે હસ્તીને મોકલ્યા હતા. પરંતુ વાતચીત કરવામા મહિલાઓની જુમલાબાજી શરૂ થઈ હતી...આમ છતાં આંદોલનકારીઓ રસ્તા પરથી હટી ગયા હતા. પરંતુ પોલીસની તેમની સાથેના વાણી, વર્તન, વ્યવહારથી આંદોલનકારી મહિલાઓમાં આક્રોશ ફરી વળ્યો હતો. પરિણામે આંદોલનકારી મહિલાઓ પુનઃ રસ્તા પર બેસી ગયા હતા. અને માંગ કરી હતી કે પહેલા સીએએ હટાવો પછી વાત કરીશું. જોકે આંદોલનકારી મહિલાઓના પ્રતિનિધિઓને મળવા માટે બોલાવ્યા હતા.... પરંતુ કોઈ પણ મળવા ગયા ન હતા. તેથી વાર્તાકારો પણ કંટાળી ગયા હતા. હવે સુપ્રીમ કોર્ટ શુ કરે છે તેના પર બધો આધાર છે.....!? તાજમહેલને ધોઈને સ્વચ્છ કરવા સાથે તેની ફરતા વિસ્તારોને નવી દુલ્હનની જેમ શણગારવામાં આવી રહ્યાં છે. પરંતુ અમદાવાદમાં કરેલ અધધ રૂપિયા ૧૩૦ કરોડના ખર્ચ જેટલો ખર્ચ નહીં હોય... ત્યારે વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ અમેરિકામાં હાઉડી કાર્યક્રમમાં જે ખર્ચ થયો તે "ટેક્સાસ ઈન્ડિયા ફોરમે" કરેલો અને ટ્રમ્પની મુલાકાત પાછળનો ખર્ચ "ડોનાલ્ડ ટ્રમ્પ નાગરિક અભિવાદન સમિતિ" કરી રહી છે તેવી સ્પષ્ટતા કરતા રાજકીય તેમજ દેશભરના દરેક ક્ષેત્રમાં શંકા- કુશંકાઓ પેદા થઈ ગઈ છે....! કારણ આ સમિતિની વાત ગઈકાલે શુક્રવારે જાહેર થઈ છે. જોકે બંને કાર્યક્રમ યોજનાર આયોજક સમિતિના પદાધિકારીઓ કોણ છે...? તેની કોઈજ સ્પષ્ટતા કરતા નથી..કે તેનો કોઈ ફોડ પાડ્યો નથી. જેનો મતલબ થનાર કરોડોના ખર્ચમાં ગરબડ-ગોટાળા છે. તેવું આમ પ્રજાનું માનવું છે.....! ત્યારે જવાબદારો ખુલાસો કરશે કે કેમ....?

ટ્રમ્પ પત્ની મેલેનિયા વિદ્યાર્થીઓમાં તળાવ ઉભો ન થાય તે માટે દિલ્હીની શાળાઓમા શરૂ કરવામા આવેલ "હેપ્પીનેસ અભ્યાસક્રમ"ને માણવા-જાણવા દક્ષિણ દિલ્હીની એક શાળાની મુલાકાત લેવાના છે. પરંતુ તેમની સાથે દિલ્હી રાજયના મુખ્યમંત્રી કેજરીવાલ કે સિસોદિયા નહી હોય તે વાત જાણીને દિલ્હીવાસીઓમાં નારાજગી ફરીવળી છે...! તેમનું કહેવું છે કે દેશભરમાં શિક્ષણ ક્ષેત્રે આગવી તરાહ અપનાવનારા, સરકારી શાળાઓને આધુનિક બનાવનારાઓ, સારું નહિ પરંતુ સર્વશ્રેષ્ઠ શિક્ષણ માટેનો પાયો મજબૂત કરનારાઓ કેજરીવાલ અને સિસોદિયાને કયા કારણોથી દૂર રાખવામાં આવ્યા છે....? શું ભાજપનું કંઈ લૂંટાઈ જાય છે....? તવા પ્રશ્નો કરતા કહે છે નર્મદા બંધ માટે ચીમનભાઈ પટેલને તેમજ કોંગ્રેસને જશ આપવો પડે પરંતુ તેને ભૂલાવીને નરેન્દ્ર મોદીએ કે ભાજપાએ નર્મદા ડેમ ઉભો કર્યો છે તેવી વાતનો લોક વિરોધ ન થયો એટલે દિલ્હીમાં પણ આવી વ્યુહ રચના અપનાવી છે..? તેવો પ્રશ્ન દિલ્હીના લોકો કરી રહ્યા છે. જો ભાજપા કે કેન્દ્ર સરકારના નેતાઓ દિલ્હીની શાળા મુલાકાત માટે ગુજરાત જેમજ ચલાવી શકાશે તેવુ સમજતા હોય તો તેઓ થાપ ખાઈ રહ્યા છે....! જો સમજે તો સારું નહીં તો ભવિષ્યમા ભાજપાનેજ મોટું નુકસાન જશે....!!

ગુજરાતના રાજકીય ક્ષેત્રે અને લોકોમાં ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત અંગે કરવામાં આવતા ખર્ચ અંગે અનેક શંકા-કુશંકાઓ વ્યક્ત થઈ રહી છે... કારણ ખર્ચ સામે કોઈ વળતર મળવાનું નથી....! તો ટ્રમ્પે ખુદે પણ કહી દીધું છે કે અમેરિકાના હિતમાં હશે તો જ વ્યાપાર કરાર કરીશું... તો શું ભારતે તેનું હિત ભૂલી જવાનું.....? રૂ. ૧૩૦ કરોડ જેવો માતબર ખર્ચ થવાનો છે તો તેનો મતલબ શો....? આટલા પૈસા અમદાવાદમાં ઝૂંપડપટ્ટી દૂર કરવા બહુમાળી આવાસો બનાવી ઝુપડા વાળાઓને વસાવી દેવાય તો.....?ઝૂપડ પટ્ટી રહેજ નહીં. કે દેખાય પણ નહીં...! ઉપરાત સામાન્ય માસિક વસુલાત કરવાથી તમામ રોકાણ પરત મળી જાય...! પણ આવી વાત સાચો ગુજરાતી જ સમજી શકે બીજાનું કામ નહીં....!! તો સોશિયલ મીડિયા પર વડાપ્રધાન મોદી અને શાહ ને ગલીચ ગાળો બોલતો વીડિયો વાયરલ થયો છે... જેનાથી લોકોમાં આક્રોશ ફરી વળ્યો છે. આવી જ ભાષા કોઈના પણ માટે વાપરે તો કોઈ જ સહન ન કરી શકે.... તો સાયબર ક્રાઈમ તાકીદે આવાને પકડી સબક શીખવાડે તેવી લાગણી ફરી વળી છે. જ્યારે ઓવૈસીની સભામાં અમૂલ્યા નામની યુવતી પાક. ઝિંદાબાદના નારા બોલાવે છે અને ઓવૈસી માઈક છીનવી લે છે. તે વીડિયો વાયરલ થયો છે, પોલીસે તેણીને પકડી લીધી છે. પણ જે પ્રકારે ઓવૈસી ભાષણમાં શબ્દો વાપરે છે તે આમ પ્રજા માટે સમજવું જરૂરી છે. જોકે કદાચ ૨૦૧૫ મા કોઈ ખાનગી સ્થળે ભાજપા નેતા સાથે રાત્રી મુલાકાત પછીનો નવો રાજકીય ખેલ હોઈ શકે....! તેવી શંકા સમજુ લોકો વ્યક્ત કરવા સાથે કહે છે આ બધું રાજકિય ક્ષેત્રે યોગ્ય નથી... કારણ રાવણનું પણ પતન થયું હતું તો બીજાનું શું ગજું.....?

ભારતનો જડબાતોડ જવાબઃ પાક.ની ૬ ચોકીઓ તબાહ, ત્રણ સૈનિકો ઠાર

કુપવાડા

પાકિસ્તાની સેનાએ કુપવાડા સેક્ટરમાં એલઓસી પર કરેલા ફાયરિંગના જવાબમાં ભારતીય સેનાએ આપેલા જડબાતોડ જવાબમાં પાકિસ્તાનને ભારે નુકસાન થયુ છે. ભારતીય સેનાએ પાકિસ્તાનના ત્રણ સૈનિકોને ઢાળી દીધા છે અને બીજા ૧૪ સૈનિકો ઘાયલ થયા છે.પીઓકેમાં નિલમ વેલીમાં પાકિસ્તાનની ૬ ચોકીઓ ભારતના વળતા જવાબમાં તબાહ થઈ ચુકી છે.

પાકિસ્તાને ગુરુવાર સવારથી જ ભારતીય સેનાની ચોકીઓને તેમજ રહેણાંક વિસ્તારને નિશાન બનાવીને ઉશ્કેરણીજનક ગોળાબારી શરુ કરી હતી.એ પછી ભારતીય સેનાએ જવાબી કાર્યવાહી કરીને પાકિસ્તાનને બરાબરનો પાઠ ભણાવ્યો છે.

એ પછી પણ પાકિસ્તાન તરફથી ફાયરિંગ યથાવત છે.જોકે ભારતીય સેનાએ વળતો જવાબ આપવામાં કોઈ કસર બાકી રહાખી નથી.આજે શનિવારે સવારે પણ સરહદ પર ફાયરિંગ ચાલુ રહ્યુ હતુ.

વારિસ પઠાણ ગુજરાતના તોફાનો ભુલે નહીંઃ ગિરિશ વ્યાસ ભાજપ નેતા

ન્યુ દિલ્હી

ઓલ ઈન્ડિયા મજલિસે ઈત્તેહાદુલ મુસ્લિમીનના નેતા વારિસ પઠાણે ૧૫ કરોડ મુસ્લિમો ૧૦૦ કરોડ પર ભારે પડશે તેવા આપેલા નિવેદન બાદ ભાજપના નેતાઓ પણ આકરા પાણીએ છે.

તેવામાં મહારાષ્ટ્ર ભાજપના પ્રવક્તા ગિરિશ વ્યાસે પણ ભડકાઉ નિવેદન આપતા કહ્યુ છે કે, ગુજરાતના તોફાનોમાં જે થયુ તે વારિસ પઠાણે ભુલવુ જોઈએ નહી.

વ્યાસે મુસ્લિમ સમુદાને વારિસ પઠાણ જેવા લોકોનો બહિષ્કાર કરવાની અપીલ કરતા કહ્યુ હતુ કે, આ દેશના યુવાઓ અને ભાજપનો કાર્યકર વારિસ પઠાણને તેની જ ભાષામાં જવાબ આપી શકે છે.

તેમણે કહ્યુ હતુ કે, અમે સહિષ્ણુ છે તેનો મતબલ એ નથી કે અમને તેમની સાથે કામ પાર પાડતા આવડતુ નથી. ગુજરાતના કાલુપુરમાં જે થયુ હતુ તે યાદ કરી લે તો મારો વિશ્વાસ છે કે, તે ફરી માથુ ઉંચકવાનુ સાહસ નહી કરે.

ગિરિશ વ્યાસે આડકતરી રીતે ગોધરા કાંડ બાદના તોફાનોની યાદ દેવડાવી હતી.જેમાં ૧૦૦૦ થી વધારે લોકો માર્યા ગયા હતા.

વિવાદિત નિવેદન બાદ AIMIM નેતા વારિસ પઠાણ વિરુદ્ધ એફઆઈઆર દાખલ

ક્લબુર્ગી

કલબુર્ગી પોલીસે ભડકાઉ ભાષણ કરવા બદલ એઆઈએમઆઈએમ નેતા વારિસ પઠાણ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધી છે. પોલીસે હુલ્લડ ભડકાવવાના આશય સાથે લોકોને ભડકાવવા માટે કલમ ૧૧૭ અને ૧૫૩ હેઠળ અને બંને પક્ષો વચ્ચે દુશ્મનાવટ વધારવા માટે આઈપીસીની કલમ ૧૫૩એ હેઠળ ગુનો નોંધ્યો છે. જોકે ૧૬ ફેબ્રુઆરીએ કર્ણાટકના કલબુર્બીમાં નાગરિકતા સુધારો અધિનિયમ (સીએએ) વિરુદ્ધ આયોજીત એક રેલીમાં કહ્યું હતું કે આપણે સાથે મળીને આગળ વધવું પડશે. આપણને આઝાદી જોઈએ છે, આ પ્રકારની વસ્તુઓ ફક્ત પૂછવાથી નથી મળતી, આપણે તેને છીનવી પડશે.

અહીં આપણે ૧૫ કરોડ છીએ તે પણ ૧૦૦ કરોડ પર ભારી છીએ.પઠાણનું નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થયું હતું. જોકે નેતાઓ અને અભિનેતાઓએ આ વિવાદિત નિવેદન પર કડક પ્રતિક્રિયા આપી છે. પત્રકારો સાથે વાત કરતાં એ આઈઆઈઆઈએમ મહારાષ્ટ્ર એકમના વડા અને ઔરંગાબાદના સાંસદ ઈમ્તિયાઝ જલીલે કહ્યું કે અમારી પાર્ટી વારિસ પઠાણ દ્વારા અપાયેલા નિવેદનનું સમર્થન નથી કરતી. જરૂર પડશે તો પાર્ટી આ નિવેદન માટે જવાબ માંગશે.

પ્રદ્યુમ્નપાર્કમાંથી ૫ દિવસ બાદ દીપડાને પકડીને વન વિભાગે પાંજરે પૂર્યો

રાજકોટ

રાજકોટના પ્રદ્યુમ્નપાર્કમાંથી ૫ દિવસ બાદ દીપડો આખરે પકડાઈ ગયો છે. પ્રદ્યુમ્નપાર્ક ઝૂ સ્ટાફ અને વન વિભાગ દ્વારા દીપડાને પકડી પાડવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

ગત રવિવારના રોજ રાજકોટ પ્રદ્યુમ્નપાર્ક ઝુમાં દીપડાએ હરણનું મારણ કર્યું, ત્યારે સોમવારે ફરજ પર પહોંચેલા પ્રદ્યુમન પાર્ક ઝુના અધિકારીઓ તેમજ સ્ટાફને જાણ થઈ હતી કે, રવિવારે રાત્રે દીપડા દ્વારા મારણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ તકેદારીના ભાગરૂપે પ્રદ્યુમ્ન પાર્ક ઝુને મુલાકાતીઓ માટે બંધ કરવાની જાહેરાત કરી દેવામાં આવી હતી અને ગણતરીની કલાકોમાં જ વન વિભાગની મદદથી દીપડાનું સર્ચ ઓપરેશન પણ હાથ ધરવામાં આવ્યું હતું. જોકે સબ સલામતનો દાવો કરીને તંત્રએ મુલાકાતીઓ માટે ઝુ ખુલ્લુ મૂકી દીધુ હતું. સતત ૫ દિવસ સુધી દીપડા માટે વનવિભાગ અને પ્રદ્યુમન પાર્ક ઝૂ દ્વારા રાત્રી દમરિયાન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. દીપડાને પકડવા માટે સાત જેટલા પિંજરા પણ મારણ સાથે રાખવામાં આવ્યા હતા, ત્યારે વહેલી સવારે રાજકોટ મ્યુનિસિપલ કમિશનર ઉદય અગ્રવાલ દ્વારા સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે કે, ઝુમાં ઘુસેલા દીપડાને પકડી પાડવામાં આવ્યો છે.

સબ સલામતનો દાવો કરીને મુલાકાતીઓ માટે ઝુ ખુલ્લુ મૂકી દીધુ હતું. જોકે મુલાકાતીઓ પર મોટુ જોખમ હતું. તંત્રએ ઝુ ખુલ્લુ મૂક્યા બાદ ખરેખર દીપડો મળી આવ્યો છે, જેથી મોટી જાનહાની ટળી છે.

ટ્રમ્પની એક મિનિટ અમદાવાદને અધધધ... ૪૭ લાખમાં પડશે..!!

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પત્ની મેલેનિયા અને નરેન્દ્ર મોદીની અમદાવાદની મુલાકાતને લઈને શહેરમાં છેલ્લા ૧ મહિનાથી તૈયારીઓ ચાલી રહી છે. ટ્રમ્પ અને તેમની પત્ની મેલેનિયાના સ્વાગતથી લઈને રોડ શો માટે ભરપૂર ખર્ચ કરવામાં આવ્યો છે. ટ્રમ્પની અમદાવાદની સાડા ત્રણ કલાકની મુલાકાત પાછળ અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. સાડા ત્રણ કલાક અને રૂ. ૧૦૦ કરોડના ખર્ચ હિસાબે ટ્રમ્પની એક મિનિટ ૪૭ લાખ રૂપિયામાં પડી છે. આ ખર્ચમાં સ્ટેડિયમના બ્યુટિફિકેશનના કામથી લઈ રોડ, પોલીસ કર્મીઓ તેમજ સુરક્ષા સહિતનો સામેલ છે.

ટ્રમ્પ અને પત્ની મેલેનિયા સાડા ત્રણ કલાક માટે અમદાવાદના મહેમાન બનાવાના છે. ત્યારે તેમના આગમન પહેલા જ સ્ટેડિયમ સહિતના વિસ્તારોમાં પોલીસ સુરક્ષા તૈનાત કરી દેવામાં આવી છે. અંદાજે ૩૦ હજાર પોલીસ કર્મીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાઈ દેવાયો છે. અમદાવાદ મ્યુનિસિપલે સ્ટેડિયમની આસપાસના રોડના રિસરફેસિંગ પાછળ ૬૦ કરોડની આસપાસનો ખર્ચ કર્યો છે. આ સિવાય ઔડા દ્વારા પણ રોડ તેમજ ફૂટપાટ સહિત માટે ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઉપરાંત સ્ટેડિયમમાં આવનાર આમંત્રિત મહેમાનોના ટ્રાંસપોર્ટેશન સહિત માટે ૧૦ કરોડ અને અન્ય કાર્યક્રમો માટે ૪ કરોડ રૂપિયાની આસપાસનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

નિર્ભયા કેસઃ દોષિત વિનય શર્માની અરજી પટિયાલા હાઉસ કોર્ટે ફગાવી

ન્યુ દિલ્હી

નિર્ભયાના દોષિત વિનય શર્માની અરજી પટિયાલા હાઉસ કોર્ટે ફગાવી દીધી છે . કોર્ટે કહ્યું કે, તિહાડ જેલની રિપોર્ટ પ્રમાણે દોષિત વિનય શર્માની માનસિક સ્થિતિ યોગ્ય છે. તેને માનસિક સ્થિતિને લઈને સારવારની જરૂર નથી. પટિયાલા હાઉસ કોર્ટે તિહાડ જેલને નિર્ભયાના તમામ દોષિતોને મેડિકલ સુવિધા અપવા સુનિશ્ચિત કરવા કહ્યું છે.

અરજી પર સુનવણી દરમિયાન તિહાડ જેલ તંત્રને કહ્યું કે, દોષિત વિનય શર્માને જેલમાં પોતાનું માથું ફોડ્યું હતું. હાથમાં ઈજા પણ આવી છે. ડોક્ટરે રિપોર્ટ કોર્ટમાં રજૂ કર્યા છે.

દીપિકા અને રણવીર 'બ્રહ્માસ્ત્ર' ફિલ્મમાં રણબીર કપૂરનાં માતા-પિતા બનશે..!!

દીપિકા પાદુકોણ અને રણવીર સિંઘને 'બ્રહ્માસ્ત્ર' ટ્રાયોલોજીમાં મહત્વના રોલ્સ ઓફર કરવામાં આવ્યા હતા. જેને તેમણે ફગાવી દીધા હતા. એક રિપોર્ટ અનુસાર આ એક્ટર્સને આ ફિલ્મ્સમાં લીડ એક્ટર રણબીર કપૂરના પેરેન્ટ્સના રોલ્સ ઓફર થયા હતા.

એક સોર્સે જણાવ્યું હતું કે, ''બ્રહ્માસ્ત્ર'ને એ રીતે લખવામાં આવી છે કે, જેમાં અનેક એક્ટર્સે પહેલાં પાર્ટમાં ભાગ્યે જ કશું ભજવવાનું છે, પરંતુ આ ટ્રાયોલોજીના એ પછીના બે ભાગમાં તેમના મહત્વના રોલ્સ છે. અયાન મુખર્જીને થર્ટીઝની એજના યંગ જનરેશનના બે એક્ટર્સની જરૂર હતી કે જેઓ રણબીરના પેરેન્ટ્સના રોલ્સ પ્લે કરી શકે. એ સમયે તેણે એના માટે રણવીર અને દીપિકાનો એપ્રોચ કર્યો હતો.'

આ સોર્સે વધુ કહ્યું હતું કે, 'આ ફિલ્મમાં રણબીર નાની ઉંમરે તેના પેરેન્ટ્સ ગુમાવી દે છે. એટલે રણવીર અને દીપિકાએ આ ફિલ્મમાં તેમની એક્ચ્યુઅલ ઉંમરનાં જ પાત્રો ભજવવાનાં હતાં. 'બ્રહ્માસ્ત્ર'ના પાર્ટ વનમાં તેમનો કેમિયો છે, પરંતુ તેમની બેકસ્ટોરી આ પ્રોજેક્ટના બીજા ભાગમાં આવે છે. આ ઈન્ટરેસ્ટિંગ કાસ્ટિંગ રહ્યું હોત, પરંતુ રણવીર અને દીપિકાએ આ ફિલ્મ માટે હા ના પાડી.

વિરમગામના કે. બી. શાહ વિનયમંદિરમા ધોરણ ૧૦ અને ૧૨ના વિધાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો



• શુભેચ્છા સમારોહમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો
• શુભેચ્છા સમારોહમા વિરમગામના પત્રકારોને શાળા પરીવાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

અમદાવાદ જીલ્લાના શ્રી કેળવણી મંડળ વિરમગામ સંચાલીત જાણીતી શૈક્ષણિક સંસ્થા કે બી શાહ વિનયમંદિરના ધોરણ ૧૦ અને૧૨ ના વિધાર્થીઓ નો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આગામી બોર્ડની પરીક્ષામા વિદ્યાર્થીઓને સારા પરીણામ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. શુભેચ્છા સમારોહમા વિરમગામના પત્રકારોને શાળા પરીવાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં. શુભેચ્છા સમારોહ કાર્યક્રમમા કમીજલા ભાણ સાહેબની જગ્યાના મહંત પૂજય જાનકીદાસ બાપુ, કાર્યક્રમના મુખ્ય મહેમાન પ્રશાંતભાઈ જોષી, વિરમગામ નગરપાલિકાના કાઉન્સીલર નિલેશભાઈ ચૌહાણ તથા દિપાબેન ઠક્કર, વિરમગામ શહેર ભાજપ મહામંત્રી હિતેશભાઈ મુનસરા, શાળાના આચાર્ય અલ્કેશભાઈ દવે, તેજશભાઈ વજાણી સહિત વિધાર્થીઓ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓને ભયમુક્ત બનીને બોર્ડની પરીક્ષા આપવા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. શુભેચ્છા સમારોહમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો અને સારૂ પરીણામ મેળવનારા તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

બિયરનાં ટિન ભરેલી પિકઅપ વાન પલટી, લોકોએ લૂંટ મચાવી

પંચમહાલ

જાંબુઘોડાનાં ઝબાણ પાસે બિઅર ભરેલી પિકઅપ વાન પલટી જતા ભારે અફરાતફરીનો માહોલ છવાઇ ગયો હતો. આ પિકઅપ ગાડી પલટી જતા રોડ ઉપર બિઅરનાં ટીન વિખરાયેલા પડ્યા હતાં. આ નીચે પડેલા બિયરનાં જથ્થાની આસપાસનાં સ્થાનિકોએ લૂંટ ચલાવી હતી. આ અંગે પોલીસને જાણ થતાં ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, જાંબુઘોડા હાલોલ રોડ પર આવેલા ઝબાણ ગામે સવારે આ ઘટના બની હતી. જેમાં પિકઅપ ગાડી પલટી જતા રોડ પર બિયરનાં ટીન વિખરાયેલા પડ્યા હતાં. આ બિયરનાં ટીન રસ્તા પર પડ્યાની જાણકારી વાયુવેગે વિસ્તારમાં ફેલાતા અનેક લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. કેટલાક લોકો તો એવા હતા કે ત્યાં જ ઉભા રહીને બિયરનાં ટીન પીવા લાગ્યા હતાં. જયારે અનેક લોકો બિઅરની ટિનનાં ખોખેખોખા લઇને ભાગી ગયા હતાં. આ અંગે જાંબુઘોડા પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. પિકઅપ વાન પલટી જતાં આ ઘટના બની હતી.

રસ્તા પર પાર્ક કરેલી પોલીસની ગાડી ટો કરી લેવાઇ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં વ્યવસ્થિત પાર્ક ન થયેલા સામાન્ય માણસોનાં વાહનો તો ટો થતાં જ હોય છે અને તેમની પાસેથી દંડ વસૂલવામાં આવે જ છે. ત્યારે આજે શહેરમાંથી વડોદરા રૂરલ પોલીસની રસ્તામાં ઉભી કારાયેલી કારને પણ અદાવાદ ટ્રાફિક પોલીસે ટો કરી દીધી છે. ત્યારે ઘણું જ કુતુહભરેલો માહોલ સર્જાયો હતો.

શહેરમાં હાલ અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પરિવારનું સ્વાગતની તડામાર તૈયારીઓ ચાલુ છે. ત્યારે આ કામ અંગે કે અન્ય કોઇપણ કામ માટે આવતા અધિકારીઓનાં ડ્રાઇવર જેમતેમ કાર પાર્ક કરી દેતા હોય છે. ત્યારે આજે વડોદરા પોલીસની કાર વ્યવસ્થિત રીતે પાર્ક કરવામાં ન આવતા તેને પણ શહેરનાં ટ્રાફિક પોલીસે ટો કરી દીધી હતી.

મળતી માહિતી પ્રમાણે, સરકારી ગાડીઓનાં ડ્રાઇવરો અને ટ્રાફિક પોલીસ વચ્ચે અવારનવાર ઘર્ષણ થાય છે. ત્યારે આ અવ્યવસ્થિત પાર્ક કરેલા વાહનોને ટો કરવાની કામગીરી અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. ટો કરીને વડોદરા પોલીસની ગાડીને પાસેનાં પાર્કિંગ પ્લોટમાં લઇ જવામાં આવી હતી. આ ઘટનાને કારણે આસપાસનાં લોકો પણ ભેગા થયા હતાં.

યુએસમાં ગુજરાતીના સ્ટોરમાંથી ૧૪૪૪ કરોડનો જેકપોટ, કમિશન પેટે ૩૦ હજાર ડોલર મળ્યાં

આણંદ

મૂળ આણંદના અને છેલ્લા ૨૦ વર્ષથી યુએસએના ન્યુજર્સીમાં રહેલા બોરસદના વેપારીના ક્વિક સ્ટોપ ફુડ સ્ટોરને ૧૪૪૪ કરોડનો જેકપોટ લાગ્યો છે. આ માટે ન્યુજર્સી લોટરી એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જેમ્સ કેરીએ સ્ટોરના માલિક કૌશિક અને અપેક્ષા પટેલને મેગા મિલિયન જેકપોટ ટિકિટ વેચવા માટે બોનસ કમિશન પેટે ત્રીસ હજાર ડોલરનો (૨૧ લાખ) એક ચેક આપ્યો છે. આ વેપારી છેલ્લા ૧૦ વર્ષથી પોતાના સ્ટોરમાં લોટરી ટિકિટ વેચી રહ્યા છે.

એક અઠવાડિયા પહેલા એક વ્યક્તિએ કૌશિક પટેલના 'ક્વિક સ્ટોપ ફૂડ સ્ટોર' એડિશનમાંથી એક લોટરીની ટિકિટ ખરીદી હતી. આ વ્યક્તિને ૨૦૨ મિલિયન ડોલર એટલે ૧૪૪૪ કરોડની લોટરી લાગી હતી. આટલી મોટી લોટરી લાગ્યા બાદ હવે આ સ્ટોર 'લકી લોટરી સ્ટોર' તરીકે જાણીતો થયો છે. આ સ્ટોર મૂળ આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના અલારસા ગામના વતની કૈશિક પટેલ અને અપેક્ષા પટેલનો છે. તેઓ છેલ્લા ૨૦ વર્ષથી યુએસના સ્થાથી થયેલા છે. ૨૦૨ મિલિયન ડોલરની મેગા મિલિયન ટિકિટ બદલ કૌશિક અને અપેક્ષા પટેલને ત્રીસ હજાર ડોલર એટલે રૂપિયા ૨૧ લાખ બોનસ ચુકવવામાં આવ્યું છે.

ન્યુજર્સી લોટરી એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જેમ્સ કેરીએ કૌશિક અને અપેક્ષા પટેલને વિજેતા ટિકિટ વેચવા બદલ અભિનંદન પાઠવ્યું હતું. તેમજ આ જીતથી સ્થાનિક ક્વિક સ્ટોપ સ્ટોરને ખૂબ જ લોકપ્રિય બનાવ્યું છે. તે દેશભરમાં લકી લોટરી સ્થાન તરીકે જાણીતો થયો છે તેમ જણાવ્યું હતું. સ્ટોરમાં આવતા ગ્રાહકોને લોટરી જીતવાની તક મળતા હવે આ સ્ટોરને લકી લોટરી સ્ટોર તરીકે પણ ઓળખવામાં આવે છે. સ્ટોરના ગ્રાહકો સતત લોટરી જીતતા હોવાથી કૌશિક અને અપેક્ષા પણ ખુબ જ ખુશ છે.

દીકરાને આંખોમાં ઈન્ફેક્શન છતાં સાથે રાખીને પોલીસકર્મી ટ્રમ્પના કાર્યક્રમના બંદોબસ્તમાં

વડોદરા

ગુજરાતની સંવેદનશીલ ભાજપ સરકાર એક તરફ મહિલાઓની સુરક્ષાની વાતો કરે છે, બીજી બાજુ મહિલા પોલીસ કર્મીઓ સાથે ફરજના નામે જોહુકમી કરવામાં આવી રહી છે. વડોદરા શહેરના ગોરવા પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા કોન્સ્ટેબલે રજૂઆત છતાં તેણીને એક વર્ષના દીકરા સાથે અમદાવાદ ખાતે 'નમસ્તે ટ્રમ્પ'ના બંદોબસ્તમાં મોકલવામાં આવ્યા છે. દીકરાને આંખમાં ઈન્ફેક્શન હોવાછતાં સાથે લઈને સંગીતાબહેન પરમાર ૧૯ ફેબ્રુઆરીથી અમદાવાદમાં ફરજ બજાવી રહ્યાં છે. વડોદરા શહેર પોલીસ તંત્ર દ્વારા અમદાવાદ ખાતે ૨૪ ફેબ્રુઆરીના રોજ આવી રહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના બંદોબસ્તમાં ૫૦૦થી પોલીસ જવાનો મોકલવામાં આવ્યા છે. જેમાં વડોદરા શહેરના આ.ઈ.પી.સી.એલ. ટાઉનશિપમાં રહેતા અને વડોદરાના ગોરવા પોલીસ મથકમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સંગીતાબહેન રણજીતસિંહ પરમારને પણ મોકલવામાં આવ્યા છે. તેઓને એક વર્ષનો પુત્ર ધ્રુવ છે. અને આજે પણ તે સ્તનપાન કરે છે. તેઓને અમદાવાદના રાયચંદનગર રોડ ઉપર બંદોબસ્તમાં મૂકવામાં આવ્યા છે.

બીઆરટીએસ બસની ટક્કરથી બાઈક સવાર ગંભીરરીતે ઈજાગ્રસ્ત થયો

અમદાવાદ

અમદાવાદમાં સોલા ક્રોસ રોડ પાસે શનિવારે બપોરે આશરે ૧.૪૫ વાગ્યે બીઆરટીએસ બસ અને બાઈક વચ્ચે જબરજસ્ત ટક્કર સર્જાઈ હતી. બસ હેલમેટ સર્કલથી રાણીપ તરફ જઈ રહી હતી. ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. બાઈક સવાર પુરુષ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. બાઈક પર પુરુષની સાથે એક છ વર્ષનું બાળક અને એક મહિલા પણ સવાર હતા. મહિલા અને બાળકને સામાન્ય ઈજા પહોંચી છે. તાત્કાલિક ધોરણે ૧૦૮ને બોલાવીને બાક સવારને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પૂર ઝડપે બસ ચલાવનાર ડ્રાઈવર અક્સમાત કરીને બસ મૂકીને ભાગી ગયો હતો. પરંતુ સોલા ક્રોસ રોડ પર જતા કેટલાક યુવકોએ ડ્રાઈવરને પકડી લીધો હતો. દુર્ઘટના સમયે બાઈકની આગળ મોટું વાહન હોવાના કારણે બાઈક સવારને બરાબર દેખાતું નહતું એવામાં પાછળથી બીઆરટીએસ બસે પૂર ઝડપે આવીને બાઈકને ટક્કર મારી હતી.

બાઈકને ટક્કર માર્યા બાદ બસ ડ્રાઈવર ગભરાઈ ગયો હતો અને ગભરાહટમાં અકસ્માત બાદ પણ તે બસ ચલાવી રહ્યો હતો. ટક્કર વાગવાથી બાઈક પરથી નીચે પછડાયેલી મહિલા જો સમયસર ઉભી ન થઈ ગઈ હોત તો મહિલાનો હગ બસની નીચે આવી ગયો હોત. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર મહિલાનો પગ માંડ-માંડ બચ્યો હતો

બીઆરટીએસ બસો અને તેના રૂટમાં વધી રહેલા અક્સમાતોને કારણે અમદાવાદના મોટા ભાગના બસ સ્ટોપ પર સેન્સરવાળા દરવાજા બનાવી દેવામાં આવ્યા છે કે જે ફક્ત બીઆરટીએસ બસ માટે જ ખૂલે છે. બીઆરટીએસની બસ જ્યારે બસ સ્ટોપ પર આવે અને તે ગેટની નજીક જાય ત્યારે સેન્સરથી તે દરવાજો ઓટોમેટિક ખૂલી જતો હોય છે. પરંતુ તેમ છતા પણ પૂર ઝડપે બસ ચલાવતા ડ્રાઈવર્સના કારણે અકસ્માતમાં ઘટાડો જોવા મળતો નથી.

ઉત્તર ગુજરાતના સહકારી ક્ષેત્રના આગેવાન નટુકાકાના અવસાનથી શોક

મહેસાણા

સહકારી ક્ષેત્રમાં વર્ષોથી મહત્વપૂર્ણ યોગદાન આપી અનેક સંસ્થાઓમાં ટોચના હોદ્દાઓ ભોગવનાર મહેસાણાના નટુભાઈ પટેલનું ટૂંકી માંદગી બાદ શનિવારના રોજ અમદાવાદ ખાતેની ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અવસાનને પગલે ઉત્તર ગુજરાતના સહકારી આલમમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. મૃતદેહને અમદાવાદથી મહેસાણા ખાતે તેમના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. જ્યાં સ્વર્ગસ્થના દર્શનાર્થે મોટી સંખ્યામાં સહકારી અને રાજકીય આગેવાનો સહિત શહેરીજનો ઉમટયા હતા.

મહેસાણા શહેરના પરા વિસ્તારમાં રહેતા નટુભાઈ પિતાંબરદાસ પટેલ તેમેના વિસ્તારમાં આવેલી સહકારી મંડળીના રાજકારણથી પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. જોતજોતામાં તેમણે રાજકીય અને સહકારી ક્ષેત્રની લાંબી સફર પાર કરીને પોતાનું વિશેષ યોગદાન પુરું પાડયું હતું. ગુજકોમાસોલ, ઈફ્કો, મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંક, માર્કેટયાર્ડ જેવી અનેક સહકારી સંસ્થાઓમાં ચેરમેન તરીકે કામગીરી બજાવી છે. સ્વર્ગસ્થ આત્મારામ પટેલના અવસાન બાદ રાજયમાં સહકારી આલમમાં એકહથ્થુ શાસન ભોગવ્યું હતું.

ગીરમાં વધુ એક સિંહણનું મોત, અઠવાડિયામાં ૪ સિંહના મોતથી હાહાકાર

અમરેલી

ધારી પંથકના ગીર પૂર્વમાં વધુ એક સિંહણનુ મોત નીપજ્યું છે. ધારી પંથકના ગીર પૂર્વમાં એક અઠવાડિયામાં ૪ સિંહના મોત થયા છે. ખાંભાના પીપળવા રાઉન્ડમાંથી ૧૧ વર્ષના સિંહનો મૃતદેહ મળ્યો હતો. ત્યારબાદ આજે બીજા દિવસે ખાંભા તુલસીશ્યામ રેન્જના પીપળવા રાઉન્ડમાં ડંકીવાળા વિસ્તારમાં ૮ વર્ષની સિંહણનું મોત નીપજ્યું છે. સિંહણનું મોત ફેફસાની બીમારીથી થયું હોવાનું વન વિભાગનું અનુમાન છે. જોકે સાચું કારણ પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે.

વન વિભાગ દ્વારા આસપાસના વિસ્તારમાં સ્કેનિંગ હાથ ધરવામાં આવ્યું છે. સિંહના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો છે. સિંહના વધતા જતા મોતના બનાવને લઈને વન વિભાગ ચિંતામાં મૂકાયુ છે.

ટ્રમ્પનાં આગમનને પગલે એરપોર્ટથી સ્ટેડિયમ સુધી ભારત-અમેરિકાના રાષ્ટ્રધ્વજ લહેરાયા

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદીની ૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદની મુલાકાતે છે. ટ્રમ્પના સ્વાગતમાં કોઈપણ પ્રકારની અછત ન રહી જાય તેનું પુરતું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. એરપોર્ટથી ગાંધી આશ્રમ અને સ્ટેડિયમ સહિતના વિસ્તારોમાં રોડ ક્લિન કરી દેવામાં આવ્યા છે. ત્યારે દિવાલો પર પણ ટ્રમ્પ અને મોદીના ચિત્રો દોરવામાં આવ્યા છે. વહેલી સવારે એરપોર્ટ અને સ્ટેડિયમની આસપાસ ભારત અને અમેરિકાના રાષ્ટ્રધ્વજ ફરકાવી દેવાયા છે. તે સિવાય અન્ય અલગ-અલગ કલરના ફ્લેગ પણ રોડ પર જોવા મળ્યા છે.

ટ્રમ્પ અને મેલેનિયાના ભારત પ્રવાસના સમાચાર બાદથી જ દિલ્હી અને અમદાવાદમાં તૈયારીઓ શરૂ કરી દેવાઈ હતી. અમદાવાદમાં રસ્તાઓ તેમજ ફૂટપાટ સહિતની કામગીરી ઝડપથી શરૂ કરાઈ દેવાઈ હતી. ટ્રમ્પની અમદાવાદ મુલાકાત પાછળ અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. રોડ શોથી લઈને આમંત્રિત મહેમાનો માટેની વ્યવસ્થામાં કોઈપણ કમી રાખવામાં આવી નથી. તેમજ સુરક્ષા અધિકારીઓ માટે પણ પાણી તેમજ ફૂડ પેકેટની વ્યવસ્થા કરાઈ છે.

દલિત વિદ્યાર્થિનીઓ સાથે શિક્ષકો દ્વારા ભેદભાવના વીડિયો વાયરલ, ૩ શિક્ષકોની બદલી

ઉપલેટા

ઉપલેટાની રાજમોતી પ્રાથમિક શાળામાં શિક્ષકો દ્વારા દલિત સમાજની વિદ્યાર્થિનીઓ સાથે ભેદભાવ રખાતો હોવાનો વીડિયો વાઈરલ થયો હતો. આ કેસમાં તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ઉપલેટા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી એમ.બી.બાડમલિયાએ જણાવ્યું હતું કે, ઉપલેટાની રાજમોતી પ્રાથમિક શાળામાં શિક્ષકો દ્વારા દલિત સમાજની વિદ્યાર્થિનીઓ વાયરલ થયેલા વીડિયો અને આક્ષેપોને લઈને સ્થળ તપાસ માટે જિલ્લા શિક્ષણાધિકારી તરફથી અમને આદેશ કરવામાં આવ્યા છે. અમે આચાર્ય, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓના નિવેદનો લઈને સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને તપાસના અંતે જે દોષિતો હશે તેમની સામે નિયમાનુસારની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વાયરલ થયેલા વીડિયોમાં ત્રણ વિદ્યાર્થિનીઓએ પોતાની આપવીતી કહી હતી. વિદ્યાર્થિની વીડિયોમાં શાળાના શિક્ષકોમાં જીજ્ઞેશ સોજીત્રા, રસીલા અને લક્ષ્મી ટીચરનું નામ આપી રહી હતી. વીડિયોમાં વિદ્યાર્થિની કહે છે કે, શિક્ષકો કહે છે કે, દલિત છો એટલે અમે તમને ગોરણી ન કરી શકીએ મે જાવ, અને અમારી સમાજની કોઈ છોકરી જાય તો ધક્કો મારી કહે છે કે, નીચી જ્ઞાતિને અમે નથી લેતા. લક્ષ્મી ટીચર ભણાવે છે સારૂ પણ માર પણ બહુ મારે છે. તેમજ જીજ્ઞેશ સર ચીટીયા ભરે છે અને છોકરીઓ પાસે જ બેસી રહે છે. અમને કહે છે કે, તમે નોનવેજ ખાતા હશો ને. તેમજ તમારા ઘરે મહેમાન આવે, ત્યારે મટન પકવવામાં આવતું હશે ને. અમે ભણવા આવીએ છીએ તમારા જવાબ આપવા નથી આવતા. આ અંગે અમે મારા પપ્પાને પણ વાત કરી છે. અમને સોટીથી માર મારે છે અને લાફા મારી લે છે. આ બધી વાત વિદ્યાર્થિની ડુમિયાણી સ્કૂલમાં ફરજ બજાવતા બાલાભાઈ સાથે કરે છે. તેમજ બાલાભાઈ પણ વિદ્યાર્થિનીઓને ખાત્રી આપી હતી કે, હવે આવું નહીં થાય અને અમે તમારા શિક્ષકો સાથે વાત કરીશું.

દુકાનદારની નજર ચુકવીને ગઠીયો રૂ. ૫ હજાર, બે મોબાઈલ લૂંટી ફરાર

વડોદરા

પાદરામાં સવારે દુકાન ખોલી રહેલા મોબાઈલ રિચાર્જ કરવાનું કામ કરતા દુકાનદારની નજર ચુકવીને ગઠીયો ૫ હજાર રૂપિયા રોકડ, બે મોબાઈલ ફોન અને એ.ટી.એમ. કાર્ડ મૂકેલો થેલો લઈને રફૂચક્કર થઈ ગયો હતો. ગઠીયાએ દુકાનદારને તમારા રૂપિયા નીચે પડી ગયા છે. તેવી જૂની તરકીબ અપનાવીને ગઠીયો આંખના પલકારામાં દુકાનમાં મૂકેલો થેલો લઈ રવાના થઈ ગયો હતો.

વડોદરા જિલ્લાના પાદરા ખાતે પાદરા ચોક્સી ગર્લ્સ હાઈસ્કૂલની સામે અશોકભાઈ મિસ્ત્રીની મોબાઈલ રિચાર્જ કરવાની દુકાન આવેલી છે. સવારે અશોકભાઈ દુકાન ખોલીને દીવાબત્તી કરી રહ્યા હતા. તે સમયે એક ગઠીયો દુકાન પાસે આવ્યો હતો. અને દુકાનદારને જણાવ્યું કે, તમારા રૂપિયા સ્કૂટર પાસે પડ્યા છે. દુકાનદાર પોતાના પાર્ક કરેલા સ્કૂટર પાસે રૂપિયા ૧૦ અને રૂપિયા ૨૦ની પડેલી નોટ લેવા જતાં જ ગઠીયો દુકાનમાં પડેલો થેલો લઈ રફૂચક્કર થઈ ગયો હતો.

દુકાનદાર અશોકભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, દુકાનમાંથી સવારે થેલો લઈ રવાના થઈ ગયેલ ગઠીયો આંખના પલકારામાં થેલો લઈ રવાના થઈ ગયો હતો. થેલામાં રૂપિયા ૫ હજાર રૂપિયા રોકડા, બે મોબાઈલ ફોન, સીમકાર્ડ, એ.ટી.એમ. કાર્ડ અને ડ્રાઈવિંગ લાયસન્સ સહિતની વસ્તુઓ હતી. દુકાનમાં થેલો ન દેખાતા તુરંત જ પાદરા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવા માટે પહોંચી ગયો હતો.

લલિત વસોયાની વિવાદિત પોસ્ટ... ડોનાલ્ડ ટ્રમ્પને ફેંકુ ગણાવ્યા

અમદાવાદ

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયા આજકાલ તાજેતરમાં સોશિયલ મીડિયા પર ખુબ જ એક્ટિવ રહે છે અને પોતાની વિવાદિત પોસ્ટ કરીને હંમેશાં લાઈમલાઈટમાં આવ્યા કરે છે. થોડા દિવસ અગાઉ સેક્સમાં ઉત્તેજના માટે વપરાતી વાયગ્રાનો ઉલ્લેખ કરીને નાણામંત્રી નિર્મલા સીતારામન પર નિશાન સાંધ્યું હતું. હવે ફરીથી લલિત વસોયાએ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન અંગે વિવાદિત ટિપ્પણી કરી છે. કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયાએ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ફેંકુ ગણાવ્યા છે.

કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયાની વિવાદિત ટિપ્પણીથી રાજ્યમાં અવાર નવાર હોબાળો થાય છે. ત્યારે લલિત વસોયાએ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન અંગે વસોયાએ એક પોસ્ટ કરી હતી. તમને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં અગાઉ જણાવ્યું હતું કે અમદાવાદમાં મારું ૭૦ લાખ લોકો અભિવાદન કરશે, ત્યારબાદ ટ્રમ્પે એક નિવેદન આપ્યું હતું જેમાં તેમણે જણાવ્યું કે ગુજરાતમાં મારું ૧ કરોડથી વધુ લોકો અભિવાદન કરશે. આ નિવેદન બાદ સોશિયલ મીડિયામાં કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયાએ એક પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં તેમણે ડોનાલ્ડ ટ્રમ્પને ફેંકુ ગણાવ્યા હતા.

ગુજરાતમાં સ્વાગત કરનાર લોકોની સંખ્યા અંગે પણ વસોયાએ ટિપ્પણી કરી હતી. સોશિયલ મીડિયામાં લલિત વસોયાની પોસ્ટ વાયરલ થતા ફરી હોબાળો થાય તો નવાઈ નહીં. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને લઈને ટ્રેમ્પે કરેલા નિવેદન અંગે વસોયાએ પીએમ મોદીને ફેકુ ગણાવ્યા બાદ ડોનાલ્ડ ટ્રેમ્પને પણ ફેંકુ ગણાવ્યા હતા. હાલ સોશિયલ મીડિયામાં વસોયાની વિવાદિત પોસ્ટ વાયરલ થઈ રહી છે. વસોયાએ બંને મહાનુભાવોની પોસ્ટ મૂકીને કટાક્ષ કર્યો હતો.

બેંકમાં ૬ લાખની લૂંટના ૪ આરોપી પાસેથી ૬ પિસ્તોલ સાથે ૧૩૧ જીવતા કારતૂસ મળ્યા

મોરબી

મોરબીના મહેન્દ્રનગરની બેંક ઓફ બરોડા શાખા અને દેના બેંકમાં ૫ શખ્સો હથિયાર સાથે ઘૂસ્યા હતા. આ મામલે ઝડપાયેલા ૪ આરોપીઓના કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ આરોપીઓ પાસેથી ૬ પિસ્તોલ, બાર બોરની બંદૂક, ત્રણ ખાલી મેગજીન અને ૧૩૧ જીવતા કારતૂસ, એક કાર અને લૂંટ કરાયેલ ૬.૪૫ લાખમાંથી ૬.૦૩ લાખ રોકડ અને મોબાઈલ સહિતનો મુદામાલ પોલીસે જપ્ત કર્યો છે. આ આરોપીઓ સામે ગુજરાતમાં જ નહીં પણ પંજાબમાં લૂંટ રાયોટિંગ, હથિયાર ડ્રગ્સ સહિતના કેસો નોંધાયેલા છે. પંજાબ પોલીસના મોસ્ટ વોન્ટેડ આરોપીઓ છે.

પાંચેય શખ્સોએ હથિયાર દેખાડી કર્મચારીઓને ડરાવ્યા હતા અને લૂંટ કરી હતી. જેમાં બેંક ઓફ બરોડા બેંકમાંથી ૪,૫૦,૦૦૦ અને દેના બેંકમાંથી ૧,૫૦,૦૦૦ રૂપિયાની લૂંટ કરી નાસી છૂટ્યા હતા. ઘટનાની જાણ થતા બી ડિવીઝન પોલીસ અને એલસીબીની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. દરમિયાન ૪ આરોપીઓ ચુપણી ગામની સીમમાંથી ઝડપાયા હતા. બેંક ઓફ બરોડા અને દેના બેંકની સંયુક્ત શાખામાંથી ૬ લાખની લૂંટ થઈ હતી. લૂંટના એક કલાક પહેલા જ ૨૦ લાખથી વધુની રોકડ રાજકોટ ખાતે ટ્રાન્સફર કરવામાં આવી હતી. જેથી સદનસીબે મોટી રકમની લૂંટ થતા બચી ગઈ હતી.

ન્યૂ સીજી રોડ, સાબરમતીથી ઝુંડાલ હાઈવે સૂમસામ રહેશે

નમસ્તે ટ્રમ્પ : આવતી કાલે ચાંદખેડા-મોટેરામાં જનતા કરફ્યું... શાળા, બેંકો અને દુકાનો બંધ

ચાંદખેડા અને મોટેરામાં પ્રવેશવાના રસ્તા પર વાહનોની અવર જવર પર પ્રતિબંધ

અમદાવાદ

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીનો ૨૪ ફેબ્રુઆરીએ 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ અને રોડ શો કરવાના છે. જેને લઈ ચાંદખેડા, મોટેરા અને સાબરમતી વિસ્તારના લોકો અને વેપારીઓને હેરાનગતિ ભોગવવાનો વારો આવશે. પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ ચાંદખેડા અને મોટેરામાં પ્રવેશવાના રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. જેથી સવારથી જ ધમધમતા આખો ન્યુ સીજી રોડ બંધ જોવા મળશે. ન્યુ સીજી રોડ પર આશરે ૧૦ જેટલી બેંક, ૪ જેટલી સ્કૂલો, અનેક કોમ્પ્લેક્સમાં ટ્યુશન ક્લાસીસો આવેલા છે. જેને બંધ રાખવાની ફરજ પડશે. ન્યુ સીજી રોડ, મોટેરામાં રહેતા લોકોએ પણ જો શહેરમાં કે અન્ય કામથી બહાર જવું હશે તો સવારે ૮ વાગ્યા પહેલા જ નીકળી જવું પડશે.

મોદી અને ટ્રમ્પના રોડ શોને લઈ સાબરમતી પાવરહાઉસ થી ઝુંડાલ, ન્યુ સીજી રોડ, મોટેરા ગામના સ્તાઓ બંધ રહેશે જેથી સાબરમતી ટોલનાકા, વિસત ત્રણ રસ્તા, જનતાનગર, મોટેરા અને ચાંદખેડાના વેપારીઓએ પોતાની દુકાનો અને ધંધા ૨૪મી ફેબ્રુઆરીએ બંધ રાખવા પડશે જેના કારણે તેઓને એક દિવસનું નુકસાન ભોગવવાનો વારો આવશે. સવારથી સાંજ સુધીના રોજિંદા કામો અટવાઈ પડશે.

સોમવારે સીબીઈસઈની પરીક્ષા, પમી માર્ચથી બોર્ડની પરીક્ષા, સ્કૂલોનો ચાલુ દિવસ હોવા છતાં બાળકો ભણવા જય શકશે. તેની સાથે સાથે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને તેની પાસે આવેલી વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ પણ બંધ રાખવાની ફરજ પડશે. સવારે ૮ વાગ્યાથી જ રસ્તા બંધ હોવાથી કોઈપણ સ્કૂલવાન અને બસ મોટેરા ગામ, ન્યુ સીજી રોડ કે સાબરમતી હાઈવે પર અવરજવર નહીં કરી શકે માટે તેઓએ બાળકોને લેવા આવવાની ના પાડી દીધી છે જેથી બાળકોને એક દિવસ સ્કૂલે નહીં જઈ શકે. ધો.૧૦ની બોર્ડની પરીક્ષાના તૈયારીઓના અંતિમ દિવસોમાં ટ્યુશન ક્લાસીસમાં રથી ૪ કલાક ભણાવવામાં આવતું હોયુ છે પરંતુ વિદ્યાર્થીઓએ ઘરે જ રહેવું પડશે.

વિસત ત્રણ રસ્તા પાસે કેન્દ્ર સરકારની ઓએનજીસી કંપનીની ઓફિસ અવની ભવન આવેલી છે. જેમાં હજારો કર્મચારીઓ કામ કરે છે, પરંતુ ૨૪મીએ રસ્તા બંધ હોવાથી આ કર્મચારીઓને સવારના ૮ વાગ્યા પહેલા વાહન સાથે અને ૮ વાગ્યાથી જ વાહન વિના નોકરીએ જવાની ફરજ પડશે. માત્ર એટલું જ નહીં, નોકરીએથી સાંજે ૪ વાગ્યા પછી જ ઘરે જઈ શકશે.

જનપથ ત્રણ રસ્તાથી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ થઈ કૃપા રેસિડન્સી ત્રણ રસ્તા થઈ મોટેરા ત્રણ રસ્તા સુધીનો માર્ગ, ન્યૂ સી.જી.રોડ સર્કલથી સંગાથ મોલથી મોટેરા સ્ટેડિયમ તરફનો માર્ગ, કોટેશ્વર ત્રણ રસ્તાથી સોમનાથ ફાર્મ થઈ કૃપા રેસિડન્સી સુધીનો માર્ગ, દેવર્ષ ફ્લેટ ત્રણ રસ્તાથી શરણ સ્ટેશન થઈ આસારામ આશ્રમ ચાર રસ્તાથી ક્લબ હાઉસ સુધીનો માર્ગ અને એસ.પી.રિંગ રોડ ઉપરના એપોલો સર્કલથી ભાટ કોટેશ્વર ચાર રસ્તા સુધીનો માર્ગ પ્રતિબંધિત જાહેર કર્યો છે. જેના વિકલ્પરૂપે એપોલો સર્કલ થઈ તપોવન સર્કલથી વિસત ત્રણ રસ્તાથી ઓએનજીસી ચાર રસ્તાથી જનપથ ત્રણ રસ્તા સુધીના માર્ગ પર અવર-જવર કરી શકાશે. મોટેરા ત્રણ રસ્તાથી થઈ રિંગ રોડ ઉપર તરફ અવર-જવર કરી શકાશે.

નોબલ ત્રણ રસ્તાથી ઈન્દિરા બ્રિજ સર્કલથી એરપોર્ટ સર્કલ સુધીનો માર્ગ અને શાહીબાગ ડફનાળાથી એરપોર્ટ સર્કલ સુધીનો માર્ગ પણ પ્રતિબંધિત જાહેર કર્યો છે. આ માર્ગે જનારા લોકોએ નોબલ નગર ત્રણ રસ્તાથી નાના ચિલોડા રિંગ રોડ તરફ તથા ગેલેક્સ અન્ડર બ્રિજ તરફ અને નરોડા પાટીયા તરફ અવર જવર કરી શકાશે. તેમજ શાહીબાગ ડફનાળાથી ઘેવર સર્કલ તરફ તથા શાહીબાગ અન્ડરબ્રિજ તરફ અવર જવર કરી શકાશે.

બેડી માર્કેટિંગયાર્ડમાં હડતાળ યથાવત... કેસો પાછા ખેંચવાની માંગ પર વેપારીઓ અડગ

એપીએમસીના વાઈસ ચેરમેનનો ઘટસ્ફોટ: 'માર્કેટિંગ યાર્ડમાં હડતાલ પાછળ ભાજપનો જૂથવાદ'

હડતાળને લીધે રોજનું ૧૦ કરોડનું ટર્ન ઓવર ઠપ

રાજકોટ

મચ્છરોના ત્રાસના કારણે રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડમાં પણ હડતાળ યથાવત છે. હડતાળને પગલે યાર્ડના સત્તાધીશો, વેપારીઓ અને મજૂર અગ્રણીઓની બેઠકમાં સામસામે આક્ષેપો થયા હતા. અને સામસામે બોલાચાલી થતાં હોબાળો મચી ગયો હતો. એક તરફ જળકુંભી દૂર કરવાની કામગીરી શરૂ થઈ છે અને ફોગિંગ કરવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ વેપારીઓ પોતાના પર થયેલા કેસો પાછા ખેંચવાની માંગ ઉપર અડગ છે. રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડના પ્રમુખ ડી.કે.સખીયાએ જણાવ્યું હતું કે, વેપારીઓ પર થયેલા કેસો પાછા ખેંચવા માટે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવશે.

રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડના સત્તાધીશો અને વેપારીઓ વચ્ચે ની બેઠક પૂર્ણ થઈ ગઈ છે. બેઠકમાં વેપારીઓને સત્તાધીશો વચ્ચે થઈ ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં વેપારી એસોસીએશન પોલીસ કેસો પાછા ખેંચવાની પોતાની માંગ પર અડગ છે. વેપારીઓએ જણાવ્યું હતું કે, કેસ પાછા ન ખેંચાય ત્યાં સુધી માર્કેટયાર્ડમાં હડતાળ ચાલુ રહેશે. યાર્ડના સત્તાધીશો મુખ્યમંત્રીને મળવા જશે માર્કેટિંગ યાર્ડના વાઈસ ચેરમેન હરદેવસિંહએ જણાવ્યું હતું કે, માર્કેટયાર્ડમાં ઘર ફૂટે ઘર જાય તેવી સ્થિતિ છે. ભાજપનું જ એક જૂથ પાછલા બારણેથી હડતાળ કરાવી રહ્યું છે.

હરદેવસિંહે જણાવ્યું કે 'રાજકોટમાં માર્કેટિંગ યાર્ડના વેપારીઓનો જે પ્રશ્ન હતો તે હવે હલ થઈ રહ્યો છે. જળકુંભીની રજૂઆત અમે ૩ વર્ષથી કરી રહ્યા હતા. ક્યાંક અમારો અવાજ તંત્ર સુધી પહોંચાડવામાં કચાશ રહી ગઈ હશે પરંતુ વેપારીઓ સાથે જે થયું છે તે મામલે અમે વેપારીઓની સાથે છીએ. વેપારીઓ કેસ પાછો ખેંચવાની જીદ લઈને બેઠા છે. અમે સીએમને રજૂઆત કરીશું અને કેસો પાછા ખેચાવીશું પરંતુ આ કાયદાકીય પ્રક્રિયા છે તુરંત ન પણ થાય તો આ સ્થિતિમાં યાર્ડ લાંબો સમય બંધ ન રહી શકે. આખી દુનિયા જાણે છે કે ભાજપનું જ એક જુથ યાર્ડની હડતાલને ટેકો આપી રહ્યું છે એ કોઈ નવી વાત નથી.'

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના બીજા પદવીદાન સમારોહમાં રૂપાણીની હાજરી

ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રુપાણી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના બીજા પદવીદાન સમારોહમાં હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ યુવા છાત્ર શક્તિને તેમણે મેળવેલી શિક્ષા-દિક્ષાના આધારે આત્મવિશ્વાસથી આગળ વધી રાષ્ટ્ર સ્વાભિમાન-ઇન્ડિયા ફર્સ્ટનો ભાવ જગાવવા માટે પ્રેરક આહવાન કર્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આવનાર પડકારોને પહોંચી વળવાની સક્ષમતા કેળવી વિશ્વ સાથે બરોબરી કરતી યુવા વ્યક્તિના ભરોસે જ પ્રધાનમંત્રીએ નયા ભારતના નિર્માણનો સંકલ્પ સંજોયો છે તે રાષ્ટ્રના સ્વાભિમાનથી પાર પાડવો છે. મુખ્યમંત્રીએ પદવી પ્રાપ્ત વિદ્યાર્થીઓને કહ્યું કે, રાષ્ટ્ર નિર્માણથી ભારત માતાને વિશ્વ ગુરૂ બનાવવાનું કર્તવ્ય હવે યુવા છાત્રોએ પોતાના જ્ઞાનનો માનવજાતના-સમાજના કલ્યાણ માટે વિનિયોગ કરીને અદા કરવાનું છે.

મુખ્યમંત્રીએ ઇન્ડિયા ફર્સ્ટનો ભાવ જગાવતી આ નવી યુવા છાત્રપેઢી પોતાના વિચાર,આચાર અને નવોન્મેષી વાતાવરણથી તરબતર છે તેનો ઉમંગ અને વિશ્વાસ જ ભારત માતાના માન બિંદુઓ, કિર્તી વિશ્વમાં ઉન્નત કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

તેમણે પ્રાચીન વિશ્વમાં નાલંદા, વલ્લભી અને તક્ષશિલા જેવી વિધાપીઠમાં વિશ્વના દેશોના યુવાઓ જ્ઞાન કૌશલ્ય માટે આવતા તેનો મહિમા પૂનઃપ્રસ્થાપિત કરી સમયાનુકુલ જ્ઞાન-શિક્ષા દિક્ષા માટે હવે વિશ્વના છાત્રો ભારત આવે તેવું વાતાવરણ ઉભું થયું છે તેમ દ્રઢતાપુર્વક જણાવ્યું હતું

શંકરસિંહ વાઘેલાના સીધા પ્રહારો

ટ્રમ્પ પાછળ કરોડોનો ખર્ચ: કોના બાપની દિવાળી...? સમિતિએ હિસાબ આપવો પડશે

ગાંધી આશ્રમમાં વાઘેલા બાપુએ પત્રકાર પરિષદ યોજીને જવાબ માંગ્યો,સમિતિમાં કોણ છે, ક્યારે બની, સ્ટેડિયમનું ઉદઘાટન થવાનુ નથી તો શેના માટે આવે છે ટ્રમ્પ...?,લોકોના ટેક્સના ૭૦૦ કરોડ વોડફવાનો સમિતિને કોઇ અધિકાર નથી, લોકો એક એક પાઇનો હિસાબ માંગશે

અમદાવાદ

ગુજરાતના પૂર્વ સીએમ અને હાલમાં એનસીપીના નેતા શંકરસિંહ વાઘેલાએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ૨૪મીની મુલાકાતને લઈને આજે પત્રકાર પરિષદ યોજીને ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે ટ્રમ્પને પણ આડે હાથે લઈને આમંત્રણ આપનાર સમિતિને ચેતવણી આપી હતી કે ટ્રમ્પની મુલાકાત પાછળ લોકોના ટેક્સના પૈસા વેડફવાનો તમને કોઇ અધિકાર નથી. હિસાબ નહીં આપવા ભલે સમિતિનું ગતકડુ બનાવવામાં આવ્યું હોય પણ આ મુલાકાત પાછળ ખર્ચાનાર એક એક પાઇનો હિસાબ ગુજરાતના અને અમદાવાદનો લોકો સમિતિ પાસેથી માંગશે.

આજે ગાંધી આશ્રમ ખાતે પત્રકાર પરિષદ યોજીને તેમણે સીધા સવાલો કર્યા હતા કે, શેનો ઇવેન્ટ શેને માટે તાયફા, ટ્રમ્પને આમંત્રણ કોણે આપ્યું, અમેરિકાને જે રાષ્ટ્રપતિ લોકસાડીમાં માનતા નથી એવા ટ્રમ્પની ચમચાગીરી શા માટે ભાજપવાળા કરે છે એમ કહીને તેમણે દાવો કર્યો કે બસ હવે બહુ થયું, ઉંટની પીઠ પર આખરી તણખલા સમાન છે. ભાજપનો આ છેલ્લો તાયફો છે.

તેમણે કહ્યું કે લોકશાહી વિરોધી ટ્રમ્પ જુઠ્ઠા છે, એક હજારવાર જુઠ્ઠુ બોલ્યા છે. અને અહીં ભારતમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમના જેવા જ જુઠ્ઠા છે. બન્નેએ સત્યનું ખૂન કર્યું છે. ટ્રમ્પ કહે છે કે મને ભારત ગમતુ નથી તો કેમ આવો છો ભારતમાં એવો સવાલ કરીને કહ્યું કે જે અમેરિકાએ વિઝા નહીં આપીને મોદીનું નાક કાપ્યું એનો પ્રચાર કેમ કરો છો, ટ્રમ્પને જીતાડવા માટેના એટલા જ અભરખા હોય આપણાં વડાપ્રધાનને તો તેઓ રાજીનામુ આપીને તેમના પ્રચાર માટે જઇ શકે છે. તેમની ચમચાગીરી કરી શકે છે પણ અહીં લોકોના પૈસે તાકડધિન્ના કરીને ટ્રમ્પનો પ્રચાર કરવો યોગ્ય નથી. હાઉડી મોદીમાં ટ્રમ્પની સરકારે એક પણ ડોલરનો ખર્ચ કર્યો નહોતો તો અહીં તેમના પ્રચાર માટે ૭૦૦ કરોડનું આંધણ શેના માટે કરવામાં આવે છે તેના જવાબો ભાજપે અને નવી નવી બનેલી સમિતિએ આપવા પડશે. ટ્રમ્પના માર્કેટીંગ માટે ગુજરાતને બેવકૂફ બનાવવાની વાત છે. ગુજરાત સરકાર પર અઢી લાખનો દેવુ છે. અને બીજા માટે આવા તાયફા શેને માટે કરાય છે એમ પણ તેમણે કહ્યું હતું.

પૂર્વ મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે આ એ જ મોદી છે કે જેમના કાર્યકાળમાં ગુજરાતમાં ગોધરાનો ડબ્બો સળગ્યો અને ગુજરાત સળગ્યું હતુ. હવે તેમના કાર્યકાળમાં પુલવામામાં જવાનોને મારી નાંખવામાં આવ્યાં હતા.તેની જવાબદારી કોની..? બાલાકોટ એર સર્જીકલ સ્ટ્રાઈક અંગે તેમણે એવો દાવો કર્યો કે મોદીએ પાકિસ્તાનને અગાઉથી જાણ કરીને સ્ટ્રાઇકનું નાટક કર્યું હતું. બાલાકોટમાં કોઇ મર્યા નથી. પાકિસ્તાને બધુ ત્યાંથી ખસેડી લીધુ હતું.

અમિત શાહ આજથી ત્રણ દિવસ અમદાવાદ પ્રવાસે

અમદાવાદ

ગૃહમંત્રી અમિત શાહ રવિવારથી મંગળવાર એમ ત્રણ દિવસ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. સોમવારે તેઓ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમાં મોટેરા સ્ટેડિયમમાં અને મંગળવારે સવારે અમદાવાદ સ્થિત કે.પી.વિદ્યાર્થી ભવનના શિલાન્યાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

અમદાવાદમાં ડ્રોનાલ્ડ ટ્રમ્પના કાર્યક્રમને લઈને ચાલી રહેલી આખરી તૈયારીઓ વચ્ચે શુક્રવારે શિવરાત્રી નિમિત્તે વડોદરામાં સુરસાગર તળાવ ખાતે મહાઆરતીમા અમિત શાહ ઉપસ્થિત રહેવાના હતા, જો કે છેલ્લી ઘડીએ આ પ્રવાસ મુલતવી રહ્યો હતો. હવે તેઓ રવિવારની સાંજે અમદાવાદ આવશે. અમદાવાદમાં ઉતરતા વેંત એરપોર્ટ અને ત્યારબાદ ટ્રમ્પના રોડ-શોના રૂટ તેમજ સ્ટેડિયમની તૈયારીઓનું નિરીક્ષણ કરશે.

સોમવારે ટ્રમ્પના કાર્યક્રમમાં બાદ મંગળવારે ગાંધીનગર લોકસભાના સાંસદ અને ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ સ્થિત ગુલબાઈ ટેકરા ખાતે આવેલી અમીન પી.જે.કે.પી.વિદ્યાર્થી ભવનનો શિલાન્યાસ કરશે. સ્વતંત્રતાકાળ પૂર્વે સને ૧૯૩૨માં સ્થાપાયેલી આ સંસ્થામાં રહીને સરદાર વલ્લભાઈ પટેલે આઝાદીની ચળવળ ચલાવી હતી. સેંકડો મહાનુભાવો તૈયાર કરનાર કે.પી.વિદ્યાર્થી ભવન સંકુલમાં જૂની ઈમારતને સ્થાને નવા આકાર લઈ રહેલા ભવનના ખાતમૂર્હત બાદ અમિત શાહ બાવળા ખાતે યોજનારા સરકારી સહાય વિતરણ કાર્યક્રમાં પણ ઉપસ્થિત રહેશે. અમિત શાહની આ મુલાકાતથી ભાજપમાં છેલ્લા ચાર મહિનાથી લટકી પડેલી નવા પ્રદેશ અધ્યક્ષ સહિતની નિમણૂંકો આગામી સપ્તાહે થશે તેવી અટકળો વહેતી થઈ છે.

કોંગ્રેસ નેતા શશિ થરૂરને વિદેશ પ્રવાસ જવા દિલ્હી કોર્ટે મંજૂરી આપી

ન્યુ દિલ્હી

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે સુનંદા પુષ્કર મોત મામલે આરોપી અને કોંગ્રેસ નેતા શશિ થરૂરને વિદેશ જવાની પરવાનગી આપી છે. કોંગ્રેસ નેતા શશિ થરૂરે ફેબ્રુઆરીથી મે વચ્ચે વિદેશ પ્રવાસે જવાની પરવાનગી માગી હતી. આ પહેલા કોર્ટ શશિ થરૂરને ૯ વખત વિદેશ જવાની મંજૂરી આપી ચુકી છે.

આ પહેલા પણ વિદેશ જવાની મંજૂરી મળી ચુકી છે. કોર્ટે આ પહેલા કોંગ્રેસ નેતાને ૧૪ મે, ૨૦૧૯થી ૧૮ નવેમ્બર ૨૦૧૯ સુધી દુબઇ જવાની મંજૂરી આપી હતી. આ પહેલા ૧૧ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ પણ કોર્ટે કોંગ્રેસ નેતાને ૫ દેશના પ્રવાસ પર જવાની મંજૂરી આપી હતી, ત્યારે આ વખતે ફરીવાર કોંગ્રેસ નેતા શશિ થરૂરને વિદેશ પ્રવાસ સંયુક્ત અરબ અમીરાત, પેરિસ અને નોર્વે જવાની મંજૂરી મળી છે.

માસિકધર્મ અંગે ચાલતા હોબાળા પર ગઢડા સ્વામિનારાયણ મંદિરના સ્વામીએ સમર્થન આપ્યું

'માસિકધર્મ અંગે વિવાદ સંપ્રદાયને બદનામ કરવાનું ષડયંત્ર, અમે સાધુ સમાજ ભુજની સાથે'

વડતાલ

મહિલાઓના માસિકધર્મ પર સ્વામી કૃષ્ણસ્વરૂપના નિવેદન મામલે ગઢડા સ્વામિનારાયણ મંદિર સ્વામીના સમર્થનમાં આવ્યું છે. મહિલાઓના માસિક ધર્મ હિન્દૂ ધર્મનો એક આચાર છે અને પરંપરાગત રીતે તે પાળવો જોઈએ. એટલું જ નહીં તેમણે જણાવ્યું કે, ભુજ મંદિરને વિવાદ ઉભો કરી બદનામ કરી રહ્યા છે. આવું હરજીવન સ્વામીએ એક નિવેદન આપતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ભુજ મંદિર દ્વારા માસિક ધર્મને લઈ સ્વામી કૃષ્ણસ્વરૂપના નિવેદનને લઈ વિવાદ સર્જાયો છે ત્યારે ભુજ મંદિરના સમર્થનમાં ગઢડા ગોપીનાથજી ટેમ્પલબોર્ડના ચેરમેન હરજીવન સ્વામી તેમના સમર્થનમાં આવ્યા છે. તેમણે મહિલાઓના માસિક ધર્મ મામલે શિક્ષાપત્રીમાં જે આજ્ઞા કરેલી છે તે ભુજ મંદિર અમલ કરી રહ્યું છે. ભુજ મંદિર દ્વારા જે કર્યું છે તે વ્યવહારિક છે. તેવું ગઢડા ગોપીનાથજી મંદિરના ચેરમેન હરજીવન સ્વામીએ નિવેદન આપતા મામલો ગરમાયો હતો. ગુજરાતમાં શરમજનક ઘટનાને વધુ સમર્થન આપીને ધર્મ અને મહિલાઓ વચ્ચે એક વર્ગવિગ્રહ જેવી સ્થિતિનું નિર્માણ કરી રહ્યા હોવાની ચર્ચા થઈ રહી છે.

ગઢડા ટેમ્પલ બોર્ડના ચેરમેન હરજીવનદાસ સ્વામીના નિવેદન મુજબ માસિક ધર્મ હિન્દુ ધર્મનું એક આચાર છે. માસિક ધર્મ પરંપરાગત રીતે પાળવો જોઈએ. ભૂજ મંદિર મુદ્દે જાણી જોઈને વિવાદ ઉભો કરાયો છે. મંદિર અને સંપ્રદાયને બદનામ કરવાનું ષડયંત્ર છે. સાધુ સમાજ અમે ભુજની સાથે છીએ. અમારૂં ભુજના સ્વામીને સમર્થન છે.

દાંડી આશ્રમ ખાતે ચૌદમા ગહનધ્યાન અનુષ્ઠાનનો પૂર્ણાહુતિ સમારોહ યોજાયો

ગુરુ એ સાક્ષાત પરમાત્મા સ્વરૂપ છે:પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજી



મહાશિવરાત્રીનો ઉત્સવ આત્માઓનો ઉત્સવ છે, જીવથી શિવ સુધીની યાત્રા છે.આ પાવન પર્વ ભાગદોડ ભર્યા જીવનમાંથી થોડું થોભીને ચિંતન કરવાનો, મનન કરવાનો સંદેશ આપે છે. આવા પવિત્ર અવસરે નવસારીના ઐતિહાસિક સ્થળ દાંડીના દરિયાકિનારે સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના પરમ સાંનિધ્યમાં ચૌદમા ગહન ધ્યાન અનુષ્ઠાનનો પૂર્ણાહુતિ સમારોહ ભવ્યતાથી ઉજવાઇ ગયો.

મહાશિવરાત્રીના પવિત્ર દિવસે ૪૫ દિવસીય ગહન ધ્યાન અનુષ્ઠાન પૂર્ણાહુતિ પ્રસંગે દેશવિદેશના ૩૦૦૦૦થી વધુ સાધકો ઉપસ્થિત રહ્યા હતા.આ ૪૫ દિવસીય ગહનધ્યાન અનુષ્ઠાન દરમિયાન વિદેશના ૧૦૦ જેટલા સાધકોએ પણ આશ્રમમાં અનુષ્ઠાન દરમિયાન લાભ લીધો હતો. અનુષ્ઠાન દરમિયાન પ્રદર્શની અને ગૌશાળાની પ્રોડક્ટના વિવિધ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહાશિવરાત્રીના દિવસે વહેલી સવારથી જ સાધકોનો પ્રવાહ દાંડી તરફ આવવાનો શરૂ થયો હતો. સામૂહિક ધ્યાન બાદ નેપાળના ટુરિઝમ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ, ભાવનગરના સંસદ સભ્ય ડો.ભારતીબેન શિયાળ, નવસારીના,ઓલ ઇન્ડિયા એગ્રીકલચર યુનિવર્સીટીના ચેરમેન ચૌધરી સાહેબ, સમર્પણ ધ્યાનયોગના બંને ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશ બોરકરજી ,સંદીપ શર્માજી, સમર્પણ આશ્રમ, દાંડીના અધ્યક્ષ મહેશભાઈ પટેલ વગેરે દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટય બાદ પૂજ્ય ગુરુમાનું આગમન થયું હતું. સવારના ચૈતન્ય સભર વાતાવરણમાં સહુ પ્રથમ પૂજ્ય ગુરુમાનાં કરકમલો વડે અનુષ્ઠાન દરમિયાન પૂજ્ય સ્વામીજીના સંદેશાઓની પુસ્તિકા 'નવયુગ તરફ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, મરાઠી અને તામિલ ભાષામાં આ પુસ્તિકા મળી શકશે.અને ત્યારબાદ પૂજ્ય શ્રી શિવવકૃપાનંદ સ્વામીજીનું આગમન થયું હતું અને સાધકોમાં ઉત્સાહ છવાઈ ગયો હતો. ૪૫ દિવસ એકાંત અને મૌન ધ્યાન બાદ પૂજ્ય સ્વામીજીનાં દર્શનને સાધકોએ તાળીઓના ગડગડાટ અને શંખનાદથી વધાવી લીધું હતું.પૂજ્ય સ્વામીજીએ પોતાના પ્રવચનમાં ગુરુમંત્ર વિશે સમજૂતી આપતાં જણાવ્યું હતું - ×ગુરુ મંત્રના એક એક અક્ષર અને એક એક શબ્દની અસર થાય છે તેનો મેં મારા જીવનમાં અનુભવ કર્યો છે.

'ગુરુર બ્રહ્મા' એ કોઈ વ્યક્તિ વિશેષનું નામ નથી બ્રહ્મા એ સર્જનાત્મક શક્તિનું નામ છે. મનુષ્યે વારંવાર જન્મ લીધો આત્મસાક્ષાત્કાર મેળવ્યા બાદ મોક્ષ ત્યાં સુધી નથી મળતો જ્યાં સુધી તેને દિવ્ય શરીર મળ્યું ન હોય. હિમાલયના ગુરુઓએ અનેક વર્ષો સાધના કરી,તેમનો ઉદેશ્ય એ હતો કે આત્મસાક્ષાત્કાર સામાન્ય લોકો સુધી પહોંચે.વધુમાં તેમણે જણાવ્યું કે સમાજમાં રહીને પણ આધ્યાત્મિક પ્રગતિ કરી શકાય છે. સ્ત્રી કે પુરુષ એ શરીરનો ભેદ છે ભીતરની યાત્રા સમાન છે. આત્માને જન્મ આપનાર ગુરુ 'મા'છે. પ્રત્યેક ક્ષણ અહેસાસ કરો કે ગુરુ મારી સાથે છે.

'ગુરુર વિષ્ણુ' એટલે આત્મસાક્ષાત્કારની જે ઉર્જા મળી છે તેને વિકસિત કરો.વિષ્ણુના રૂપમાં આ કાર્ય પણ ગુરુ કરાવે છે.

'ગુરુર દેવો મહેશ્વર' એટલે મહેશ તમારા કર્મોને કાપે છે.ગુરુનું કાર્ય કુંભાર જેવું છે માટલાને સંપૂર્ણ આકાર આપવા બહારથી થપાટ મારે અને અંદરથી સપોર્ટ કરે છે એજ રીતે આત્મસાક્ષાત્કાર બાદ તકલીફો આવી હશે પરંતુ ગુરુ તમારું અમંગળ ક્યારેય થવા દેતા નથી.આમ ગુરુ તમારા બધા જ કર્મોને આ જન્મમાં જ કાપે છે.

'ગુરુર સાક્ષાત પરબ્રહ્મ' એટલે કે સાક્ષાત પરમાત્મા સ્વરૂપ કોઈ હોય તો તે ગુરુ છે.અંતર્મુખી બન્યા પછી પરમાત્મા મારી ભીતર છે એ અહેસાસ થશે.ફક્ત આત્મસાક્ષાત્કાર મેળવીને મોક્ષ ગ્રહણ કરી શકાશે નહીં તેના માટે રિક્ત થવું પડશે.જે મેળવ્યું છે તે વહેંચી, કર્મ મુક્ત થઈ જાવ,જ્ઞાન મુક્ત થઈ જવું એ જ મોક્ષ છે.ગહન ધ્યાન અનુષ્ઠાન સૂક્ષ્મ શરીર સાથે જોડાવાની સાધના છે.× પ્રવચન બાદ રથમાં સ્વામીજીના દર્શનનો સાધકોએ લાભ લીધો હતો. ભજનના સંગીતમય વાતાવરણમાં પાદુકાનમન અને અંતે ભોજન પ્રસાદ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા દાંડી આશ્રમ કમિટી દ્વારા જહેમત ઉઠાવવા માં આવી હતી.

દેશવિદેશના ૩૦૦૦૦થી વધુ સાધકોની ઉપસ્થિતિમાં ભવ્ય સમારોહ સંપન્ન:પૂજ્ય ગુરુમાના કરકમલો વડે પૂજ્ય સ્વામીજીના સંદેશાઓની પુસ્તિકાનું વિમોચન થયું

પૂ.માતા રમાઈ આંબેડકરની ૧૨૨મી જન્મ જયંતિની ઉજવણી

ઉત્રાણ કોમ્યુનિટી હોલમાં મહિલા સમ્મેલન

સુરત

ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ, સુરત શહેર દ્વારા ત્યાગ મૂર્તિ પૂ. માતા રમાઇ ભીમરાવ આંબેડકરની ૧૨૨મી જન્મ જયંતિ અને છત્રપતિ શિવાજી મહારાજ, સંત રોહિદાસ, સંત ગાડગે મહારાજની સંયુક્ત જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે મહિલા જાગૃતિ ચતુર્થ સમ્મેલન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન રવિવાર, ૨૩ ફેબ્રુઆરી બપોરે ૧ કલાકે કોમ્યુનિટી હોલ, આરોગ્ય કેન્દ્ર પાસે, ઉત્રાણ, સુરત ખાતે કરવામાં આવ્યું છે.

વંચીત, શોષિત, પીડિત સમાજને માન સન્માન અને સ્વાભીમાનથી જીવન જીવી શકે સમતા, મમતા અને બંધુત્વની ભાવના મજબુત કરવા માટે પોતાનું જીવન સર્મપિત કરનાર મહામાનવ વિશ્વરત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરજીને સમાજ સેવા માટે જીવનભર સાથ સહકાર આપનાર અનેક પ્રકારોના કષ્ટ સહન કરનાર ત્યાગમૂર્તિ ડૉ. બાબાસાહેબના જીવન સંગીની માતા રમાઇ આંબેડકરજીની ૧૨૨મી જન્મજયંતી અને છત્રપતિ શિવાજી મહારાજ, સંત રોહિદાસ, સંત ગાડગે મહારાજની સંયુક્ત જન્મ જયંતી ઉજવવાનું આયોજન કરેલ હોવાથી તમામ જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.

માતાના મૃતદેહને માસૂમ દીકરીએ ઉઠાડવાનો પ્રયાસ કર્યો, પરિવારે પણ તરછોડી

ભરૂચ

ભરૂચ દાંડિયા બજાર વિસ્તારમાં એક મહિલા ભીખ માંગીને પોતાનું અને પોતાની માસૂમ બાળકીનું ગુજરાન ચલાવતી હતી. અને જ્યાં જગ્યા મળે ત્યાં માસુમ દીકરી રાત પસાર કરતી હતી. આ મહિલા ભરૂચ સિવિલ હોસ્પિટલમાં તેની ૩ વર્ષની દીકરીને નોંધારી મૂકીને અંતિમ શ્વાસ લીધા હતા. માતાના મૃત્યુથી અજાણ ૩ વર્ષની દીકરી માતા પાસે બેસીને રડતા-રડતાં મોતના બિછાને પડેલી માતાને ઉઠાડવાનો પ્રયાસ કરતી હતી. હોસ્પિટલમાં મોતના બિછાને પડેલી માતા પાસે બેસીને હૈયાફાટ રૂદન કરી રહેલી માસુમ દીકરીએ ઉપસ્થિત લોકોને હચમચાવી નાંખ્યા હતા. પરિવારે પણ બાળકીને માતાના મૃતદેહ સાથે તરછોડી દીધી હતી.

ભરૂચ સિવિલ હોસ્પિટલમાં બનેલી આ ઘટનાની જાણ હોસ્પિટલમાં જ સેવાકીય પ્રવૃત્તી કરતા ધર્મેશભાઈ સોલંકીને થતાં તુરંત જ તેઓ સ્થળ પર પહોંચી ગયા હતા. ધર્મેશભાઈ મૃત્યુ પામેલી માતા પાસે બેસીને રડતા-રડતા માતાને ઉઠાડી રહેલી માસૂમ દીકરીનું કલ્પાંત જોઈને તેઓ પણ એક તબક્કે સ્તબ્ધ થઈ ગયા હતા. ધર્મેશભાઈ સોલંકી ભીખ માંગીને પેટીયું રડનાર મહિલા અને તેની માસુમ બાળકી પ્રિન્સીના વારસદાર બન્યા હતા. મહિલાની અંતિમવિધી પૂરી કરી હતી. ત્યારબાદ માતાની છત્રછાયા ગુમાવી દેનાર માસુમ પ્રિન્સીને સરકારી સંસ્થામાં મોકલવાની કાર્યવાહી હાથ ધરી છે.

પુણાગામ બસ સ્ટેન્ડ નજીક કચરાના પોટલા ખડકી દેવાયા

કચરાની ગાડીઓ રસ્તા પર કચરામાંથી પ્લાસ્ટિક છૂટુ પાડે છે

સુરત

મહાનગરપાલિકાએ તાજેતરમાં જ સ્વચ્છતા સર્વેક્ષણ પ્રક્રિયાને ધ્યાનમાં રાખી મોટા ઉપાડે ખર્ચ કરી શહેરને સ્વચ્છ રાખવા પ્રયાસો કર્યા હતાં. જોકે, આ પ્રક્રિયા પૂર્ણ થયાના ગણતરીના દિવસોમાં જ ફરી જાહેર માર્ગો ગંદકીનાં પર્યાય બની ગયાં છે. પુણાગામના તળાવ નજીક બનેલાં સિટી બસ સ્ટેન્ડ બસની રાહ જોતાં મુસાફરોને તીવ્ર દુર્ગંધના કારણે નાક દાબીને ઊભા રહેવું પડી રહ્યું છે.

વિસ્તારની કચરા ગાડીઓ પ્લાસ્ટિક છૂટું પાડવાની લહાયમાં કચરાના પોટલા સિટી બસ સ્ટેન્ડ પાસે જ ઠાલવી જાય છે. જેના લીધે સ્થાનિક સહિત મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

લાખો રૂપિયાના ખર્ચે બનેલાં સિટી બસ સ્ટેન્ડનો ઉપયોગનાં બદલે દૂરૂપયોગ થઈ રહ્યો છે. કેટલાક બસ સ્ટેન્ડ પર કાયમી દબાણો થઈ ગયાં છે, જે દૂર થતાં નથી તો કેટલાક બસ સ્ટેન્ડ પર પરિવારો રહેવા લાગ્યા છે.

પુણાગામ તળાવ નજીકના બસ સ્ટેન્ડ પાસે હવે બસ ઊભા રહેવાની જગ્યાએ રોજ કચરા ગાડીઓ ઊભી રહે છે અને કચરો ભરેલાં પોટલાઓ ખાલી થાય છે. અહીં પ્લાસ્ટિક છૂટું પાડવાની લહાયમાં રોજ ગંદકી ખડકાતી હોવાના લીધે રાહદારીઓ, મુસાફરો અને સ્થાનિકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

૩૦ વર્ષ જૂના ત્રણ લાખ મેટ્રિક ટન કચરાનો નિકાલ, ૧૩ એકર જમીન ખુલ્લી કરાઈ

વડોદરા

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અટલાદરા ખાતે બાયો રેમીડીએસન પ્રોજેક્ટ હેઠળ આશરે ત્રણ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટ એટલે કે વર્ષોથી જામેલો કચરો બાયો રેમીડીએશન પ્રક્રિયા પ્રમાણે વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવ્યો છે.

ત્રણ લાખ મેટ્રિક ટન કચરાના નિકાલ બાદ આશરે ૧૩ એકર જમીન ખુલ્લી કરવામાં આવી છે. કોર્પોરેશનના અટલાદરા ખાતેના કમ્પોસ્ટ પ્લાન્ટની બહાર જમા થયેલા લેગસી વેસ્ટને નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના હુકમ મુજબ બાયો રેમીડીએશન પ્રક્રિયા દ્વારા પ્રોસેસ કરી નિકાલ કરવાનો છે.

તમિલનાડુની એક કંપનીને આની કામગીરી સોંપાઈ છે. જેણે જુલાઇ ૨૦૧૮થી કામગીરી શરૂ કરી છે. ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં ત્રણ લાખ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરી ૧૭ એકરમાંથી ૧૩ એકર જમીન ખુલ્લી કરી છે. હજી આ સ્થળે ૭૫ હજાર મેટ્રિક ટન લેગસી કચરો પડ્યો છે. જેનો આજ પદ્ધતિથી નિકાલ કરવો જરૂરી છે.

પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના હુકમ મુજબ ૧૨૦ દિવસમાં આ કચરાનો નિકાલ કરી જમીન લેવલીંગ કરી કોર્પોરેશનને જમીન સુપરત કરી દેવાની કામગીરી તમિલનાડુની આજ કંપનીને સોંપવા સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત રજૂ થઈ છે.



ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટ ઓફ ધી ઈન્ડિયા દ્વારા ડિસેમ્બર-૨૦૧૯માં લેવાયેલી સીએમએ ફાઉન્ડેશન, ઈન્ટરમીડિયેટ અને ફાઈનલ પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. પરીક્ષામાં સિમ્પલી શિક્ષા કોચિંગ ક્લાસના વિદ્યાર્થીઓ સુરત અને રાષ્ટ્રીય કક્ષાએ ઝળક્યા હતા. કોચિંગ ક્લાસના સંચાલક તરૂણ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ કુશાગ્રં જગદીશ તાપટીયા ઓલ ઈન્ડિયા ૨૫મો ક્રમ અને ઈન્ટર મીડિયેટમાં સુશાલી ગાંધી ૪૬માં ક્રમ સાથે ઝળક્યા હતા. તરૂણ અગ્રવાલે જણાવ્યું હતું કે, સિમ્પલી શિક્ષા કોચિંગ ક્લાસમાં આપવામાં આવતા માર્ગદર્શનને કારણે કુશાગ્ર તાપટીયા, યશ જૈન, જ્યારે ઈન્ટર મીડિયેટમાં સુશાલી ગાંધી, કૃષ્ણા સોની, ફાઉન્ડેશનમાં યશ્વી શાહ અને અંશ જૈન સુરત શહેરના ટોપ-૩માં ઝળક્યા હતા.

ટ્રમ્પના કાર્યક્રમનું કવરેજ કરવા જતી ન્યૂઝ ચેનલની ઓબી વાનમાંથી દારૂ ઝડપાયો

દમણ

વાપી ટાઉન પોલીસે નેશનલ ન્યુઝ ચેનલ રિપબ્લિક ભારતની ઓબી વેનમાં દમણથી નવ બોટલ દારૂ લઈને જતા ચેનલના મીડિયાકર્મી તથા તેના ચાલકને ઝડપી પાડી તેની સામે ફેજદારી નોંધી ધરપકડ કરી હતી. વાપી ટાઉનના પોલીસ કર્મી ક્રિપાલસિંહ જામસંગ, કનકસિંહ દોલુભાઈ તથા ગનુભાઈ અરજણભાઈ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે, દમણ તરફથી એક ટાટા ૪૦૭ ઓબી વેનમાં દમણથી દારૂ ભરી વાપી તરફ લઈ જવાઈ રહ્યો છે. તેથી ડાભેલ ચેકપોસ્ટ પાસે પોલીસની ટીમ ઉભી રહી હતી. દરમિયાન બાતમી વાળી ઓબી વેન (નં. યુ.પી.૧૬ ઈટી ૩૪૨૧)ને રોકી તેની તલાસી લેતા અંદરથી દારુની નવ બોટલ (કિંમત રૂપિયા ૩૯૦૦) મળી હતી. આ દારુ અંગે ચાલક પાસે પાસ પરમિટ મળી ન હતી. તેથી પોલીસે આ મીડિયાકર્મી વિનાયક શાંતારામ ગોરીવલે અને જગદીશ ચોથમલ રાઠોડને પુચ્છા કરતા તેઓ આ દારૂ પીવા માટે લઇ જઇ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

પોલીસે તેમની પાસેથી મોબાઇલ નંગ ત્રણ તથા દારૂ મળી રૂા. ૧૪૪૦૦ તથા ઓબી વેન (કિંમત રૂપિયા ૫ લાખ)નો મુદ્દામાલ જમ કરી બંને ની અટક કરી હતી. પોલીસે આરોપી સામે પ્રોહી.ની એક્ટ ૬૬(એ) તથા ૯૮(૨) ૮૧ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નેશનલ ન્યુઝ ચેનલના મીડિયા કર્મી ઓબી વેનમાં દારુ સાથે ઝડપાયા તે વાત સમગ્ર નગરમાં ચર્ચાનો વિષય બની ગઈ હતી. આ નેશનલ ન્યુઝ ચેનલના કર્મી મહારાષ્ટ્રથી અમદાવાદ અમેરિકા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતના કાર્યક્રમના કવરેજ માટે જઈ રહ્યા હોવાની વિગતો મળી રહી છે.

ગોડાઉનમાં લૂંટારૂ ટોળકી ત્રાટકી, ચાર લાખથી વધુની મતા લૂંટી ફરાર

વડોદરા

વડોદરા નજીક નેશનલ હાઈવે પર આવેલા વિરાટ એસ્ટેટ ખાતેના એક ગોડાઉનમાં વહેલી સવારે ત્રાટકેલા બુકાનીધારી લુટારુઓ ચાર લાખથી વધુ કિંમતની મતા લૂંટી ફરાર થઈ ગયા હતા.

ગોડાઉનનો કર્મચારી સલમાન મોહમ્મદ રફી દર ગોડાઉનના માલિકની કેબીનમાં ઊંઘતો હતો ત્યારે મળસ્કે ચાર વાગ્યાની આસપાસ ચાર લૂંટારૂઓ ત્રાટક્યા હતા. આ લૂંટારૂઓએ તું પડા રહે તેરે કો કુછ નહિ કરેંગે લોકરકી ચાવી દે દે એમ કહી માર મારી હાથ-પગ બાંધી દીધા હતા.

લૂંટારૂઓએ ગોદરેજની તિજોરી ગેસ કટરથી તોડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ સફળતા મળી ન હતી. બાદમાં લૂંટારૂઓ મોબાઈલ ફોન, બેંડ વોચ અને મારૂતી સ્વીફ્ટ કાર મળી ચાર લાખથી વધુની મતા લૂંટી ફરાર થઈ ગયા હતા.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

તિલકવાડાના ગમોડ ગામના કનુભાઈ બારીયાની હત્યા બીજી પત્નીના પ્રેમી એ કરી હોવાનું ખુલ્યું : હત્યારાને ઝડપી પાડતી નર્મદા LCB

બે દિવસ પહેલા કનુભાઈ બારીયા બાઈક ઉપર પોતાના ખેતરે જતા હતા ત્યાં અજાણ્યા વ્યક્તિએ હુમલો કરતા મોત થયું હતું.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના ગમોડ ગામના ખેડુતને માથામાં મારી અજાણી વ્યક્તિએ મોત ને ઘાટ ઉતાર્યા હોય નર્મદા પોલીસ વડા હિમકર સિંહ ની સૂચના બાદ ન્ઝમ્ ટીમે તપાસ શરૂ કરતાં મરનારની બીજી પત્ની સાથે આડો સંબંધ રાખનાર પ્રેમી એજ હત્યા કરી હોવાનું તપાસ માં બહાર આવતા પોલીસે કાયદેસર કાર્યવહી હાથ ધરી છે.

તિલકવાડા તાલુકાના ગમોડ ગામના કનુભાઈ બારીયા પોતાની બાઈક ઉપર ખેતરે જતા હતા ત્યારે અજાણ્યા વ્યક્તિ એ હુમલો કરતા તેમનું મોત થયું એ બાબતે ગુનો નોંધાયો હોય આ તપાસ નર્મદા એલસીબીને સોંપતા એ. એમ. પટેલ, પી. આઈ. એલ.સી.બી.તથા સી. એમ. ગામીત, પીએસઆઈ. એલ. સી.બી.તથા એલ. સી. બી ટીમે તપાસ દરમિયાન બનાવના સ્થળે ખેતરમાં કામ કરતા લોકો તથા અન્યની પુછપરછ દરમ્યાન માહીતી મેળવી જેમાં મૃતક કનુભાઈ નાગજીભાઈ બારીયાની બીજી ઘરવાળી સાથે ગમોડ ગામના પ્રવિણસિંહ ભારતસિંહ પારખીયાના છેલ્લા ત્રણ વર્ષથી આડા સબંધ હતા તેની કનુભાઈને જાણ થતા બંને વચ્ચે મનદુખ હોય પ્રવિણસિંહ પારખીયાએ કનુભાઈ ને માથામાં પથ્થર મારી હત્યા કરી હોવાનું એલસીબી ની તપાસમાં પ્રવિણસિંહ પારખીયાએ કબુલ કરતા પોલીસે હત્યાના ગુનામાં પ્રવિણસિંહ પારખીયાની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરી છે.

કાવી કંબોઈ મહાશિવરાત્રીના મેળામાં પાંચ શકમંદોને કાર અને મોબાઈલો સાથે ઝડપી પાડતી ભરૂચ LCB



ભરૂચ જીલ્લા અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી જીલ્લામાં ગુન્હાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા આપેલ સુચના ના આધારે ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા ના માર્ગદર્શન મુજબ એલ.સી. બી.ટીમે મેળામાં અલગ અલગ ટીમો બનાવી વોચ રાખી હતી જે પૈકી ભરૂય એલ.સી.બી.ની ટીમને મળેલ માહિતી આધારે મેળામાંથી એક ઈક્કો ગાડી નંબર પ્લ ૦૬ ૬૬ૐ ૬૦૬૨ માં પાંચ વ્યક્તિઓને ૧૦ જેટલા એન્ડ્રોઈડ મોબાઈલ સાથે ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે કાવી પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવ્યા છે. ધરપકડ કરેલ શંકાસ્પદ વ્યક્તિઓમાં (૧) મકસુદ ગુલામ રસુલ રહે.ભાગલીવાડ જંબુસર (૨) સાજીદ રસુલ મલેક રહે-ભાગલીવાડ જંબુસર (૩) હસન અલી પટેલ રહે-ટંકારી ભાગોર જંબુસર(૪)યાસીન હસન સિંધી રહે. સંતોષી માતા મંદિર પાછળ, સબ જેલ રોડ ભરૂચ(૫) જીગ્નેશ જયંતીભાઈ ગોહીલ રહે-અંદાડા મારૂતી નંદન સો.જી. ભરૂચને ૧૦ જેટલા અલગ અલગ કંપનીના એન્ડ્રોઈડ મોબાઈલ સાથે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી છે.

નાંદોદના વેરીસાલપુરા ગામની પરણિત મહિલાને બેભાન કરી બળાત્કાર કરતા ચકચાર : ગામના જ યુવાન વિરુદ્ધ ફરિયાદ

મહિલાને તાંત્રિક વિધીથી વશમાં કરી નજીકના કોતરમાં લઇ ગયા બાદ બેભાન કરી બદકામ કર્યું હોવાની ફરિયાદ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં એક બાદ એક હત્યા બળાત્કાર ની ઘટના સામે આવતા ગુનાનું પ્રમાણ વધતું જોવા મળે છે જોકે નર્મદા એલસીબી સહિતની પોલીસ ટીમો ગણતરીના દિવસોમાં ગુનેગાર ને ઝડપી પાડે છે છતાં નવા મોટા ગુના પોલીસ ચોપડે નોંધાય જ છે.જેમાં નાંદોદના વેરીસાલપુરા ગામમાં બળાત્કાર નો ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદ તાલુકાના વેરીસાલપુરા ગામની પરણિત મહિલાને બેભાન કરી બળાત્કાર કાર્યની ફરિયાદ નોંધાઈ હોય આ ફરિયાદ મુજબ વેરીસાલપુરા ની એક પરણિત મહિલાને તેના ગામનો શેલાભાઈ ભોગીલાલ વસાવા એ મહિલા ઘરના વાડા માં એકલી હતી ત્યારે તેની પર દાણા નાખી તાંત્રિક વિધી કરી પોતાના વશમાં કરી પોતાની પાછળ પાછળ જંગલ ઝાડી વાળા કોતરમાં તેડી લઈ ગયા બાદ બેભાન કરવાનું પ્રવાહી સૂંઘાડી બેભાન કરી બદકામ કરી તેને એકલી જંગલ ઝાડીના કોતરમાં નગ્ન અવસ્થામાં છોડી ભાગી છૂટ્યો હતો.આ બાબતે ભોગ બનનાર મહિલા એ રાજપીપળા પો.સ્ટે.માં શેલા વસાવા વિરુદ્ધ ફરિયાદ કરતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.તપાસ રાજપીપળા ટાઉન પીઆઈ આર.એન. રાઠવા કરી રહ્યા છે.

રાજપીપળાના યુવાનની આડા સંબંધમાં હત્યા મામલે પોલીસે ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કર્યું

- **નર્મદા અને વડોદરા જિલ્લા પોલીસે મળી ૨ કલાક હત્યાની ઘટનાનું રી કન્સ્ટ્રક્શન કર્યું, હત્યામાં વપરાયેલ કોદાળી, દોરી, પથ્થર અને મોબાઈલ પાવર બેન્ક પોલીસે જપ્ત કર્યું.**
- **આરોપીઓના ૫ દિવસના રિમાન્ડ મંજુર થયા છે.રિમાન્ડ પુરા થયા બાદ આ ઘટનામાં કેટલું તથ્ય છે એ સામે આવી શકે છે**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



રાજપીપળાનો પરિણીત યુવાન સુનિલ ઉમંગ વસાવા ૧૫ મી ફેબ્રુઆરીએ ગુમ થયો હતો.બાદ ૧૯મી એ સવારે એ યુવાનનો નાંદોદ તાલુકાના વાઘેથા ગામના એક ખેતરમાંથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે.દરમીયાન પોલીસ તપાસમાં વાઘેથા ગામની નૈના વસાવા સાથે આડા સંબંધમાં વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના દામાપુરા ગામના અને હાલ નાંદોદ તાલુકાના વાઘેથા ગામમાં રહેતા જયદીપસિંહ બળવંતસિંહ માંગરોલાએ પોતાની રખાત નૈના વસાવા સાથે મળી સુનિલની હત્યા કરી હોવાનું બહાર આવતા બન્નેવ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા જિલ્લાના ડભોઈ પોલીસ મથકના ડીવાયએસપી કે.વી.સોલંકી, નર્મદા જિલ્લાના આમલેથા પોલીસ મથક ના પીએસઆઈ એસ.ડી.પટેલ સહિત પોલિસ ટીમે ૨૧ મી ફેબ્રુઆરીએ આરોપીઓ સાથે હત્યાની ઘટનાનું રી કન્સ્ટ્રક્શન કર્યું હતું.પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ લગભગ ૨ કલાક ચાલેલા રી કન્સ્ટ્રક્શન દરમિયાન પોલીસને હત્યામાં વોરાયેલી કોદાળી, દોરી, પથ્થર અને મોબાઈલનું પાવરબેન્ક આરોપી મહિલાના ઘરમાંથી મળી આવ્યું હતું.આ તમામ સાધનો પોલીસે જપ્ત કર્યા છે. આરોપીઓના ૫ દિવસના રિમાન્ડ મંજુર થયા છે.રિમાન્ડ પુરા થયા બાદ આ ઘટનામાં કેટલું તથ્ય છે એ સામે આવી શકે છે.

યુએમ રોડ પર ફ્લેટનો દરવાજો લોક થઈ જતા યુવક ફસાયો

મધરાત્રે ફાયર બ્રિગેડે દરવાજાનું લોક તોડી યુવકને બહાર કાઢ્યો

સુરત

ઉધના મગદલ્લા રોડ નવજીવન સર્કલ નજીક હોમિયોપેથિક કોલેજ નજીક રાધાક્રિષ્ણા એપાર્ટમેન્ટમાં દરવાજો લોક થઈ જતાં યુવક રૂમમાં ફસાઈ ગયો હતો. પરિવારના સભ્યો દ્વારા ફાયર વિભાગને જાણ કરી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ રાત્રે સાડા બાર વાગ્યાના સુમારે ઉધના મગદલ્લા રોડ નવજીવન સર્કલ પાસે રાધાક્રિષ્ણા એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં.૨૦૫માં રહેતો યુનિક અરવિંદ જૈન ઉ.વ.૧૩ પોતાના રૂમમાં જ દરવાજો લોક થતાં ફંસાઈ ગયો હતો. ભારે મહેનત બાદ પણ દરવાજો ન ખુલતા પરિવારના સભ્યો દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર ઓફિસર સોનવણે સ્ટાફ સાથે ઘટના સ્થળે જઈ દરવાજાનું લોક તોડીને અંદર ફંસાયેલા યુવકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો.

જૈન સમુદાયની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા ખોટા ઠરાવો વાયરલ કરતા ફરિયાદ નોંધાઈ

સુરત

સુરતના અડાજણ સ્ટાર બજારની સામે ગુરુ રામપાવન ભૂમિ ખાતે ગત ૧૭મીથી ૧૯ મી દરમિયાન જૈન સમુદાયમાં તપાગચ્છીય પ્રવરસમિતિ અને સ્થવીર સમિતિના ૬ પૂજ્ય ગચ્છાધિપતિ ગુરુ ભગવંત સહિત ૩૬ આચાર્ય ભગવંતોના સાંનિધ્યમાં શ્રી સંઘહિત ચિંતા માટે સ્નેહ મિલન ચિંતન બેઠક યોજાઈ હતી.

બેઠકમાં ગચ્છાધિપતિ ગુરૂ ભગવંત અને આચાર્ય ભગવંતો તેમજ ૩૦૦ જેટલા સાધુ ભગવંતોએ રજૂ કરેલા વિચારોના આધારે જે નિર્ણય લેવાયા હતા તેની જાણ ૧૯ મી ના રોજ પ્રવચન સભામાં તમામ શ્રાવકોને કરવામાં આવી હતી. દરમિયાન, તે સાંજે જ અઠવાલાઈન્સ લાલ બંગલાની સામે અંજન સલાકા એપર્ટમેન્ટમાં રહેતા અને મેઘમયુર રિવ્યૂએબલ એનર્જીના નામે ઘોડદોડ રોડ ખાતે ઓફિસ ધર=ધરાવતા ૫૯ વર્ષીય ડો.સંજયભાઈ બિપીનચંદ્ર શાહને રામપાવન ભૂમિના આચાર્ય મોક્ષરત્ન સૂરીસ્વરજીના શ્રાવક દિવ્યેશભાઈ નવસારીવાલાએ ફોન કરી બોલાવતા તે ત્યાં ગયા હતા.

ત્યાં આચાર્યએ જણાવ્યું હતું કે સભામાં પ્રવરસમિતિ દ્વારા કોઈ ઠરાવ બહાર પાડવામાં આવ્યા નથી છતાં વ્હોટ્સએપ ઉપર બે પાનાંનો ઠરાવ તપાગચ્છીય પ્રવરસમિતિ અને સ્થવીર સમિતિના લેટરપેડ ઉપર આચાર્યોની સહી સાથે ફરી રહ્યો છે. આ હકીકતના આધારે સંજયભાઈએ આજરીજ ચિંતન બેઠકમાં જે ઠરાવો થયા ન હતા તે ઠરાવો તપાગચ્છીય પ્રવરસમિતિ અને સ્થવીર સમિતિનો ખોટો લેટરપેડ બનાવી બે પાનાંમાં લખી આચાર્યોની ખોટી સહી કરી સોશ્યલ મીડિયામાં વાયરલ કરનાર મોબાઈલ નંબર ધારક વિરુદ્ધ અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ પીઆઈ જે.બી.બુબડીયા કરી રહ્યા છે.

નવી સિવિલ હોસ્પિટલમાં

પીએમ રૂમની ચાવી લઈ સર્વન્ટ રાત્રે ઘરે ઉંઘવા જતો રહ્યો

લાશ કોલ્ડ રૂમમાં મુકવા દોઢ કલાકની રાહ જોયા બાદ તાળુ તોડવું પડ્યું

સુરત

સિવિલ હોસ્પિટલમાં મૃતદેહ લગભગ દોઢ કલાક સુધી રઝળતો રહ્યો હોવાનું સામે આવતાં વિવાદ સર્જાયો હતો. શુક્રવારે રાત્રે મૃતદેહને સિવિલમાં લવાયો હતો. પીએમ રૂમની ચાવી ન હોવાથી પરિવાર ધક્કે ચઢ્યું હતું. બાદમાં પીએમ રૂમનું તાળું તોડીને મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો હતો. પરિવારના સભ્યોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, તબીબોએ સહકાર નહોતો આપ્યો.

નવી સિવિલ હોસ્પિટલ ખાતે શુક્રવારે રાત્રે રાવ સાહેબ રાવ પાટીલ (ઉ.વ.આ.૫૦) રહે વિનોબા નગર ઉધનાનો મૃતદેહ પીએમ માટે લાવવામાં આવ્યો હતો. માઈગ્રેન અને લિવરની બીમારીથી પીડાતા રાવ સાહેબના મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં મુકવાનો હતો. જો કે પીએમ રૂમની ચાવીને લઈને પરિવારને ધક્કે ચઢાવવામાં આવ્યાના આક્ષેપ સાથે પરિવારના સભ્યોએ કહ્યું કે, દોઢેક કલાકના અંતે સર્વન્ટે પથ્થર મારીને પોસ્ટ મોર્ટમ રૂમનું તાળું તોડ્યું હતું જેનો પરિવારે વીડિયો બનાવ્યો હતો. સાથે જ મેડિકલ ઓફિસર અને સિવિલ તંત્રએ સહકાર ન આપ્યાનો આક્ષેપ કર્યો હતો.

પીસીબી અને પાંડેસરા પોલીસના દરોડામાં ૧૭ જુગારીઓ પકડાયા

નિલગીરી મહાપ્રભુનગર સોસા.માંથી જુગારીઓ ઝડપાયા

સુરત

પીસીબી અને પાંડેસરા પોલીસે અલગ અલગ સ્થળે દરોડા પાડી જુગાર રમતા ૧૭ જુગારીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પીસીબી પોલીસે મળેલી બાતમીના આધારે લીંબાયત નિલગીરી રોડ પ્રભુનગર સોસાયટી પ્લોટ નં.૧૬ના ધાબા ઉપરના રૂમમાં જુગાર રમતા દિનેશ ટેમ્પો, જ્ઞાનેશ્વર ધનગર, પ્રવિણ પાટીલ, જ્ઞાનેશ્વર દુર્યોધન, પુંડલીક શિન્દે, દિપક આનંદાની ધરપકડ કરી પાંચ મોબાઈલ પોન, રોકડા મળી કુલ રૂપિયા ૩૮૫૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પાંડેસરા પોલીસે સિદ્ધાર્થનગર શ્રીક્રિષ્ના મંદિરની બાજુમાં જુગાર રમતાં પ્રેમચન્દ્ર કેવટ, અક્ષય બિરબલ, દિનેશ શ્રીપાલ, સંજય નિશાદ, કશ્યપ ઉમાશંકર, સતીષ ગુમા, છોટા શિવબલી, મનોજ જંગબહાદુર, લાલમન નિશાદ, સુરજભાન કેવટ, બિરબલ નિશાદની ધરપકડ કરી ૭ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ રૂા.૧૭૫૦૦ની મતા કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઉધના વિનાયક નગરમાં સળગી જઈ યુવકે કરેલો આપઘાત

કતારગામનો યુવક ઘરમાં ફાંસીએ લટકી ગયો

સુરત

સુરત શહેરના ઉધના અને કતારગામ વિસ્તારમાં બે યુવકે અગમ્ય કારણસર આપઘાત કર્યો હતો.

પ્રથમ બનાવમાં ઉધના વિનાયક નગરમાં રહેતો સાગર સંતોષ મહાજને (ઉ.વ.૨૪) જાતે કેરોશીન છાંટી આગ ચાંપી સળગી જતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યું થયું હતું.

બીજા બનાવમાં કતારગામ દિવ્યજ્યોત સોસાયટીમાં રહેતાં ધ્રુવિન સુરેશ સોનાણી (ઉ.વ.૨૨)એ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ધ્રુવિન સોનાણીએ પોતાના ઘરમા જ ફાંસી ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

ઉપરોક્ત બન્ને આપઘાતના કિસ્સાઓમાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી તપાસ હાથ ધરી ચે. બન્ને આપઘાતના કિસ્સાઓની પ્રાથમિક તપાસમાં આપઘાત કરી લેવા અંગના કારણો સ્પષ્ટ થયા નથી.

સૂર્યા મરાઠી હત્યા કેસ : જુદા જુદા ટોલનાકા પર પોલીસે તપાસ કરી

વાહનોના નંબરોના આધારે ટોલનાકા પરના સીસીટીવી ફુટેજ મેળવવાના પ્રયાસો

સુરત

સૂર્યા મરાઠા હત્યા કેસમાં સંકળાયેલા ૪ આરોપીઓની શોધખોળ માટે પોલીસે મેળવેલા વાહન નંબરના આધારે ટીમ બનાવી વિવિદ ટોલનાકાઓ પર મોકલી સીસીટીવી ફુટેજ તથા અન્ય જરૂરી વિગતો મેળવવાના ચક્રોગતિમાન કર્યા હોવાનું ચોક બજાર પોલીસ મથકના પીઆઈ આનંદ ચૌધરીએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેડરોડ પર આવેલા અખંડ આનંદ કોલેજ પાસેના ઓમ સાંઈ એપાર્ટમેન્ટની ઓફિસમાં સૂર્યા મરાઠીની હત્યા કરી નાંખવામાં આવી હતી. ચોક બજાર પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હત્યા કર્યા બાદ ૬ થી ૭ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. વાહનો સાથે ગયેલા આરોપીઓની શોધખોળ કરવા માટે મેળવેલ વાહનોના નંબરથી પોલીસે વિવિધ ટીમો બનાવી જુદા જુદા ટોલનાકાઓ પર મોકલી આપી હતી.

ઈચ્છાપોર ગામમાં વૃદ્ધે કરેલી આત્મહત્યા

ચોર્યાસી તાલુકાના ઈચ્છાપોર ગામ ખાતે એક વૃદ્ધે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ ઈચ્છાપોર પોલીસ મથકમાં નોંધાતા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચોર્યાસી તાલુકાના ઈચ્છાપોર ગામ ખાતે સુંદરભાઈ મોરાભાઈ લાડ રહે છે. ગતરોજ ૬૯ વર્ષના સુંદરભાઈએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ખેતરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પુત્ર મુકેશ લાડે ઈચ્છાપોર પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે મૃતદેહનો કબજો લઈ સિવિલ હોસ્પિટલમાં પીએમ માટે મોકલી આપ્યો હતો.

દક્ષિણ ગુજરાતમાં રાત્રિ સમયે ઠંડી અને દિવસે બળબળતો ઉનાળો

સુરતમાં લઘુત્તમ ૧૮ અને મહત્તમ ૩૨ ડીગ્રી તાપમાન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર સર્જાયો છે. રાત્રિના સમયે ઠંડો પવન ફુંકાય છે. જ્યારે દિવસે બળબળતા તાપનો સામનો કરવાની ફરજ પડી રહી છે. આગામી દિવસોમાં ઉત્તર દિશાથી પવન ફુંકાવવા છતાં ગરમીનો પારો વધે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૨.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૮.૨ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૬ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે.

નવસારીમાં અધિકતમ તાપમાન ૩૧.૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫.૫ ડીગ્રી નોંધાયું છે. સવારે ભેજનું પ્રમાણ ૯૪ ટકા જેટલુ થતા ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે ઠંડકનો અનુભવ થયો હતો.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી રાત્રે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. જ્યારે દિવસ દરમ્યાન ગરમીનો અનુભવ થાય છે. આગામી દિવસોમાં તાપમાન વધે તેવી શક્યતા છે. શિયાળો પુરો થતા હવે ધીરે ધીરે ઉનાળાની શરૂઆત થવા જઈ રહી છે. ઉત્તર દિશાથી હાલ ઠંડો પવન ફુંકાય છે. પરંતુ ઉત્તર ભારતમાં પણ હવે ઠંડીનું પ્રમાણ ઘટવા માંડ્યું છે.